

# ધિંગી ધરા ઝાલાવાડ ધ્રાંગધ્રા





## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર






## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર

**અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા**
**તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા**
**સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા**

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રી બી.એમ. મેટાલિયા
ડૉ. ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી ભરતભાઈ પુરોહિત (TPEO)
શ્રી જીજ્ઞેશભાઈ પટેલ (BRCC)
શ્રી ચેતનભાઈ ચાવડા (CRCC)
શ્રી મહેન્દ્રભાઈ જોશી (CRCC)
શ્રી અમૃતલાલ આલ (CRCC)
શ્રી રમેશભાઈ ભડ (ગઢવી) (ધ્રાંગધ્રા-૨)
શ્રી નવઘણભાઈ સાંબડ (સાહિત્યકાર)
શ્રી ભરતભાઈ મહકાણા (નારીચાણા)
શ્રી રીતેશભાઈ જાદવ (સુલતાનપુર)
શ્રી ગોપાલભાઈ ઠાકર (વીરેન્દ્રગઢ)
શ્રી મહેન્દ્રસિંહ જાદવ (કંકાવટી)
શ્રી અરવિંદભાઈ શાહ (રાજસીતાપુર)
શ્રી રાજદીપસિંહ જાડેજા (બાળા)
શ્રી મનોજ ઈન્દ્રવદન આચાર્ય (ઈતિહાસવિદ્)
શ્રી ગોપાલભાઈ બારોટ (લોકસાહિત્યકાર)
શ્રી સંજયસિંહ ઝાલા (ઈતિહાસવિદ્)
શ્રી મયૂરધ્વજસિંહ ઝાલા (ઈતિહાસવિદ્)
શ્રી લક્કીરાજસિંહ ઝાલા (ઈતિહાસવિદ્)
શ્રી દીપેન્દ્રસિંહ વાઘેલા (સવલાણા)
શ્રી બિપીનભાઈ પટેલ (ધ્રાંગધ્રા)

ધરમ વડેરા ધામ જ્યાં કરમ વડેરી વાત
જ્યાં જન્મ્યા અદના આદમી તુને ધન ધન ઝાલાવાડ

'પલાશ' મુખપત્રના માધ્યમથી આપ સૌને મળતાં આનંદ અનુભવું છું. ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા 'પલાશ' મુખપત્રના માધ્યમથી NEP 2020 અંતર્ગત સાહિત્યનિર્માણ કરવાનો એક નમ્ર પ્રયાસ કરી રહ્યાં છીએ.

NEP 2020માં Section-4 અભ્યાસક્રમ અને પદ્ધતિશાસ્ત્ર (Curriculum and Pedagogy) તથા Section 4.23 અને ભારતીય જ્ઞાનપ્રણાલી (Indian Knowledge Systems) જેવાં મુદ્દાઓમાં સ્થાનિક પર્યાવરણ, ઈતિહાસ, સંસ્કૃતિ, સ્થાનિક સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજ સાથે જોડાયેલ બાબતોને વિદ્યાર્થીઓને શીખવવા માટે સૂચિત કરેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ની સૂચિત ભલામણોને ધ્યાને રાખી ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા આપણા જિલ્લાના પ્રદેશ પ્રમાણેના વિશેષાંક બનાવવાની શૃંખલામાં 'વઢવાણની પરકમ્મા' (વઢવાણ), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૧ ચોટીલા-થાનગઢ), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૨ મૂળી), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૩ સાયલા), 'નળ, નદી ને ભાલ' (લીંબડી-ચુડા), 'ખારો-પાટ મીઠા'શનો મલક' ॥ દસાડા ॥ (પાટડી) તથા 'મોતીસર' (લખતર) પ્રગટ કરી ચૂક્યા છીએ. જે શૃંખલામાં 'ધિંગી ધરા ઝાલાવાડ' (ધ્રાંગધરા) પ્રગટ કરી રહ્યાં છીએ. 'ધિંગી ધરા ઝાલાવાડ' (ધ્રાંગધરા) તાલુકાના ધો. 6 થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકોને સંદર્ભ સાહિત્ય તરીકે પૂરક બની રહેશે તેવી શ્રદ્ધા છે.

ધ્રાંગધરા એ પ્રાચીન-અર્વાચીન રીતે આગવો ઈતિહાસ, પર્યાવરણ અને ભૂગોળ ધરાવે છે. જેની સંસ્કૃતિ, સાહિત્ય અને સંગીત અલગ છે. આપ સૌને આ વિશેષાંક અધ્યાપનકાર્યમાં ઉપયોગી બની રહે તેવાં ઉદ્દેશ્ય સાથે 'ધિંગી ધરા ઝાલાવાડ' (ધ્રાંગધરા) આપ સૌને અર્પણ કરૂં છું.

સુરેન્દ્રનગર જિલ્લાના સ્થાનિક સાહિત્યનિર્માણની પરકમ્મા પૂર્ણ કરૂં છું, પાયો પરમ વિશ્રામ...

- **ડૉ. સી.ટી. ટૂંડિયા** પ્રાચાર્ય, ડાયેટ-સુરેન્દ્રનગર

**પત્રવ્યવહાર - સંપર્ક**

**ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦**
**મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭**

E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૨**
E-mail : dietsurendranagar@gmail.com





H.H. Jhallesvar Jayasinhji
Maharaja Sriraj
Halvad-Dhrangadhra

Ajitnivas Palace
Dhrangadhra
Gujarat 363310

September 29, 2026

Dr. C. T. Tundiya,

Principal

District Institute of Education and Training (DIET), Surendranagar,

Dear Tunduya Bhai,

I am delighted to meet you and express my happiness upon learning that the District Institute of Education and Training (DIET), Surendranagar, is undertaking the creation of local literature of Surendranagar district. A society and a nation that does not know its own history cannot create history and ultimately gets buried in the womb of time. I express my heartfelt appreciation for the work being carried out by DIET to bring our glorious heritage and identity to light. I am confident that this book will remain like a lighthouse for students. I whole heartedly welcome and appreciate this book and extend my very best wishes. I congratulate you the Principal of DIET, Dr. C. T. Tundiya, and your entire team of dedicatec young scholars.

Jaya HarshaktiMa

Jaya Jhalavad

Your.

JayaBava

Jayasinh

# ધિંગી ધરા ઝાલાવાડનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ



આપણા જિલ્લાનું નામ સુરેન્દ્રનગર પડ્યું તે પહેલા ઝાલાવાડ હતું. જે આજે પણ લોક બોલીમાં જીવંત છે. ઝાલાવાડ માટે જુના સમયમાં 'ઝલધર' અને 'ઝલખંડ' જેવા શબ્દો પ્રયોજાયા છે. રાજસ્થાનમાં પણ બે ઝાલાવાડ પ્રદેશ આવેલા છે. જેના મૂળ પણ આપણા ઝાલાવાડમાં છે. જેનો વિસ્તૃત અભ્યાસ આપણે આ પ્રકરણમાં કરીશું.

આ વિષયને સમજવા આપણે ત્રણ પ્રકરણમાં અભ્યાસ કરીશું.

પ્રકરણ 1 . ઝાલાવાડની રાજધાની પાટરીથી કોહા

પ્રકરણ 2. ઝાલાવાડની રાજધાની હળવદ

પ્રકરણ 3 . ઝાલાવાડની રાજધાની ધ્રાંગધ્રા

**પ્રકરણ-૧ : ઝાલાવાડની રાજધાની પાટરી (પાટડી) થી કોહા (કંકાવટી) :**

ઝાલાવાડ એટલે ઝાલા રાજપૂત શાસકો દ્વારા શાસિત કે રક્ષિત પ્રદેશ. અથર્વવેદમાં મળી આવતા પ્રાચીન મખવાન એ જ ઝાલા મકવાણા. મખવાનનું અપભ્રંશ મકવાણા થયું. હાલના પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં આવેલા ગઢ કેરંટીમાં મકવાણા વંશનું શાસન હતું. કેરંટીના રાજા કેસરદેવે હમીર સુમરા સામેની લડાઈમાં વીરગતિ પ્રાપ્ત કરી. તેમના પાટવી કુમાર હરપાલદેવને તેમના સાથીઓએ ઘાયલ અવસ્થામાં યુદ્ધના મેદાનમાંથી બહાર કાઢી પાટણ લઈ આવ્યા. પોતાના ઉત્તમ ચરિત્ર, પરાક્રમ, પ્રામાણિકતા, નેતૃત્વ અને લોકપ્રિયતાથી તેઓ ગુર્જરેશ્વર કર્ણદેવ સોલંકીના પ્રિય પાત્ર બન્યા. કર્ણદેવે તેમને 2300 ગામની જાગીર આપી. પોતાના પત્ની દેવી સ્વરૂપ શક્તિ દે અને બાબરા સુરની સાથે 2300 ગામનું અભય દેશભ્રમણ કરી ગામેગામ ભવાનીના ગાગર બેડા અને તોરણ બાંધી પોતાના કુળદેવી આદ્યશક્તિના 'મહિષાસુરમર્દિની' સ્વરૂપના બેસણા કરાવ્યા .જે આજે પણ ઝાલાવાડના ગામે ગામ 'ગામ ટોડાની શકત' તરીકે પૂજાય છે.

હરપાળદેવના ॥ ઝાલા કુંવર ॥ એક અજોડ યોદ્ધા હતા. તેમણે સોલંકી ગુર્જરેશ્વરના વિવિધ સૈન્ય અભિયાનોમાં પરાક્રમ દેખાડ્યું. તેમના નામથી આ પ્રદેશ ॥ ઝાલાવાડ પ્રદેશ ॥








તરીકે ઓળખાયો. જેની પ્રથમ રાજધાની પાટરી બની. સોઢાજી, શેખરાજી અને માંગુજી ત્રણેય ઝાલા કુમારોએ પાટણના રક્ષણાર્થે મુસ્લિમ સેના સામે લડતા લડતા વીરગતિ પ્રાપ્ત કરી. આ યુદ્ધમાં તેમના બેન ઉમાદે રણચંડી બન્યા અને પોતાને સોંપાયેલી પોળને સુરક્ષિત રાખી. ત્યારબાદ દેવરાજજી એ ઝાલાવાડ પુનઃસ્થાપિત કર્યું.

સાતલજીના સમયમાં ઝાલાવાડની રાજધાની સાંતલપુર રહી જે તેમના સમયમાં ઝાલાવાડનો થયેલો વિસ્તાર દર્શાવે છે. આ જ પરંપરામાં પાટડી ની ગાદીએ ઉદયસિંહ થયા. જૈન ગ્રંથોમાં તેમના માટે ''વૈરિવારણ વિધ્વંસક સિહાદ્રેત પરાક્રમી'' કહેવાયું છે તો ઝાલા રાજકુમારીઓ માટે ''વૈરીવીરપ્રમાથિની'' કહ્યું છે. મતલબ કે તત્કાલીન સમયમાં ઝાલા રાજકુમારીઓ પણ યુદ્ધની તાલીમ મેળવી યુદ્ધમાં ભાગ લેતા. ઉદયસિંહના પાટવી કુમાર પૃથ્વીરાજજીએ 120 ગામથી થળામાં રાજધાની સ્થાપી અને ટીલાયત વેગડજીએ પાટડીની ગાદીએ શાસન કર્યું. પિતૃખૂની અલ્લાઉદ્દીન ખીલજીએ પાટણ જીતી લીધા બાદ ગુજરાતની સુરક્ષા વ્યવસ્થા કથળી ગઈ.

આવા કપરાકાળમાં રાયશ્રી વેગડજીએ સોલંકી, ચૌહાણ, ચાવડા, ડોડિયા, મોરી, રાઠોડ વગેરે રાજપૂતોને જાગીરો આપીને સીમા સુરક્ષા મજબૂત કરી. પાટરી ઉપરના એક મુસ્લિમ આક્રમણમાં વેગડજીના કુંવર વિજયસિંહ વીરગતિને પ્રાપ્ત થયા. વેગડજી પછી ગાદીએ આવેલા રાયશ્રી રામસિંહે વિકટ ટેકરીઓ, જંગલો તથા વિકરાળ પશુઓથી કુદરતી રીતે દુર્ગમ એવા કોહા (કંકાવટી)ને રાજધાની તરીકે પસંદ કરી. આ સમયમાં કોહા, પાટરી અને માંડલ ત્રણેય સ્થાનો ઝાલાવાડના મહત્ત્વપૂર્ણ રાજકીય કેન્દ્ર બન્યા. રામસિંહજી પછી ગાદીએ આવેલા રાયશ્રી વીરસિંહએ દિલ્હીના શાસક મહમદ તઘલગ સાથે રાજનૈતિક મિત્રતા કેળવી ગુજરાતની મુસ્લિમ સત્તાના વર્ચસ્વ વચ્ચે પણ ઝાલાવાડને સુરક્ષિત રાખ્યું.

રાયશ્રી રણમલ્લજીના સમયમાં દિલ્હીમાં સત્તા પરિવર્તન થતા તેની અસર ગુજરાત ઉપર પણ થઈ. દિલ્હીથી ગુજરાતને નિયંત્રિત કરવા માટે વારંવાર મુસ્લિમ સૂબાઓ વિશાળ સૈન્ય લઈ

ગુજરાત ઉપર આક્રમણો કરવા લાગ્યાં. અંગ, બંગ, કલિંગ, માલવ અને મહારાષ્ટ્રના અસંખ્ય સૈનિકોથી યુક્ત આ સૈન્ય આક્રમણો રાયશ્રી રણમલ્લજીના એકચક્રી શાસન સામે ટકી શક્યા નહીં. રાયશ્રી રણમલ્લજી દેવલોક થયા ત્યારે પાટવી કુમાર સોડસાલજી ગંગાજીની યાત્રાએ હતા. આથી ભાયાતો અને સામંતોએ વચેટ કુંવર શત્રુશલ્યજીને ગાદીએ બેસાડ્યા. સોડસાલજીને દસાડા પંચાસરની જાગીર આપી તો નાના કુંવર અખેરાજીને કારેલાની જાગીર આપી.

અખેરાજીના પૌત્ર મહિપાલજીએ કારેલામાં ભવાનીનું સુંદર દેવળ બંધાવ્યું. આ દેવાલયના અવશેષો ઉપરથી તેની ભવ્યતાની કલ્પના કરી શકાય છે. ગુજરાતના સુલતાન અહમદશાહે મંદિરો તોડ્યા, જજિયા વેરો લાગુ કર્યો અને વટલાંતર પ્રવૃત્તિને વેગ આપ્યો, ત્યારે તેના વિરોધમાં લડવા માટે ઈડર, નાંદોદ, રાજપીપળા વગેરે રાજપૂત શાસકોને સંગઠિત કરવાનું નેતૃત્વ રાયશ્રી શત્રુશલ્યજીએ પૂરું પાડ્યું. એટલું જ નહીં માળવાના સુલતાન હોસંગશાહ સાથે મિત્રતા કરીને પોતાનો પક્ષ મજબૂત કર્યો. પરાક્રમી શત્રુશલ્યજી અહમદશાહને આંખના કણાની જેમ ખૂંચતા લાગ્યા.

1,000 હાથીઓ ધરાવતું વિશાળ સૈન્ય લઈ તે અહમદશા ઝાલાવાડ ઉપર ચડી આવ્યો, પરંતુ મુત્સદ્દી એવા શત્રુશલ્યજીએ અગાઉથી જ માળવાના સુલતાન સાથે કરેલ યોજના મુજબ હોસંગશાહ વિશાળ સૈન્ય લઈ અમદાવાદ ઉપર ચડવા પ્રયાણ કર્યાના સમાચાર મળતા અહમદશાહ ઝાલાવાડ ઉપર આક્રમણ કર્યા વિના જ પાછો ફરી ગયો અને ઝાલાવાડ સુરક્ષિત રહ્યું. આ સૈન્ય અભિયાનમાં શત્રુશલ્યજીના કુંવર 'ભૈરવ ભક્તરાજ' રાયશ્રી રાઘવદેવજી કે જેમની ગણના ઈતિહાસમાં તત્કાલીન સમયના અજોડ યોદ્ધા અને રાજપુરુષમાં થાય છે. તેમણે આ અભિયાનમાં પ્રમુખ ભૂમિકા ભજવી હતી. અહમદશાહે માળવાનો જે પ્રદેશ હોશંગશાહ પાસેથી જીતી લીધેલો તે પ્રદેશ રાયશ્રી રાઘવદેવજીએ જીતી લઈ માળવાની ધરતીમાં ઝાલાવાડની સ્થાપના કરી. તેના વંશજો યદ્યપિ રાજસ્થાનમાં રાયપુર સંસ્થાન, મધ્યપ્રદેશમાં ઉજ્જૈન પાસે નરવર, કચનારિયા ઝાલા તથા ગુજરાતમાં ડેડાદરા-અણંદરામાં વિદ્યમાન છે.

રાયશ્રી રાઘવદેવજીના કુંવર રાણશ્રી ભોજરાજજીના વંશજોએ ઝાલાવાડની મહત્ત્વપૂર્ણ લડાઈઓમાં બલિદાન આપ્યા છે. રાયશ્રી શત્રુશલ્યજીએ પોતાના કુંવર રાયશ્રી લાખાજીને અહમદશાહના નજીકના સગાને યુદ્ધમાં મારી નાખવાના પરાક્રમ બદલ 120 ગામથી ખોડુની જાગીર આપી હતી.

શત્રુશલ્યજી પછી રાયશ્રી જ્યેતકર્ણજી ગાદીએ આવ્યા. તેઓ હરિભક્તપરાયણ કહેવાયા. તેમણે પણ પોતાના પિતાનું આ કાર્ય આગળ ધપાવ્યું. તેમણે ઝીંઝુવાડામાં સુંદર ઝલ્લેશ્વર કુંડનું





નિર્માણ કર્યું. જે આજે પણ ઝીલ્લકેશ્વર કુંડ તરીકે ઓળખાય છે. પાટરીના દરબારગઢમાં તેમણે સુંદર વાવ બંધાવી. ત્યારબાદ તેમના કુંવર રાણશ્રી રણવીરજીએ ઝાલાવાડની શાંતિ અને સુલેહ માટે અહમદ શાહ સાથે માંડલમાં જકાત બાબતની સંધિ કરી આથી ઝાલાવાડમાં શાંતિ સ્થપાઈ. ત્યારપછીના શાસક રાણશ્રી ભીમસિંહજીએ કોહામાં માત્રી વાવનું કાર્ય સંપૂર્ણ કરાવ્યું. તેમના સમયમાં ચિત્રકલાને પ્રોત્સાહન મળ્યું. તેમના પુત્રી સોમાદેના લગ્ન સોરઠ જૂનાગઢના રાજા રા'માંડલિક સાથે સીથા મુકામે ધામધૂમપૂર્વક થયા. આ લગ્નમાં પધારેલા નરસિંહ મહેતાએ ઝાલાવાડમાં કૃષ્ણ ભક્તિનો પ્રચાર કર્યો. રાણશ્રી ભીમસિંહજી પછીના શાસક વીરવર રાણશ્રી વાઘોજી થયા. વાઘોજીમાં બાળપણથી જ શૌર્ય અને ભક્તિનો અજોડ સમન્વય હતો.

બાલ્યાવસ્થામાં વાઘોજી કોહાના જંગલોમાં વાઘ અને સિંહ જેવા વિકરાળ પશુઓ સાથે વગર હથિયારે જ બાથ ભીડતા. માત્રી વાવમાં બિરાજમાન શેષશાયી વિષ્ણુની મૂર્તિ તેમના બાળ માણસમાં એવી તો અંકિત થઈ ગયેલી કે નાનપણમાં કૃષ્ણલીલામાં પોતે કૃષ્ણ બનતા. તેમાં પણ બેન સોમાદેના લગ્ન સમયે નરસિંહ મહેતાની કૃષ્ણભક્તિએ વાઘોજીના યુવામાનસમાં કૃષ્ણભક્તિને વધુ દ્રઢ કરી. મહમદ બેગડાએ દ્વારકા લૂંટ્યાના સમાચારથી વાઘોજીનું લોહી ઉકળી ઉઠ્યું, ક્રોધ થી આંખ લાલચોળ થઈ ગઈ. ત્વરિત જ પોતાના ભાયાતો અને સામંતોને એક જૂથ કરી બેગડાના લૂંટેલો ખજાનો જીતી લઇ દ્વારકા પાછો મોકલ્યો. પોતાના સૈન્યની નાલેશીભરી હારથી મોહમ્મદ બેગડો ક્રોધે ભરાયો. પોતાના સૈન્યની હારનો બદલો લેવા માટે મોટી સેના લઇ ઝાલાવાડમાં પ્રવેશ્યો. માર્ગમાં આવતાં દેવાલયો તોડ્યા. કારેલાનું ભવાની મંદિર, ભરાડાનું ભૂતેશ્વર મંદિર જેવા કાંઈ કેટલાય મંદિરોનો નાશ કર્યો. કેટલાંકને બળજબરીપૂર્વક વટલાવ્યા અને કોહાના પાદરમાં આવી પહોંચ્યો. વાઘોજીએ ઘણા દિવસો સુધી ગઢની અંદર રહીને લડાઈ આપી. પરંતુ શસ્ત્ર અને અન્નનો પુરવઠો ખૂટી જતા વાઘોજીએ કેસરિયા કરવાનું નક્કી કર્યું.

'હર હર મહાદેવ'ના પ્રચંડ નાદ સાથે કોહાના ગઢના દરવાજા ખૂલ્યાં. ઝાલાવાડી સેના મહમદ બેગડાની યવન સેના ઉપર તૂટી પડી. પાવાગઢ અને જૂનાગઢને એક જ ઘાએ જીતી લેનાર બેગડાના અહંકારને તોડી નાંખ્યો. બેગડાની સેના ભાગી પરંતુ વિધિવક્રતા! દુર્ભાગ્યપૂર્ણ ઈતિહાસ રચાણો ! જીતાયેલું યુદ્ધ ઝાલાવાડ હારી ગયું !! કારણ કે કેસરિયા કરતા પહેલા વાઘોજીએ પોતાના રાણીઓને કહેલું કે 'શક્તિધ્વજ' હેઠો પડે તો સમજવું કે આપણે યુદ્ધ હારી ગયા છીએ અને એ સમયમાં રાજપૂતો કેસરિયા કરતા તો રજપૂતાણીઓ દુશ્મન સેનાથી પોતાના ચારિત્ર્યનું રક્ષણ કરવા માટે જોહર કરતી. યુદ્ધ જીતીને પાછા ફરેલા વાઘોજી કોહાથી ઉગમણે આવેલી બદુડાની વીડમાં પહોંચ્યા ત્યારે શક્તિધ્વજની જવાબદારી જે માણસને સોંપવામાં આવેલી તે શરત ભૂલી ગયો.

તલાવડીએ પાણી પીવા ધ્વજ હેઠો મૂક્યો. આ બાજુ રાજગઢીમાં રાણીઓ એવું સમજ્યા કે વાઘોજી પડ્યા ! રાણીઓ અને અન્ય વીરાંગનાઓ પોતાના સતીત્ત્વના રક્ષણ માટે રાજગઢીમાં આવેલા કૂવામાં પડીને જળજૌહર કર્યું. જીતના હર્ષ સાથે વાઘોજી ગઢમાં પહોંચ્યા, પરંતુ નજર સમક્ષ આ કરુણ દ્રશ્ય જોઈ સમરાંગણમાં મહમદ બેગડાના ભાગતા સૈન્ય પાછળ થયાં અને વીરગતિ પ્રાપ્ત કરી. આ યુદ્ધમાં ઘણાય ઝાલા રાજપૂત ભાયાતો, સામંતો અને ઝાલાવાડની લગભગ દરેક સમાજે પોતાની વીરતા દેખાડી, પરંતુ દુર્ભાગ્ય ! કોહાનો કેર થયો ! યવન સેનાએ સબલેશ્વર મહાદેવ, જૈન દેરાસર, ગામ ટોડા અને ગઢ ઉપર તોપના હજારો ગોળા ચલાવ્યા. રાજમહેલને પાડીને ધ્વસ્ત કરી દેવામાં આવ્યો. સદ્‌ભાગ્યે માત્રી વાવ હાલ જળમગ્ન હોવાથી સુરક્ષિત રહી ગઈ. આ યુદ્ધ પછી ઝાલાવાડનું સાર્વભૌમત્ત્વ ખંડિત થયું. ઠેર ઠેર મુસ્લિમ થાણાઓ સ્થપાયા અને ઝાલાવાડની રાજધાની તરીકેનું 'કોહા'નું ગૌરવશાલી પ્રકરણ કરુણતાપૂર્વક સમાપ્ત થયું.

## પ્રકરણ–૨ : ધિંગી ધરા ઝાલાવાડની રાજધાની (કોહાથી હળવદ) :

પ્રકરણ એકમાં આપણે ઝાલાવાડની રાજધાની પાટરીથી કોહા કંકાવટી થઈ તે જોયું. આ પ્રકરણમાં આપણે રાજધાની કોહાથી ધાંગધ્રા સુધીના સમયકાળમાં હળવદ રહી તે ઇતિહાસનું વિહંગાવલોકન કરીશું. કોહાના કેરમાં રાણશ્રી વાઘોજીની વીરગતિ બાદ તેમના પાટવી કુંવર રાજોધરજી સિદ્ધપુર ક્ષેત્રમાં વાઘોજીનું શ્રાદ્ધ કરાવવા ગયા. સિદ્ધપુરની નદીમાંથી પ્રાપ્ત થયેલ શિવલિંગનું સ્થાપન હળવદમાં સામતસર તળાવે કર્યું, તે એટલે આજનું છોટા કાશી તરીકે ઓળખાતું પ્રસિદ્ધ શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર.

કોહાના કેર પછી ઝાલાવાડમાં ગામેગામ મુસ્લિમ થાણાઓ સ્થપાઈ ગયા હતા. મંદિરોમાં પૂજા–આરતી બંધ થઈ ગયા હતા. ઝાલાવાડની પ્રજા ગુલામીના અંધકારમાં ધકેલાઈ ગઈ, પરંતુ જે ઝાલાવાડીઓએ કોહાના કેરમાં પ્રાણ હોમી દીધા, લડીને ખુવાર થઈ ગઈ. તેમની નવી પેઢી ફરી રાણશ્રી રાજોધરજીના નેતૃત્વમાં પુનઃ પ્રકાશિત થઈ. ઠેરઠેર મુસ્લિમ થાણાઓ હટાવી મૂકવામાં આવ્યા. ખંડિત મંદિરોનો જીર્ણોદ્ધાર થવા લાગ્યો. લોકકલ્યાણ અર્થે રાજ તથા શ્રીમંત લોકો વાવ બંધાવવા લાગ્યા. વાવની અંદર દેવસ્થાનો બિરાજમાન કરવાની પરંપરાને વેગ મળ્યો. રાજોધરજીના દેવલોક બાદ તેમના પાટવી કુંવર રાજરાણા અજ્જાજી અને રાજરાણા સજ્જાજી મેવાડ ગયા. જ્યાં મહારાણા સાંગાના દરબારમાં જઈ રહ્યા. ખાનવાની લડાઈમાં મહારાણા સાંગાના પ્રાણ બચાવવા અજાજી કામ આવ્યાં.

આ જ પરંપરામાં મહારાણા પ્રતાપ થયા અને ભારતવર્ષની પ્રસિદ્ધ લડાઈ હલ્દીઘાટીમાં





મહારાણા પ્રતાપના પ્રાણ બચાવવા માટે અજાજીના પ્રપોત્ર ઝાલા માનસિંહજી કામ આવ્યા. મેવાડના રક્ષણ અર્થે અજાજી અને સજાજીની સાત સાત પેઢી ખપી ગઈ. અજાજી અને સજાજીના નાના ભાઈ રાણીંગદેવજી હળવદની ગાદીએ આવ્યા. રાણીંગદેવજી પછી તેમના પાટવી કુમાર મહારાણા માનસિંહ ઝાલાવાડની ગાદીએ આવ્યા. તેમણે પોતાના પિતા રાણીંગદેવજીને દસાડાના મલેકોએ છેતરીને મારેલા, તેનો બદલો લીધો. માંડલ–વિરમગામ પરગણું ઝાલાવાડમાંથી છૂટી ગયું હતું, તે ગુજરાતના સુલતાન પાસેથી જીતી લઈ પાછું ઝાલાવાડમાં ભેળવ્યું. એક સમયે પોતાના બહારવટા દરમિયાન મહારાણશ્રી માનસિંહજીને સુલતાનની સેના ઘેરી લે તેવી પરિસ્થિતિ સર્જાણી ત્યારે ચરાડી ગામના એક અનુસૂચિત જાતિના વ્યક્તિએ પોતાની વિવેકબુદ્ધિથી તેમનો પ્રાણ બચાવેલો. તેના બદલામાં આ ગામ મહારાણશ્રી માનસિંહજીએ તે ભાઈને પુરસ્કારમાં આપ્યું હતું.

ઇતિહાસમાં તેઓ ઘેલા માન તરીકે ઓળખાય. તેમના નાનાભાઈ વરસાજીને કોંઢની જાગીર પ્રાપ્ત થઈ. ઝાલાવંશના મહાન શૂરવીર રાયસિંહજી પ્રથમ ગાદીએ આવ્યા. ઇતિહાસમાં કહેવત છે કે, 'હથેળી રાયસિંહરી'. તેમણે ધ્રોલની સત્તા પલટાવી નાખી. ઘાટીલા મુકામે કચ્છ અને હાલારની સંયુક્ત સેનાને હંફાવી નાખી. આ યુદ્ધમાં પોતે પણ ગંભીર રીતે ઘાયલ થયેલા. મહારાણશ્રી રાયસિંહજી પછી મહારાણશ્રી ચંદ્રસેનજી ગાદીએ આવ્યા. તેમના લાંબા આયુષ્ય દરમિયાન તેમણે જીવનની અનેક ચડતી પડતી વચ્ચે પણ અવિચલ રહી રાજધર્મનું પાલન કર્યું. જોધપુર જેવા મોટા રજવાડામાં ધામધૂમપૂર્વક લગ્ન કરીને હળવદ પાછા ફર્યા ત્યારે પોતાના વહાલસોયા કુંવરને ખપી ગયેલા જોયા. આ ઉપરાંત જીવનની ઉત્તરાવસ્થામાં પોતાના પુત્ર અને પુત્રવધૂને સૂરા અને સતી થતા જોવાનું દુ:ખ જોયું. ચંદ્રસેનજીના પાટવી કુંવર પૃથ્વીરાજજીના કુંવર સરતાણજી વાંકાનેરના રાજવી બન્યા. બીજા કુંવર રાજોજી ખોડુ–વઢવાણના રાજવી બન્યા. સમગ્ર ઝાલા રજવાડાઓમાં વિલિનીકરણ સમયે મોટું અને સમૃદ્ધ ઝાલાવાડ રાજ્ય કે જે કોટા પાસે આવેલું છે, તેના મૂળ પણ વઢવાણમાં છે.

ચંદ્રસેનજીના કુંવર રાણશ્રી અભયરાજજી સંસ્થાન થાન–લખતરના સંસ્થાપક બન્યા. પોતાની રૈયતની સુરક્ષા માટે વીરગતિ પ્રાપ્ત કરી. ચંદ્રસેનજીના કુંવર મહારાણશ્રી આશકરણજીએ હળવદની ગાદી ભોગવી. તેમણે પ્રસિદ્ધ શ્રી શરણેશ્વર મહાદેવ મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું. આશકરણજી પછી તેમના ભાઈ મહારાણશ્રી અમરસિંહજી હળવદની ગાદીએ આવ્યા. મહારાણશ્રી અમરસિંહજી પછી મહારાણશ્રી ગજસિંહજી ગાદીએ આવ્યા. મહારાણશ્રી ગજસિંહજી પછી મહારાણશ્રી જશંવતસિંહજી ગાદીએ આવ્યા. જેમણે ઓરંગઝેબના ફરમાનથી ઝાલાવાડ ઉપર મોટું લશ્કર લઈને ચડી આવેલા જોધપુર મહારાજા

અજીતસિંહજીને હરાવ્યા. તેમના પછી મહારાણશ્રી પ્રતાપસિંહજીએ હળવદની ગાદી સંભાળી. મહારાણશ્રી રાયસિંહજી બીજાએ ઝાલાવાડની રાજધાની હળવદથી ધ્રાંગધ્રા સ્થળાંતરિત કરી.

રાણશ્રી રાજોધરજીથી મહારાણશ્રી રાયસિંહજી બીજાના નેતૃત્વમાં ઝાલાવાડ ઉપર આવેલા બાહ્ય આક્રમણ સામે લડીને ઝુઝાર થયેલા દરેક સમાજના હજારો પાળિયાઓ આજેય પણ શૂરવીરતાની અને બલિદાનની સાક્ષી પૂરી રહ્યા છે.

**પ્રકરણ–૩ ઝાલાવાડની રાજધાની ધ્રાંગધરા :**

આ પ્રકરણમાં આપણે ઝાલાવાડની રાજધાની હળવદથી ધ્રાંગધરા સ્થળાંતરીત થઈ ત્યારથી લઈ વર્તમાન ઈતિહાસનો અભ્યાસ કરીશું.

મહારાણા શ્રીરાજ રાયસિંહજી-2 (ઇ.સ. 1801-1804)
મહારાણા શ્રીરાજ અમરસિંહજી (ઇ.સ. 1804-1843)
મહારાણા શ્રીરાજ રણમલસિંહજી (ઇ.સ. 1843-1869)
મહારાણા શ્રીરાજ માનસિંહજી (ઇ.સ. 1869-1900)
મહારાણા શ્રીરાજ અજીત સિંહજી (ઇ.સ. 1900-1911)
મહારાજા શ્રીરાજ ઘનશ્યામસિંહજી (1911-1942)
મહારાજા શ્રીરાજ મયુરધ્વજસિંહજી (ઇ. સ. 1942-1948/2010)
મહારાજા શ્રીરાજ સોઢ્ઢાલજી (2010-2017)
મહારાજા શ્રીરાજ ડૉ. જયસિંહજી (પ્રવર્તમાન)

- **મહારાણા શ્રી રાયસિંહજી – ૨ (૧૭૩૦–૧૭૫૬/૫૭)**

મહારાણશ્રી રાયસિંહજી બીજાએ ધ્રાંગધરા રાજધાની સ્થાપિત કરી. તેઓ ઉત્સાહી અને સ્વપ્નદ્રષ્ટા રાજવી હતા. તેમણે વિક્રમ સંવત 1787માં ધ્રાંગધરા ફરતે મજબૂત કિલ્લાનું નિર્માણ કરાવ્યું. તેમના શાસનકાળમાં પિલુજી ગાયકવાડ મોટું લશ્કર લઈ ખંડણી ઉઘરાવવા આવેલ તેને પરાજીત કર્યા. મહારાણશ્રી રાયસિંહજીએ પોતાના નામ પરથી વાંટાવદર પાસે નવું ગામ રાયસંગપર વસાવ્યું. મણિનાગેશ્વર મંદિરનાં બાંધકામની શરૂઆત શિલ્પકાર આવરદાસ અને તેમનાં પુત્રોએ ઇ.સ. 1753માં કરી ત્યારે દિલ્હીમાં બાદશાહ અહમદશાહનું રાજ્ય હતું અને ઝાલાવાડનાં દેશપતિ મહારાણા શ્રી રાયસિંહજી સત્તા ઉપર હતા. ઇ.સ. 1759માં મંદિર પુરૂં થતાં, તેના ઉપર શિખર ચડાવવામાં આવ્યું. ત્યારે ઝાલાવાડનાં દેશપતિ મહારાણાશ્રી ગજસિંહજી અને મહાકુંવર જસાજી હતા તેવું મંદિરના શિલાલેખ પરથી સ્પષ્ટ થાય છે.





- **મહારાણા શ્રી ગજસિંહજી – ૨ (ઈ. સ. ૧૭૫૬–૧૭૬૫)**

યુવરાજ ગજસિંહજી ધ્રાંગધ્રાની ગાદીએ આવનાર દ્વિતીય શાસક હતા. પ્રચલિત રિવાજ મુજબ ફટાયા કુંવરોને ગરાસ મળ્યા તેમાં શેષમલજી પોતાના સ્વતંત્ર રાજ્ય સાયલાના સ્થાપક બન્યા. ઇ.સ. 1756માં આ રાજવીએ નારીચાણા ગામ વસાવ્યું હતું. ઇ.સ. 1765માં વાગડમાંથી લશ્કર ચઢી આવતા, યુધ્ધમાં ગજસિંહજી વીરોચિત ગતીને પામ્યા.

- **મહારાણા શ્રી જશવંતસિંહજી (ઈ.સ. ૧૭૬૫–૧૮૦૧)**

યુવરાજ જશવંતસિંહજી ધ્રાંગધ્રાની ગાદીએ બેઠા. એ પહેલા મહારાણા રાયસિંહજી હળવદથી ધ્રાંગધ્રા રાજધાની બદલવાનો નિર્ણય કરેલો પરંતુ વહીવટ હળવદથી ચાલતો હતો. જશવંતસિંહજીએ હળવદ - ધ્રાંગધ્રાના સંયુક્ત વહીવટને બદલે ધ્રાંગધ્રાથી જ વહીવટ ચલાવવો શરૂ કર્યો, જે મુત્સદી માતા જીજીબાઇને જાય છે. જશવંતસિંહજીની સત્તા દરમિયાન સાયલા સાથેના સંબંધોમાં સુધારો થયો હતો. કાઠીઓએ રાજ્યના ઢોરો પાછા વાળતા શેષમલજીએ યુધ્ધ કરીને ઢોર પાછા વાળેલા એટલે ખુશ થઇને જશવંતસિંહજી તરફથી તેમને 'લીયા' ગામ બક્ષીસમાં મળ્યું હતું. ઇ.સ. 1794માં સરધારના કાઠીઓએ ઉમરડા ઉપર આક્રમણ કરતાં જશવંતસિંહજીએ યુધ્ધ કર્યું. ઇ.સ. 1795માં શકિતપરામાં કૃષ્ણેશ્વર મંદિર બંધાવ્યું હતું. તેમનાં સત્તા સમયમાં યુધ્ધો કરતા શાંતિ પ્રત્યે પોતાની પસંદગી ઉતારી હતી. આ રાજવી ઇ.સ. 1801માં દેવલોક પામ્યા હતા.

- **મહારાણા શ્રી રાયસિંહજી – ૩ (ઈ.સ. ૧૮૦૧–૧૮૦૪)**

પિતા પાસેથી ગાદી મેળવનાર આ રાજવી ફક્ત ત્રણ વર્ષ સુધી જ રાજ્ય ભોગવી શક્યા. તેમનાં શાસનકાળની ખાસ કોઈ નોંધ જોવા મળતી નથી એટલે આ સમયગાળા દરમિયાન શાંતિ સ્થપાયેલી રહી હશે એમ માની શકાય.

- **મહારાણા શ્રી અમરસિંહજી (૧૧/૧૧/૧૮૦૪– ૯/૪/૧૮૪૩)**

મહારાણા અમરસિંહજી પવિત્ર અને ધાર્મિક હોવાના કારણે પ્રજાજનો તેમને 'ભકતરાજ' કહીને સંબોધતા. આજે પણ તેમણે લખેલા ભજનોની પુસ્તિકા 'અમર ચોવીસી'નાં નામથી પ્રગટ થયેલી અને તેમાં રહેલા ભજનો ઝાલાવાડનાં લોકકંઠે ગવાતા સંભળાય છે, જેની એક કડી આપણે પણ માણીએ..

'જીવ રાજીગર કિરતાર, મનખો ન આવે વારંવાર,
રાજ અમરસંગ બોલીયા બેનો પુણ્યતણો નહીં પાર'

રાજ અમરસિંહજીનાં સમયમાં ઝાંઝરકના સંત શ્રી સવૈયાનાથ થયા, જેમનો જન્મ સંવત 1793 માગશર સુદ પુનમને સોમવારે થયો હતો. ગોપાલક સંત શ્રી સવૈયાનાથ (સવા ભગત) અને ધ્રાંગધ્રાના રાજવી અમરસિંહજી ઝાલા વચ્ચેનો ઇતિહાસ શ્રદ્ધા અને ભકિતથી ભરેલો છે. તે સમયે સામાજિક ભેદભાવ ખૂબ વધારે હતો, છતાં ધ્રાંગધ્રાના મહારાજાએ સંત સવૈયાનાથની આધ્યાત્મિક ઊંચાઈ અને ભક્તિને ઓળખીને તેમને વિશેષ આમંત્રણ આપ્યું હતું. જ્યારે સવા ભગત ધ્રાંગધ્રાના દરબારગઢમાં પધાર્યા, ત્યારે રાજાએ જ્ઞાતિવાદના ભેદભાવ ભૂલીને તેમને ભરી સભામાં પાટ (ઊંચા આસન) પર બેસાડ્યા અને શ્રીફળ તેમજ કિંમતી ભેટો ધરીને પૂજન કર્યું. રાજાએ જ્યારે સંતને કોઈ પરચો બતાવવા વિનંતી કરી, ત્યારે સંત સવૈયાનાથે અદ્ભુત વાણીમાં જવાબ આપ્યો : ‘બાપુ ! આ દરબારગઢમાં આજ સુધી જેનો પડછાયો પણ પડતો નહોતો, એવા સમાજનો એક સામાન્ય માનવી આજે ધ્રાંગધ્રાના ધણી સામે પાટ પર માન-પાન સાથે બેઠો છે, એનાથી મોટો બીજો કયો ચમત્કાર હોઈ શકે ?’ આ સામાજિક ક્રાંતિ જોઈને આખો દરબાર ગદ્ગદ્ થઈ ગયો હતો.

ધ્રાંગધ્રા મહાજન પાંજરાપોળ અને ગૌશાળા શરૂ થઇ. સને 1825 અને 38માં અનાવૃષ્ટિનો સમય મુશ્કેલીભર્યો હતો. સને 1826માં સિંહનો શિકાર કર્યાની નોંધ મળે છે. સને 1827માં રામમહેલ મંદિર તથા શીતળા માતાના મંદિરનું નિર્માણ કર્યું. તેમણે ધ્રાંગધ્રાનો દિલ્હી દરવાજો સંવત 1894ના પોષ સુદ 8 ભૃગુવારનો જેમાં દરવાજા સહિત ગઢ કર્યાનો ઉલ્લેખ છે. એ સિવાય પોતાના નામ ઉપરથી અમરપુર અને હામપુર ગામો વસાવ્યા. ઇ.સ. 1843માં ભકતરાજ અમરસિંહજી 61 વર્ષની વયે 39 વર્ષ શાસન કરીને અમરગતિને પામ્યા.

- **મહારાણા શ્રી રણમલસિંહજી (ઇ.સ. ૧૮૪૩–૧૮૬૯)**

આ રાજવીએ ધ્રાંગધ્રાને આધુનિક શહેર બનાવવાના શ્રીગણેશ કર્યા એમ કહી શકાય. તેઓ વિદ્યા અને વિદ્વાનોને સારૂં માન આપતા. પોતે સંસ્કૃત, ઉર્દુ, પર્શિયન અને ગુજરાતી ભાષાના વિદ્વાન હતા. તેમણે શિક્ષણ ક્ષેત્રે રાજ્યને આગળ લાવવા પ્રયત્ન કર્યો. સને 1855 થી 1868 દરમિયાન કન્યા કેળવણી અને અંગ્રેજી શિક્ષણની જરૂરિયાતને ધ્યાનમાં લઇ તેનો અમલ કર્યો અને સને 1855 ગામડામાં ગુજરાતી શાળાઓ શરૂ કરી. ધ્રાંગધ્રા રાજ્યનું દેવું ભરપાઇ કરીને આર્થિક રીતે સદ્ધર કર્યું. ધ્રાંગધ્રા કિલ્લાનો જીર્ણોદ્ધાર અને રાજસીતાપુર-ઉમરડા ગામોની કિલ્લેબંધી કરાવીને હળવદના રાજમહેલને નવો ઓપ આપ્યો.





તેમણે રણછોડરાયજીનું મંદિર 1844માં બંધાવ્યું. ગિરધરલાલજીની હવેલી બાંધવાની શરૂઆત 1855માં કરેલી, જે 1858માં પૂરી થઈ. 1851માં પાટવી કુંવર માનસિંહજીના નામે માન મહેલાતની ભવ્ય ઈમારતનું નિર્માણ કર્યું હતું.

તેમણે રણમલપુર (1846), રાજપુર (1854), ગઢ્રા અને ગટેલા (1867) ગામો વસાવ્યા. સને 1859માં રણમલસર (જોગાસર) તળાવ બંધાવ્યું, જે 1861માં પૂર્ણ થયું. તા. 16/10/1869નાં રોજ 60 વર્ષની વયે 26 વર્ષ રાજ્ય કરીને દેવલોક પામ્યા.

- **મહારાણા શ્રી માનસિંહજી – ૨ (ઇ.સ. ૧૮૬૯–૧૯૦૦)**

તેમનો જન્મ તા. 21/1/1837માં થયેલો. 32 વર્ષની વયે તા. 16/10/1869ના રોજ તેમનું રાજતિલક થયું. કૃષ્ણ ભક્તિનાં પદોની રચનાઓ કરી હતી. ‘રસકવિતા’, ‘જ્ઞાનસાગર’, ‘દીવાન સમસુખુબા (ઉર્દૂ) તેમજ ‘શ્રીમાન માનસિંહજી વિરચિત કાવ્ય સંગ્રહ’ (ધ્રાંગધ્રા દરબાર)નો ઉલ્લેખ મળે છે. શિક્ષણ માટે યુવાનો અને કન્યાઓ માટે પ્રથમ અંગ્રેજી સ્કૂલ શરૂ કરી. રાજકોટમાં રાજકુમાર કોલેજ શરૂ થતા મકાન બાંધકામ માટે દાન આપ્યું અને ઉદ્‌ઘાટનમાં પણ ગયેલા પોતાના ભાઈ હરિસિંહજીના નામ ઉપરથી હરિપર ગામ વસાવ્યું.

1877માં તેમને ‘કેસરે હિન્દ’નો ઈલ્કાબ મળ્યો તથા સલામીમાં ચાર તોપનો વધારો કરી 15 તોપોની સલામીનું માન આપવાની જાહેરાત કરવામાં આવેલી. ધ્રાંગધ્રા-હળવદ વચ્ચે 1876માં 16 માઇલનો રસ્તો બાંધ્યો. ફલકુ નદી ઉપર ‘ફરગ્યુસન પુલ’ 1884માં બનાવ્યો, જેનો શિલાન્યાસ 1880માં થયો હતો. તા. 25/6/1898માં ધ્રાંગધ્રા-વઢવાણ વચ્ચે રેલવે વ્યવહાર શરૂ થયો અને ધ્રાંગધ્રા રેલવે સ્ટેશન અસ્તિત્વમાં આવ્યું. હવામહેલ, માસાહેબનો મહેલ ને ટાવર તથા વઢવાણમાં ધ્રાંગધ્રાનો ઉતારો જેવા બાંધકામો માનસિંહજીના સત્તા સમય દરમિયાન કરવામાં આવેલા. હરીપર ઉપરાંત મંગલપર, મેરૂપર અને માનપર નામનાં ગામો વસાવ્યા. પ્રજાની સુખાકારી માટે શિતળાની રસી મુકાવનાર ઝાલાવાડનાં પ્રથમ રાજવી હતા. 1875 થી 78માં સતત અનાવૃષ્ટિ અને 1879માં ધરતીકંપ અને 1889માં ફરી દુષ્કાળનાં વર્ષોમાં રાજ્ય તરફથી દિલ ખોલીને પ્રજાજનોને સહાય કરી લોકોનાં હૃદયમાં અનેરૂં સ્થાન મેળવ્યું હતું. તા. 19/11/1900માં આ રાજવી દેવલોક પામ્યા.

- **મહારાણા અજીતસિંહજી (ઇ. સ. ૧૯૦૦–૧૯૧૧)**

અજીતસિંહજી ગાદીએ આવ્યા ત્યારે ડિસેમ્બર 1900માં પોલિટિકલ એજન્ટ કર્નલ

ડબલ્યુ. પી. કેનેડીએ ધ્રાંગધ્રા મુકામે દરબાર ભરીને તેમને ખરીતો એનાયત કર્યો હતો. આ રાજવી વધુ કડક અને શિસ્ત પાલનના હિમાયતી હતા. તેમનું વ્યકિતત્વ પ્રભાવશાળી હતું. સ્ટેટની પ્રજા વધુ કેળવાય એ માટે કેળવણી શિક્ષક મફત કર્યું. કોંઢ અને ટીકરમાં કન્યાશાળા ખોલવામાં આવી. 1905માં ધ્રાંગધ્રામાં 'અજીતસિંહજી હાઇસ્કૂલ' સ્થાપી અને બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે 'અજીતસિંહજી હોસ્ટેલ' ખોલી. મફત વાંચન માટે 'શ્રી જશવંતસિંહજી પુસ્તકાલય' શરૂ કર્યું. પ્રજાને મનોરંજન મળતું રહે એ માટે 'ભારત ભૂષણ નાટક કંપની' રાજ ખર્ચે ચલાવાતી હતી. કારણ કે અજીતસિંહજીને નાટકોનો અનહદ શોખ હતો, જેને માટે ક્લબ રોડ ઉપર ખાસ ઈમારત બનાવી હતી, જેમાં નાટકો, રામલીલા જેવા કાર્યક્રમો થતા હતા.

રાજનાં બંદોબસ્ત માટે પોતાનું અંગત નાનકડું લશ્કર 'ઝાલા મખવાન ઇનફંટી' હતું, જેની મદદથી પ્રજાને રંજાડતા મિયાણાં, જત અને ડફેરોને સખ્તાઇથી દબાવી દીધા. શ્રી કરણસિંહ ગોહીલ દિવાન, શ્રી ભવાનીસિંહ લશ્કરનાં વડા હતા અને એ પછી શ્રી છેલશંકર દવે ધ્રાંગધ્રાના સૈન્યદળમાં જોડાયા અને લશ્કરને મજબૂત કરી, વધારો કર્યો. સીતાપુર, મેથાણ અને ઉમરડામાં કોર્ટ શરૂ કરી.

કપાસનું ઉત્પાદન સારૂં હતું એટલે ઘનશ્યામ કોટન પ્રેસની સ્થાપના કરી. એ સમયે મુંબઈની બજારમાં ધ્રાંગધ્રાનાં રૂની ગુણવત્તા ભરૂચનાં રૂ જેવી થવા લાગી. ટીકરને મહાલનો દરજ્જો આપ્યો. 1903-05 દરમિયાન પ્લેગ રોગ દેખાયો ત્યારે આધુનિક દવાખાનાની સગવડ સાથે ડો. બારૈયાની જીતોડ મહેનતથી રાજ્યમાં ઓછી જાનહાનિ થઇ. એ સમયે ધ્રાંગધ્રાની વસ્તી 90 હજારની હતી.

પોતાના પુરોગામી રાજવીઓના પુનિત પગલે ચાલીને અજીતસિંહજીએ ઘનશ્યામગઢ, બાઇસાહેબગઢ, પ્રતાપગઢ અને હરીપર ગામો વસાવ્યા. તેઓ 28 વર્ષની વયે રાજા બની માત્ર 10 વર્ષ, બે માસ અને 20 દિવસ રાજ્ય કર્યું અને સને 1911ના ફેબ્રુઆરીમાં માત્ર 39 વર્ષની ભરયુવાન વયે શરીરે શીતળા નીકળવાથી દેવલોક પામ્યા હતા.

રાજ્યમાં લશ્કરી ખર્ચ વાર્ષિક 60-70 હજાર આવતો હોવાથી પ્રજાહિતનાં કાર્યો વધુ કરી શકાતા ન હોવાથી જરૂરી લશ્કર રાખીને તેમાં તોપદળ, રાજા માટે ભાલાધારી રક્ષકોનું દળ, અનામત મખવાન દળ અને પાયદળ એમ વિભાગો પાડી લશ્કરી તંત્રને વ્યવસ્થિત કર્યું. તેમનાં સમયમાં 'વીજળીયુગ' શરૂ થયો હતો.





1913માં ધ્રાંગધ્રા-હળવદ રેલવે લાઇન નાંખવાની મંજૂરીનો સ્વીકાર થતાં ભાવનગરના રેલવે મેનેજરને કારભાર સોંપાયો. 19 માઇલ લાંબી લાઇન માટે રાજ્યને 6 લાખ રૂપિયાનો ખર્ચ થયો. આ રેલવે લાઈનના પહેલા પુલનો શિલાન્યાસ ઝાલાવાડ પ્રાંતના પોલીટીકલ એજન્ટ લેફ. કર્નલ જે. બી. ચાર્ટર કર્યો હોવાથી તે 'ચાર્ટર બ્રીજ' તરીકે ઓળખાયો. આ રેલવે લાઇન ખુલ્લી મુકવાની વિધિ મી. સેલ્ડનના હસ્તે તા. 3 માર્ચ 1915નાં રોજ કરવામાં આવી. જાહેર કાર્યોમાં જોઇએ તો, ઇ.સ. 1913ના વર્ષમાં જશવંતબાગ, માસાહેબબાગ, માનસર અને રણમરસર તળાવો જનતા માટે ખુલ્લા મુકાયા.

આ સ્થળોએ જાહેર બગીચામાં અઠવાડીયે એકવાર રાજ્યનું પોલીસ બેંડ પ્રજાના મનોરંજન માટે વગાડવાનો હુકમ કરાયો હતો. 'વુલનકાર્પેટ મેઇકીંગ' ઉદ્યોગની શરૂઆત ઇ.સ. 1917માં થઇ. છીંકણી ઉદ્યોગ, ઘંટીના પડ બનાવવા, મેગ્નેશિયમ ક્લોરાઇડ બનાવવાનો ઉદ્યોગ, બ્રાહ્મણી નદીમાં પંપસેટથી સિંચાઇ કરવાની યોજના, ટીકરમાં 500 એકર નવી જમીન ખેતીલાયક બનાવી તેમજ શહેરને ઉદ્યોગોથી ધમધમતું કરવા શકિત આલ્કલી વર્કસ ખોલવામાં આવ્યું. રાજધાની સાથે દરેક મહાલને રસ્તાઓ વડે સાંકળી લીધા. તદ્ઉપરાંત ટેલિફોનની સગવડ કરી.

ધ્રાંગધ્રાના રાજવીઓમાં 'મહારાજા'નો ઈલ્કાબ મેળવનાર ઘનશ્યામસિંહજી પ્રથમ રાજવી હતા. 1918માં અંગ્રેજ સરકાર તરફથી તેમને C.I.E.નો ઈલ્કાબ મળ્યો. રાજ ઘનશ્યામસિંહજીને પણ K.C.S.I.નો ઈલ્કાબ અને તોપોની સલામીમાં બે તોપનો વધારો બ્રિટિશ સરકારે કરેલો. તા. 4/2/1942નાં દિવસે હૃદયરોગનાં હુમલાથી 57 વર્ષની વયે તેમનું અવસાન થયું.

- **શ્રીરાજ મેઘરાજજી ત્રીજા (ઇ.સ. ૧૯૪૨ થી ૧૯૪૮ રાજ્ય સોંપ્યું ત્યાં સુધી)**

આ રાજવી મયૂરધ્વજસિંહજી નામે પણ જાણીતા છે. તા. 3/3/1923નાં રોજ તેમનો જન્મ થયો અને તા. 4/2/1942નાં રોજ રાજસત્તા મળી ત્યારે તેઓ સગીર હોવાથી અંગ્રેજ સત્તાએ એડ્મિનિસ્ટ્રેટરની નિમણૂંક કરી, બ્રિટિશ સરકારે અમલમાં મૂકેલી 'જોડાણ યોજના' મુજબ ધ્રાંગધ્રા રાજ્યની સાથે લખતર, સાયલા, ચુડા અને મૂળીનાં રાજ્યોને તા. 7/12/1943 ના રોજ જોડી દેવામાં આવ્યા, જેના વહીવટ માટે ખાસ દુર્લભજી સી. મહેતાની નિમણૂંક કરવામાં આવી.

ધ્રાંગધ્રા રાજ્ય અને ઇન્ડીયન ડોમીનીઅન વચ્ચે જે 'સ્ટેન્ડ સ્ટીલ એગ્રીમેન્ટ' કરવામાં આવ્યા તેના પર બ્રીજકુંવરબાએ સહી કરી. તા. 1/8/1947ના કાઠિયાવાડનાં રાજ્યો જેના આધારે વિલીન થયા તે દસ્તાવેજને આખરી ઓપ આપી જાહેર કર્યો અને ધ્રાંગધ્રા રાજ્યને હિન્દમાં વિલીન કર્યાની જાહેરાત કરી હતી. આ પ્રસંગની સ્મૃતિમાં તેમણે સિક્કા તૈયાર કરાવ્યા હતા. સ્વતંત્ર ભારતની જાહેરાત થઈ ન હતી તેમ છતાં તે સિક્કાની એક બાજુ વચ્ચે એક ચક્ર અંકિત કરવામાં આવ્યું હતું, જેની ફરતે મુગટ જેવી આકૃતિ જોવા મળે છે.

ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં તેમણે ઉચ્ચ અભ્યાસ કરી ફિલોસોફી, સોશિયલ એન્થ્રોપોલોજી તથા સૌરાષ્ટ્ર રાજ્યમાં 222 રજવાડાઓનું વિલીનીકરણ થયા બાદ તેઓ ઘણો સમય મેઘરાજજી બાપુ સાહેબ પુના ખાતે રહેતા હતા. વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ સાલિયાણા નાબૂદ ન કર્યા ત્યાં સુધી તેમને પૂર્વ રાજવી તરીકે સાલિયાણું મળતું હતું. સ્વભાવે એ ખૂબ જ મિલનસાર, વિનમ્ર અને સૌજન્યશાળી વ્યક્તિ હતા. ધ્રાંગધ્રા રાજ્યના છેલ્લા શાસક મહારાજા સર મયુરધ્વજસિંહજી ઝાલા (મેઘરાજસિંહજી ત્રીજા) તા. 1 ઓગસ્ટ 2010 ના રોજ 87 વર્ષની વયે ધ્રાંગધ્રા ખાતે દેવલોક પામ્યા.

- **શ્રીરાજ સોઢશાલજી ઝાલા (૨૦૧૦–૨૦૧૭)**

મહારાજા શ્રીરાજ મેઘરાજજી બાપુના પાટવી કુંવર મહારાજા સોઢશાલજી (શત્રુજિતદેવ) ધ્રાંગધ્રાના 46મા ઝલ્લેશ્વર તરીકે ધાંગધ્રાની ગાદીએ નોંધાયા છે. 1 ઓગસ્ટ 2010ના રોજ ધ્રાંગધ્રાના 46મા ઝલ્લેશ્વર બન્યા હતા. ઝાલા રાજવંશ પરંપરામાં ઝલ્લેશ્વર માત્ર સામાન્ય રાજા માટેનો શબ્દ નથી, પરંતુ વંશની રાજગાદી અને રાજવી પરંપરાનું પ્રતિનિધિત્વ કરતું ગૌરવપૂર્ણ સંબોધન છે. મહારાજા સોઢશાલજી 17 સપ્ટેમ્બર 2017 ના રોજ દેવલોક પામતા મહારાણશ્રી રાજ ડૉ. જયસિંહજી મયૂરધ્વજસિંહજી ઝાલા તા. 12 ડિસેમ્બર 2017 થી 47માં ॥ ઝલ્લેશ્વર ॥ બન્યા, કે જેઓ 'જયબાપા'નાં હુલામણા નામે ઓળખાય છે. તેઓ અમેરિકાની વિશ્વ પ્રસિદ્ધ ટેમ્પલટન યુનિવર્સિટી ખાતે નૃવંશશાસ્ત્રના વિખ્યાત પ્રોફેસર રહી ચૂક્યા છે.





## એક પરિચય... ધ્રાંગધ્રા

સૌરાષ્ટ્રમાં આવેલા સુરેન્દ્રનગર જિલ્લાનો તાલુકો, તાલુકામથક અને ભૂતપૂર્વ દેશી રાજ્યનું પાટનગર. ધ્રાંગધ્રા તાલુકો 22° 45'થી 23° 15' ઉ.અ. અને 71° 15'થી 71° 30' પૂ.રે. વચ્ચે આવેલો છે, જ્યારે ધ્રાંગધ્રા શહેર ફલ્કુ નદી પર 22° 59' ઉ.અ. અને 71° 28' પૂ.રે. પર આવેલું છે. આ તાલુકાની પૂર્વે લખતર અને દસાડા તાલુકાઓ, પશ્ચિમે હળવદ તાલુકો, દક્ષિણે મૂળી તાલુકો અને ઉત્તરે કચ્છનું નાનું રણ છે. તાલુકાનો વિસ્તાર 1369.8 ચો.કિ.મી. છે અને તેમાં એક શહેર અને કુલ 63 ગામો છે. તાલુકાનો મોટોભાગ લાવાના ખડકોમાંથી તૈયાર થયેલી કાળી જમીનથી બનેલો છે, જ્યારે નાના રણ નજીકનો ભાગ ઉજ્જડ, સપાટ અને ખારી જમીનવાળો છે. રાજસીતાપુર, મેથાણ અને ચરાડવાની આસપાસની જમીન સપાટ છે. ધ્રાંગધ્રા અને ઉમરડા નજીક આશરે 152.40 મી. ઊંચાઈ ધરાવતી ટેકરીઓ છે. ધ્રાંગધ્રા નજીકના રેતીખડકો જુરાસિક કાળના છે, જ્યારે કેટલોક ભાગ નિમ્ન ક્રિટેશિયસ કાળની કચ્છની ઉમિયા શ્રેણીના ખડકોથી બનેલો છે.

આ તાલુકામાં વહેતી ફલ્કુ, ચંદ્રભાગા, કંકાવટી, ઉમાઈ જેવી નાની નદીઓ કચ્છના નાના રણમાં સમાઈ જાય છે. માત્ર ચોમાસા દરમિયાન જ તેમાં પાણી રહે છે. આ નદીઓની એકંદર લંબાઈ 50 કિ.મી.થી ઓછી છે.

ધ્રાંગધ્રા તાલુકામાં સરેરાશ 487 મિ.મી. વરસાદ પડે છે, રણ નજીક વર્ષાપ્રમાણ 350 મિ.મી.થી પણ ઓછું હોય છે. ઉનાળાનું સરેરાશ ગુરૂતમ તાપમાન જુલાઈ માસમાં 41.9° સે. અને લઘુતમ તાપમાન 26.3° સે. જેટલું રહે છે, જોકે ક્યારેક વધીને તે 45° સે. થઈ જાય છે. શિયાળાનું જાન્યુઆરી માસમાં ગુરૂતમ અને લઘુતમ તાપમાન અનુક્રમે 28.2° સે. અને 12.9° સે. જેટલું રહે છે, ક્યારેક તે ઘટીને 8° સે. થઈ જાય છે.

આ તાલુકામાં બાવળ, ગાંડો બાવળ, આવળ, કેરડો, ખીજડો, વરખડો વગેરે વૃક્ષો જોવા મળે છે, જ્યારે વસ્તી નજીક લીમડા, પીપળા, વડ જેવાં વૃક્ષો હોય છે. અહીં ગીર ઓલાદનાં ગાય અને બળદ તથા જાફરાબાદી ભેંસ ઉપરાંત, ઘેટાં-બકરાંની સંખ્યા વિશેષ છે. ધ્રાંગધ્રા નજીકનું ભૂપૃષ્ઠ રેતીખડકોથી છવાયેલું છે, ત્યાંથી આ પથ્થરોનું ખાણકાર્ય થાય છે. કપચી, રેતી અને મીઠું પણ અહીંથી મેળવાય છે.

અહીંની કુલ 1,07,771 હેક્ટર જમીનમાં વાવેતર થાય છે. અનાજમાં જુવાર, બાજરીનું

પ્રમાણ 85% જેટલું છે, જ્યારે ઘઉં અને કઠોળનું પ્રમાણ 15% છે. ખેડાતી જમીનના આશરે 30% જમીનમાં અનાજ, 40% જમીનમાં કપાસ જેવા રોકડિયા પાકો લેવાય છે. તેલીબિયાંમાં તલ અને મગફળીનું પ્રમાણ વધુ છે. કૂવાઓ દ્વારા સિંચાઈ થાય છે.

ભાષાઓના જ્ઞાતા અને કવિ હતા. 1898માં માનસિંહજીના સમયમાં ધ્રાંગધ્રા-વઢવાણ રેલવે શરૂ થઈ. અજિતસિંહે (1900-1911) મિયાણાઓની ફોજ ઊભી કરી હતી અને શિક્ષણને પ્રોત્સાહન આપ્યું હતું. તેમના પુત્ર ઘનશ્યામસિંહજી(1911-1942)ના અમલ દરમિયાન ધ્રાંગધ્રામાં 1931-32માં લોકોએ તેમની દમનનીતિનો વિરોધ કરી સત્યાગ્રહ કર્યો હતો, તેમણે કાઠિયાવાડ પ્રજાપરિષદની બેઠક ભરવા દીધી ન હતી. 1926માં ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ શરૂ થયું. તેમના અનુગામી મયૂરધ્વજસિંહજીએ વડોદરામાં વહીવટી તાલીમ લીધેલી. તેમણે ન્યાયતંત્રને કારોબારીથી અલગ કર્યું. તેમના રાજ્યકાળમાં હરપાલનગરની સિંચાઈ-યોજના, કાપડમિલ અને ગ્રામિણ ટ્રેનિંગ કૉલેજ શરૂ કરવામાં આવી. તેમણે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું. 1948ના એપ્રિલમાં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં ધ્રાંગધ્રાનું વિલીનીકરણ થયું, જેમાં રૂપિયા 1,70,000નું સાલિયાણું તેમને મંજૂર થયેલું, પરંતુ 1971માં તે રદ થયું.

– શિવપ્રસાદ રાજગોર

## ધ્રાંગધ્રા તાલુકાના ગામોના જૂના નામ...

| હાલનું નામ | જૂનું નામ | હાલનું નામ | જૂનું નામ |
|---|---|---|---|
| ✦ જીવા | ધીવા | ✦ નરાળી | નબેરી |
| ✦ જેસીડા | ધીસડા | ✦ કંકાવટી | કૂવા, કોહા, કુહા |
| ✦ મેથાણ | મિહિરસ્થાન | ✦ નવલગઢ | જાલીજળ |
| ✦ સીતાપુર | સીથા, સિંહસ્થળ | ✦ દેવચરાડી | કરાડી |
| ✦ રામગઢ | લુબાણુ, લવાણુ | ✦ વસાડવા | વસડુવા |
| ✦ ભેચડા | ભૂછડા, ભૂસડા | ✦ ગંજેળા | ગંગેલા |
| ✦ જેગડવા | ઘેઘાડુવા | ✦ કોંઢ | કંકડ, કઉંઢ, કુંઢ |
| ✦ ધ્રાંગધ્રા | ધ્રાંગધરા | ✦ રાવળિયાવદર | આવલીઆવદર |
| | | ✦ ગાજણવાવ | ગજનીવાવ |





## ધ્રાંગ ધરા (ધ્રાંગધ્રા)...

ઐતિહાસિક નગરી ધ્રાંગધ્રાનું નામ મૂળ શબ્દ ધ્રાંગ...ધરા પરથી ઉતરી આવ્યું છે. ધ્રાંગ એટલે પથ્થર અને ધરા મતલબ ધરતી. અર્થાત પથ્થરોની ધરતી એટલે ધ્રાંગધ્રા. આજની યુવા પેઢી ધ્રાંગધ્રાને સ્ટોન સિટી (Stone city) પણ કહે છે.

ઘણા બધા ગામ અને નગરોના નામ જે તે સમયના રાજાઓના નામ પરથી કે રાણીઓના નામ પરથી પડતા હોય છે પણ ધાંગધ્રા બાબતમાં એવું નથી. કાળક્રમે ધ્રાંગ ધરા શબ્દમાંથી ધ્રાંગધ્રા શબ્દ અસ્તિત્વમાં આવ્યો.

નામના અર્થ પ્રમાણે જ ધ્રાંગધ્રાનો પથ્થર આ ઓળખને ચરિતાર્થ કરે છે. ઇતિહાસમાં ડોકિયું કરીએ તો રાજા-રજવાડાના કાળથી માંડીને 21મી સદી સુધીમાં ઘણું બધું બદલાયું છે, પણ એ પથ્થરે પોતાની ઓળખ જાળવી રાખી છે. હજારો વર્ષ પહેલા પણ ભવ્ય દેવાલયો-મહાલયોના નિર્માણમાં ધ્રાંગધ્રાના પથ્થરની જ પસંદગી થતી અને આજે પણ આ પથ્થર ધ્રાંગધ્રાની ઓળખ છે. કાળ થપાટોની વચ્ચે ટક્કર લેતો ધ્રાંગધ્રાનો પથ્થર ખૂબ લાંબુ આયુષ્ય ધરાવે છે. પ્રાચીન દેવાલયો-મહાલયો, કિલ્લાઓ, વાવ, મિનારાઘાટ, સ્નાનાગારો, હાટડીઓ, ઓટલાઓ આજે પણ તેની સાક્ષી પુરતા અડીખમ ઊભા છે. ઠંડી, ગરમી, વર્ષા, ઠાર, ધુમ્મસ, ઝાકળઝંઝા જેવા પ્રતિકૂળ વાતાવરણમાં પણ આ પથ્થર પોતાના અસ્તિત્વની લડાઈ લડી શકે છે. એટલે જ આજે પણ આ પથ્થર ઝાલાવાડ કે ગુજરાત રાજ્યના સીમાડા ઓળંગીને સમગ્ર ભારતમાં પ્રખ્યાત થયો છે અને ધ્રાંગધ્રાનો પથ્થરોનો કારોબાર ધમધમે છે.

આ પાષાણની જેમ અહીંના શિલ્પીઓ પણ ખૂબ જ કીર્તિ પામ્યા છે. ધ્રાંગધ્રાના સોમપુરા સમાજના શિલ્પીઓની સમગ્ર ભારતવર્ષમાં એક આગવી ઓળખ ઊભી થયેલી છે. દેશમાં અગણિત દેવળો અને મહેલો એમના થકી નિર્માણ પામ્યા છે. અન્ય સમાજના પણ કેટલાક શિલ્પીઓ આ ક્ષેત્રે કામ કરી પોતાનું ગુજરાન ચલાવવાની સાથે આ ભવ્ય કલાવારસો જાળવી રાખવાનું તથા તેના રક્ષણ અને સંવર્ધનનું કામ કરી રહ્યા છે.

પથરાળ ધરતીમાં પથ્થરોની વચ્ચે રહેતા અહીંના માનવીઓના હૈયા પથ્થર જેવા કઠોર નથી પણ બહારથી બરછટ નાળિયેરમાંના અંદરના મીઠા ટોપરા જેવા છે. આમ પણ લોકોક્તિ છે કે પથ્થરોના પોલાણમાં રહેલું પાણી મીઠું અને ચોખ્ખું હોય છે. અહીં શ્રી દેશળ ભગત અને શ્રી વાલબાઈ મા જેવા અમર ચરિત્રો થયા છે. આ ધરતી પર સમર્થ પણ સરળ એવા સંતો અને ભોળા ભક્તો થયા છે. પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી એવા પ્રજાવત્સલ રાજવીઓ થયા છે. જરૂર પડે ત્યારે લોકકલ્યાણ અર્થે પોતાનું સર્વસ્વ અર્પણ કરનારા મહાજનો દાનવીરો પણ થયા છે.

ગૌ-રક્ષા કે માતૃભૂમિ કે બહેન દીકરીની રક્ષા માટે જીવનું બલિદાન આપનારા શૂરવીરો પણ થયા છે. તાલુકાના ગામડે ગામડે ઊભેલા પાળિયા એની સાક્ષી પૂરે છે.

આમ તો નીચલા પાષાણ કાળથી ધ્રાંગધ્રાનો ઇતિહાસ શરૂ થાય છે. પણ એ પછીના સમયની સત્તાવાર પુરાવા સાથેની વાત કરીએ તો ધ્રાંગધ્રા રજવાડું બ્રિટિશરાજ દરમિયાનનું રજવાડું હતું. ઝાલાવાડ રાજ્યની સ્થાપના તો **1090** માં થઈ હતી પણ ઈસવીસન **1742** માં ધ્રાંગધ્રા નવી રાજધાની રૂપે સ્થપાયું. ધ્રાંગધ્રા પર ઝાલા વંશના રાજપૂતોએ શાસન કરેલું. જેના વંશજો આજે પણ આ નગરમાં છે.

આ નગર ફલકું નદીના કિનારે આવેલું છે. ધ્રાંગધ્રાની ભૂમિ સામાન્ય રીતે પથરાળ રેતાળ કાળી તથા કેટલીક જગ્યાએ લાલ માટીની બનેલી છે. દરિયાઈ સપાટીથી સરેરાશ **48** મીટરની ઊંચાઈ આ નગર ધરાવે છે. ધ્રાંગધ્રા 23° ઉત્તર અક્ષાંશ અને 71.28 પૂર્વ રેખાંશના સંગમ સ્થાને વસેલું છે. જોકે અહીંની ગરમ અને સૂકી આબોહવા હોવા છતાં એ સ્વાસ્થ્ય માટે સારી ગણાય છે. તાલુકાના કેટલાક ભાગમાં કચ્છનું નાનું રણ સ્પર્શે છે. ઉનાળામાં અહીંનું તાપમાન ખૂબ જ ઊંચું રહે છે. એમ કહું તો અતિશયોક્તિ નથી કે આ ગુજરાતનું બહુ અગત્યનું શહેર છે. પથ્થરો ઉપરાંત મીઠા આધારિત રસાયણ ઉદ્યોગ ક્ષેત્રે આ શહેર પ્રમુખસ્થાન ધરાવે છે. મીઠાની ખેતીમાં કુડા ગામ સમગ્ર રાજ્યમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. વડાગરું મીઠું અહીં મોટા પ્રમાણમાં પકવવામાં આવે છે.

ધ્રાંગધ્રામાં આવેલું ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ (DCW) ગણમાન્ય ઔદ્યોગિક યુનિટ છે. DCW ભારતની એક અગ્રણી મલ્ટી પ્રોડક્ટ કેમિકલ ઉત્પાદક કંપની છે. બીજા પણ નાના મોટા ઔદ્યોગિક યુનિટો ધ્રાંગધ્રામાં આજે પણ કાર્યરત છે.

શિક્ષણની વાત કરીએ તો રાજવીકાળથી જ શિક્ષણ બાબતે શાસકો ખૂબ જાગૃત હતા. જે તે સમયમાં રાજ્ય દ્વારા શાળાઓ ચાલતી હતી. આજની વાત કરીએ તો ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળની નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા સંચાલિત પ્રતિષ્ઠિત અને સંપૂર્ણ નિવાસી શાળા જવાહર નવોદય વિદ્યાલય પણ ધ્રાંગધ્રા તાલુકામાં જ આવેલી છે. જે ધ્રાંગધ્રા-માલવણ ધોરીમાર્ગથી નજીક ઇસદ્રા રોડ, હરીપર, તાલુકો ધ્રાંગધ્રા ખાતે આવેલી છે.

ધાંગધ્રાનું લોકજીવન અને સાંસ્કૃતિક વારસો પણ ભવ્ય અને દિવ્ય છે. ખાંભડા, ગાળા, નારીચાણા જેવા ગામોમાં થતા મેળાઓ કંઈક ઇતિહાસ અને કથાઓ સંઘરીને બેઠા છે. ધ્રાંગધ્રાનો શીતળા સાતમનો મેળો પણ ખૂબ જ દર્શનીય હોય છે. ઉત્સવ નગરી ધ્રાંગધ્રામાં રામનવમીની શોભાયાત્રા હોય કે મુસ્લિમ બિરાદરોના તાજિયા... બધું સામાજિક સમરસતાના ઉદાહરણરૂપ ખૂબ જ ધામધૂમથી નીકળે છે.

પ્રાચીન ભવ્ય આવાસો-નિવાસો, રાજમાર્ગો, જળાશયો, બાગબગીચા, ચિકિત્સાલયો,





જોગાસર જેવા તળાવો, સ્નાનાગરો, નાટ્ય શાળાઓ, શાળા મહાશાળાઓ, ધર્મશાળાઓ, અનાથાલયો વગેરે એક સમયના ભવ્ય વારસાની યાદ અપાવે છે. તો આજે પણ નૂતન નિર્માણ પામેલા ભગવતધામ, સંસ્કારધામ, ત્રિમંદિર ઉપરાંત નવા સ્વરૂપે નવો જન્મ પામેલા જોગાસર તળાવ, મયુર બાગ, સર અજીતસિંહ હાઇસ્કૂલ વગેરે પણ જોવાલાયક સ્થળો છે.

ધ્રાંગધ્રા શહેરની દક્ષિણે ધ્રાંગધ્રા-સુરેન્દ્રનગર ધોરીમાર્ગ પર આવેલો આર્મી કેમ્પ ધ્રાંગધ્રામાં પ્રવેશતા જ એની શોભામાં વધારો કરે છે. ધ્રાંગધ્રાની ભૂમિ પથરાળ અને કેટલીક રણપ્રદેશની મરૂભૂમિ હોવા છતાં ઘણી જમીનો ખૂબ જ ફળદ્રુપ પણ છે. આ તાલુકો વિપુલ જળસંપદા પણ ધરાવે છે. અહીંની ખેતી સમૃદ્ધ ગણાય છે. ડેમ, નદી, તળાવ, સરોવરની કુદરતી અને માનવ-નિર્મિત ભેટ પણ આ તાલુકાને મળેલી છે.

પણ સંક્ષિપ્તમાં કહું તો ધ્રાંગધ્રા સર્વગુણ સંપન્ન કહેવામાં કોઈને અતિશયોક્તિ જેવું લાગતું હોય તો બહુગુણ સંપન્ન નગરી તો છે જ.

ઝાલાવાડનો ઇતિહાસ હંમેશા ગૌરવ અને ખમીર ભર્યો જ રહ્યો છે. અહીં દરેક પૂજનીય પથ્થરમાં પોતાનો આગવો ઇતિહાસ છુપાયેલો છે. ત્યારે ઝાલાવાડની આ ખમીરવંતી ભૂમિ પર ધ્રાંગધ્રા વર્ષોથી વસેલું છે જેનું નામ જ પથ્થરની ભૂમિ પરથી પાડવામાં આવ્યું છે. 'ધ્રાંગ' એટલે કે પથ્થર અને 'ધરા' એટલે કે ભૂમિ જેનો મતલબ થાય છે કે પથ્થરોની ભૂમિ ! ધ્રાંગધ્રા માત્ર ઝાલાવાડ અથવા ગુજરાતમાં જ નહિ પરંતુ દેશ અને વિદેશમાં પથ્થર માટે જાણીતું છે. કહેવાય છે કે આજેય રાજ્યના અનેક સ્થળો પર ધ્રાંગધ્રા પથ્થરમાંથી બનેલો ઘંટુલો (અનાજ દળવાની ચક્કી) સાચવીને રાખવામાં આવ્યા છે. આ સાથે યુ.એસ.એ.ના વાઇટ હાઉસમાં તથા ઇંગ્લેન્ડ મહારાણીના મહેલમાં જે મૂર્તિઓ છે તે ખાસ ધ્રાંગધ્રા પથ્થરથી નિર્માણ થયેલ છે આ સાથે રાજ્ય અને દેશના સુપ્રસિદ્ધ મંદિરો જેમ કે સોમનાથ, દ્વારકાધીશ, સૂર્યમંદિર સહિતના મંદિરોમાં ધ્રાંગધ્રા પથ્થરનો ઉપયોગ થયો છે. એટલું જ નહિ પરંતુ ગુજરાતની સૌથી મોટી મસ્જિદ એટલે કે જામા મસ્જિદમાં પણ અહીંના પથ્થરનો ઉપયોગ થયો છે. ધ્રાંગધ્રા પથ્થર કોઈપણ તાપમાનમાં ટકી શકે છે અને વર્ષો સુધી ખરાબ નથી થતો સાથે જ ખૂબ જ મજબૂત હોવાની વિશેષતાના લીધે વર્ષો સુધી ઇમારતો ટકાવી રાખવા ધ્રાંગધ્રા પથ્થરની પસંદગી કરવામાં આવે છે.

ધ્રાંગધ્રા પંથકના પેટાળમાંથી નીકળતો પથ્થર ત્રણ સ્વરૂપમાં નીકળે છે. જેમાં એક રેતાળ એટલે કે સફેદ, પીળો અને એક ગુલાબી રંગનો દેખાય છે. ખાસ કરીને મોટાભાગે પથ્થરનો ઉપયોગ મંદિરો બાંધવામાં અને ભગવાનની પ્રતિમા બનાવવામાં થતો હોય છે. ધ્રાંગધ્રાના પથ્થર જગવિખ્યાત હોવાથી અહી પથ્થરથી જોડાયેલા કારીગરો પણ પોતાની રોજી રોટી ચલાવે છે.

## ધ્રાંગધ્રા સત્યાગ્રહ...

હાલના સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા રાજ્ય આવેલું હતું. ત્યાં લોકોને નાગરિક સ્વાતંત્ર્ય ન હતું. 1931માં કાઠિયાવાડ રાજકીય પરિષદનું છઠ્ઠું અધિવેશન ધ્રાંગધ્રામાં ભરવા માટે ધ્રાંગધ્રા તથા હળવદના લોકોએ નિમંત્રણ પાઠવ્યું. તે જાણીને રાજ્યના સત્તાધીશોએ પરિષદ ભરવા સામે પ્રતિબંધ ફરમાવ્યો. પરિષદના મંત્રી દેવચંદ પારેખે દીવાન માનસિંહજી સમક્ષ કરેલી માગણીનો અસ્વીકાર થયો. ધ્રાંગધ્રાના આગેવાન માણેકચંદ નાનજીને દીવાને ધમકી આપી પણ તેનાથી તે ગભરાયા નહિ. આ દરમિયાન 21 સપ્ટેમ્બર, 1931ની સાંજે ધ્રાંગધ્રાના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ દાદભાએ માણેકચંદ નાનજી, સુખલાલ ઠક્કર, રતિલાલ સંઘવી સહિત આઠ કાર્યકરોને પોલીસ કચેરીએ બોલાવી ધમકાવી, ગિરફતાર કરી દોરડે બાંધીને જેલમાં પૂર્યા. તેથી ધ્રાંગધ્રામાં તરત દુકાનો બંધ થઈ. એકઠા થયેલા લોકોના શાંત ટોળા પર પોલીસોએ લાઠીમાર કર્યો. આશરે 75 પુરૂષો તથા 25 સ્ત્રીઓને તેમાં ઈજાઓ થઈ. આ નિર્દય લાઠીમારના વિરોધમાં લોકોએ હડતાળ પાડી. ગ્રીનચોકમાં સ્ત્રીઓ ભેગી થઈ. રાત્રે દશ વાગ્યા સુધી તેમણે રાષ્ટ્રગીતો ગાયાં.

હળવદમાં તથા સીતાપુરમાં એ જ દિવસે લોકોનાં ટોળાં પર પોલીસે કરેલા લાઠીમારથી સેંકડો લોકો ઘાયલ થયા. તેના વિરોધમાં લોકોએ હડતાળ પાડી. આવા જુલમના ઉપાયનો વિચાર કરવા કાઠિયાવાડના આગેવાનોનું સંમેલન વઢવાણમાં બોલાવવામાં આવ્યું. તે મુજબ અમરેલી, રાજકોટ, જામનગર, મોરબી, પાલિતાણા વગેરે સ્થળોના આશરે 400 કાર્યકરોની તા. 28-9-31ના રોજ મળેલી સભાએ 5 સભ્યોનું પ્રતિનિધિમંડળ નીમ્યું. આ પ્રતિનિધિ મંડળે દીવાન સાથે કરેલ સમાધાન ધ્રાંગધ્રાના લોકોને ગમ્યું નહિ. તેથી મુંબઈના ધ્રાંગધ્રા રાજ્ય પ્રજામંડળના આગેવાનોએ એક નિવેદન પ્રગટ કરી અત્યાચાર સામે ઇન્સાફ મેળવવા ચળવળ અનેકગણા વેગથી ચાલુ રાખવા જણાવ્યું તથા 21 ઑક્ટોબરના રોજ આખા સૌરાષ્ટ્રમાં અને અન્યત્ર 'ધ્રાંગધ્રા દિન' ઉજવવા નિવેદન પ્રગટ કર્યું. મુંબઈના અખિલ હિંદ રાજસ્થાન પરિષદના મંત્રી મણિશંકર ત્રિવેદી લોકોને પ્રોત્સાહન આપવા તે દિવસે ધ્રાંગધ્રા ગયા. સવારનો 'ધ્રાંગધ્રા દિન'નો કાર્યક્રમ શાંતિથી ઊજવાયા બાદ રાજ્યના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટે ક્રિ.પ્રો. કોડની 144મી કલમ મુજબ સભા, સરઘસ કે દેખાવોનો પ્રતિબંધ ફરમાવ્યો તથા મણિશંકર ત્રિવેદીને રાજ્યની હદ બહાર મોકલી દીધા. તેના વિરોધમાં ધ્રાંગધ્રા અને હળવદમાં હડતાળ પડી. ત્યારબાદ ધ્રાંગધ્રાના 6 અને હળવદના 3 કાર્યકરોને હદપાર કરવામાં આવ્યા. હળવદમાં તે દિવસે થયેલા લાઠીમારમાં 19 યુવાનો ઘવાયા.





વઢવાણમાં કાઠિયાવાડના કાર્યકરોની મળેલી સભાએ ધ્રાંગધ્રા સહાયક સમિતિને વિસ્તારી ધ્રાંગધ્રા સહાયક કાઠિયાવાડ સમિતિની રચના કરી તેના મંત્રીપદે સ્વામી શિવાનંદજી તથા નાનાલાલ મોરારજી દવેની નિમણૂક કરી. આ સભાએ ફૂલચંદભાઈ શાહના માર્ગદર્શન મુજબ કાઠિયાવાડ રાજકીય પરિષદ સામેનો મનાઈ હુકમ 3 નવેમ્બર, 1931 સુધીમાં રદ કરવા માગણી કરી તથા રાજ્ય જવાબ ન આપે તો સત્યાગ્રહ શરૂ કરવા જણાવ્યું. તે અંગે રાજ્યે જવાબ ન આપવાથી 4 નવેમ્બરના રોજ શિવાનંદજીની આગેવાની હેઠળ 5 બહેનો તથા 25 જેટલા ભાઈઓની પ્રથમ ટુકડી વઢવાણથી રેલવેમાં ધ્રાંગધ્રા પહોંચી. તે બધા સત્યાગ્રહીઓને ખટારામાં બેસાડી અજાણ્યા સ્થળે છોડી દેવામાં આવ્યા. ત્યારબાદ બીજીથી સાતમી ટુકડીના સત્યાગ્રહીઓને ગિરફતાર કરી, ખટારામાં બેસાડી અજાણ્યા સ્થળે ઉતારી દેવામાં આવ્યા. ન્યાયનું નાટક કરીને માણેકચંદ નાનજીને બાર મહિનાની, હરિલાલ લાઠીને છ મહિનાની તથા બાકીના બધા ધ્રાંગધ્રાના વતનીઓને ત્રણ-ત્રણ માસની સખત કેદની સજા કરવામાં આવી. તેઓના પગમાં વજનદાર બેડીઓ પહેરાવવામાં આવી. ફૂલચંદભાઈની હાકલ અનુસાર ધ્રાંગધ્રા સહિત કાઠિયાવાડનાં નગરોમાંથી તથા મુંબઈ, રંગૂન, કરાંચી, કોલકાતા વગેરે સ્થળોએથી કુલ 51 સત્યાગ્રહીઓ વઢવાણ આવ્યા અને 21-12-1931 એટલે કે ધ્રાંગધ્રા દિનની ત્રીજી માસિક તિથિએ પાંચ ટુકડીઓમાં વહેંચાઈ, જુદે જુદે સ્થળેથી રાજ્યની હદમાં પ્રવેશ કરી કાનૂનભંગ કર્યો. તે તમામની ધરપકડ કરી જેલમાં પૂરી દેવામાં આવ્યા. ફૂલચંદભાઈની આગેવાની હેઠળ છેલ્લી (તેરમી) ટુકડીએ 5-1-1932ના રોજ વઢવાણથી નીકળી બપોરે ધ્રાંગધ્રા પહોંચતાં બધાને ગિરફતાર કરી ધ્રાંગધ્રાની જેલમાં લઈ જવામાં આવ્યા. આ ટુકડીમાં ફૂલચંદભાઈનાં 70 વર્ષનાં માતુશ્રીનો સમાવેશ થતો હતો. લગભગ 150 જેટલા સત્યાગ્રહીઓ પકડાઈને જેલમાં ગયા હતા.

આ દરમિયાન બીજી ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી પાછા ફર્યા બાદ સરકારે કૉંગ્રેસના નેતાઓની ધરપકડ કરવાથી દેશવ્યાપી ચળવળ ફરી શરૂ થઈ. કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખ સરદાર વલ્લભભાઈ પટેલે આવી કટોકટીના સમયે દેશી રાજ્યમાં લડત ન કરવા ફૂલચંદભાઈ વગેરેને સમજાવ્યા. જામનગરના રાજાએ ધ્રાંગધ્રાના રાજાને જણાવ્યું કે જુલમ કરશો તો રાજ ગુમાવશો. તે પછી સત્તાધીશોએ 5 ફેબ્રુઆરી, 1932થી 11 ફેબ્રુઆરી સુધીમાં બધા સત્યાગ્રહીઓને છોડી મૂક્યા અને સત્યાગ્રહનો અંત આવ્યો; પરંતુ કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરવા સામેનો પ્રતિબંધ રદ ન થવાથી સત્યાગ્રહનો હેતુ સિદ્ધ થયો નહિ.

**–શિવપ્રસાદ રાજગોર**

# ધ્રાંગધ્રાના રક્ષિત સ્મારકો

## • પ્રાચીન રાજધાની કંકાવટીનું પ્રવેશદ્વાર :



ઈતિહાસના પાનાંઓ ખોલતાં ઝાલાવાડની ધરતી પર એક એવું ગૌરવવંતુ નામ ગુંજી ઉઠે છે, જે શૌર્ય, સંઘર્ષ અને સાહસની સરવાણી વહાવે છે એ છે કંકાવટી ! એક સમયે ઝાલાવાડની રાજધાનીનું મુકુટ પહેરેલી આ નગરીના ઈતિહાસની સુવાસ આજે પણ વાયુમાં મહેકે છે. પાટણ પર અલાઉદ્દીન ખીલજીના આક્રમણ અને કર્ણદેવજી વાઘેલાની સત્તાના સૂર્યના અસ્ત પછી, ઝાલા શાસકોએ આ સુરક્ષિત ભૂમિને પોતાની રાજધાની તરીકે પસંદ કરી હતી. પાટરી (પાટડી)ના અભિલેખ મુજબ ઝાલાવાડના રાજા રાણશ્રી રામસિંહજીએ આ ગઢનું નિર્માણ કરાવ્યું હતું, અને સમયના વહેણ સાથે માંડલ પર આક્રમણ થતાં રાણશ્રી જેતસિંહજીએ પણ આ જ ગઢને પોતાની રાજધાનીનું ગૌરવ બક્ષ્યું હતું.

આ નગરીના નામકરણની કહાની પણ એટલી જ રસપ્રદ છે. લોકબોલી કે દેશી ભાષામાં 'કંકાવટી' એટલે કે કુવા તરીકે ઓળખાતું હતું. પરંતુ ઈતિહાસના ગર્ભમાંથી મળી આવતા શિલાલેખોમાં 'કોહા' ગામ તરીકે તેનો ઉલ્લેખ જોવા મળે છે. આમ, 'કોહા' શબ્દનો અપભ્રંશ થતાં તેમાંથી 'કંકાવટી' નામ અસ્તિત્વમાં આવ્યું હોવાનું પ્રતીત થાય છે. પર્શિયન ભાષાના 'કોહ' શબ્દનું બહુવચન એટલે 'કોહા', જેનો શાબ્દિક અર્થ 'ટેકરીઓ' થાય છે. કુદરતની ગોદમાં જાણે ટેકરીઓની હારમાળાથી વેષ્ટિત આ કોહા (કંકાવટી) ગઢનું વ્યૂહાત્મક સ્થાન એવું અદ્ભુત હતું કે દૂરથી આવતા દુશ્મનોની નજરમાં પણ તે સહેલાઈથી ન આવે !

સમયના ચક્ર સાથે વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલા આ ભવ્ય કિલ્લાની જાહોજલાલી આજે ભલે સમયના પડળ પાછળ છુપાઈ ગઈ હોય, પરંતુ તેની સાક્ષી પૂરતો એકમાત્ર અસીમ તેજસ્વી અવશેષ એટલે કંકાવટીનો આ ઈતિહાસ-મંડિત પ્રવેશદ્વાર ! ગુજરાતની સુલતાન સત્તાને લલકારનાર ઝાલાવાડની વીરભૂમિના સ્વામી, રાજા રાણશ્રી વાઘોજીએ યુદ્ધના ઘોર વાદળો ઘેરાતા જ આ કિલ્લાને શસ્ત્ર-શાસ્ત્રથી સુસજ્જ બનાવ્યો હતો. વાઘોજીના ઓજસ ભરેલા





નેતૃત્વ હેઠળ ઝાલાવાડની પ્રત્યેક કોમ એક સૂત્રે બંધાઈ ગઈ અને મહમદ બેગડાની વિશાળ સેના સામે અદમ્ય પ્રતિકારનું વાવાઝોડું ઊભું કર્યું.

જોકે, વિધિની વક્રતા તો જુઓ ! જીતાઈ ગયેલું આ યુદ્ધ અંતે હારમાં પરિણમ્યું. મહમદ બેગડાના ભાગતા સૈન્યની પાછળ રણસંગ્રામમાં લડતા લડતા રાજા રાણશ્રી વાઘોજી વીરગતિ પામ્યા અને ઝાલાવાડી સૈન્ય વિખેરાઈ ગયું. દુશ્મનની પિશાચી સેના ગઢમાં પ્રવેશે તે પહેલાં જ, રાજગઢીમાં રહેલી રાણશ્રી વાઘોજીના રાણીઓ અને અન્ય ઝાલાવાડી વીરાંગનાઓએ પોતાના સતીત્વ અને સ્વમાનની રક્ષા માટે ગઢમાં આવેલા કૂવામાં ઝંપલાવીને અમર 'જલજોહર' કર્યો. આ ક્રૂર અને હૃદયદ્રાવક ઘટના પછી, વિજયના મદમાં આંધળા બનેલા મહમદ બેગડાએ તોપના ગોળાઓથી કંકાવટીની રાજગઢી, મંદિરો અને ગઢની દીવાલોને છિન્નભિન્ન કરી નાખી હતી. સબલેશ્વર મહાદેવના પ્રાંગણ સામેની દીવાલ અને ગામના ટોડામાં આજની તારીખે પણ તોપના એ ગોળાઓના અમીટ નિશાન તે કાળઝાળ ઈતિહાસની ચીસો પાડી રહ્યા છે, જેને ઈતિહાસમાં 'કૂવાના કેર' તરીકે ઓળખવામાં આવે છે.

આજે ઝાલાઓ અને ઝાલાવાડીઓની અસીમ વીરતા અને બલિદાનની કથા કહેતો આ કંકાવટી કોટનો પ્રવેશદ્વાર ભલે સાદો દેખાય, પરંતુ તે પ્રાચીન સ્થાપત્યકલાનું એક સીમાચિન્હ અને અજોડ રત્ન છે. અહીં કમાનયુક્ત અને તોરણ આકારના ભવ્ય પ્રવેશદ્વારો તેની કલાત્મક સમૃદ્ધિની ડૂબકી લગાવડાવે છે. આજના આધુનિક યુગમાં ઝાલાવાડના આ ગૌરવવંતા વિરાસતને ગુજરાત સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા 'રક્ષિત સ્મારક' તરીકે જાહેર કરીને ઈતિહાસના આ પવિત્ર અગ્નિને જીવંત રાખવામાં આવ્યો છે.



## • માતૃકા વાવ (માત્રી વાવ), કંકાવટી

સમગ્ર ઝાલાવાડ પંથકમાં આવેલી વાવોમાં સાંસ્કૃતિક, ઐતિહાસિક, ધાર્મિક અને કલાત્મક દ્રષ્ટિએ જોઈએ તો કંકાવટીની માતૃકા વાવ (માત્રી વાવ)નું સ્થાન અગ્રિમ છે.

વાવના મુખ્ય ચાર પ્રકાર છે : (1) નંદા, (2) ભદ્રા, (3) જયા અને (4) વિજયા. કંકાવટી ગામના તળાવની મધ્યમાં આવેલી આ નંદા પ્રકારની વાવ છે.

સંસ્થાન હળવદ-ધ્રાંગધ્રા ઝલેશ્વર મહારાણા રાજશ્રી જયસિંહના પ્રતિનિધિ અને ઇતિહાસવિદ ઝાલા શ્રી સંજયસિંહ અજીતસિંહ અણીદરા દ્વારા આ વાવ ઉપર કરવામાં આવેલા સંશોધન મુજબ અને ઝાલા રાજવંશના આદ્ય બારોટ માનસિંહ હરિસિંહની વહી મુજબ વિક્રમ સંવત 1400 થી 1456 વચ્ચે ઝાલાવાડના મહારાજા ઝલેશ્વર રાયશ્રી શત્રુશલ્યજી દ્વારા નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ, અમદાવાદના સુલતાન અહેમદશાહની મંદિરો તોડવાની અને જજિયાવેરાની હિન્દુ દમણ નીતિ વિરૂદ્ધ ગુજરાતના હિન્દુ રાજપૂત રાજાઓના સંગઠનનું નેતૃત્વ કરી સતત યુદ્ધરત રહેવાના કારણે વાવના નિર્માણ કાર્યમાં વિલંબ થયો હતો.

તેમના પછી ગાદીએ આવેલા ઝલેશ્વર રાયશ્રી જેતકર્ણજીએ પણ પિતાની જેમ યુદ્ધને આગળ વધાર્યું. ત્યારબાદ તેમના પુત્ર રાણશ્રી રણવીરજીએ પ્રજાની સુલેહ-શાંતિ અને સુખાકારી માટે બાદશાહ સાથે સંધિ કરી અને તેમના પુત્ર રાણશ્રી ભીમજીએ આ વાવનું કાર્ય સંપૂર્ણ કરાવ્યું હતું. આ ઇતિહાસની સાક્ષી પૂરતા 'રાયશ્રી જેતા' ગવાક્ષમાં લખેલ છે. ઉપરાંત, અલગ અલગ આઠ સ્થાનોએ 'રાણશ્રી ભીમ' લખેલ છે. 'રાયશ્રી જેતા' લખેલ ગવાક્ષની સામે 'સલાટ સાજા કૃત' લખ્યું છે, મતલબ કે રાજા નામના સ્થપતિએ આ વાવને આકાર આપ્યો હતો.

આ વાવના સ્થાપત્યનો વિચાર કરીએ તો તેના સ્તંભો, બ્રેકેટ્સ અને પટ્ટમાં સોલંકીકાળના સ્થાપત્ય કલાની સંપૂર્ણ અસર વણાયેલી છે. પાંચ માળની આ વાવમાં નીચેના માળે ગોવાક્ષમાં 'ભૈરવ' અને 'ગણેશજી'ની પ્રતિમા કંડારેલી છે. વાવમાં સુંદર કીર્તિમુખો અને કામકલાનાં શિલ્પો આકર્ષક છે. ઝાલાઓની રાજધાની પાટરી (પાટડી)થી કોહા (કંકાવટી) સ્થળાંતરિત થઈ તેનો મહત્વપૂર્ણ અભિલેખીય પુરાવો આ વાવમાંથી મળી આવ્યો છે.



વાવના કૂપમાં ત્રિશૂળમાં 'મા શક્તિ'નું સ્થાપત્ય છે. ત્રિશૂળમાં નેત્ર કમળ છે. નેત્ર કમળથી ઈશાન બાજુ વાવના નિર્માણ માટેનો જે પથ્થર મૂકાયો છે, તેના ઉપર 'પાટરીયા ઝાલા' લખેલું છે. સૌથી અચરજ પમાડે તેવી વાત એ છે કે ત્રિશૂળ અને પાટરીયા ઝાલાને જોડતી બનતી રેખા ઈશાન ખૂણામાં લંબાવતા બિલકુલ 49 કિલોમીટરના અંતરે પાટડીના દરબારગઢ કે જે ઝાલાવાડની પ્રથમ





રાજધાની હતી તેના 'બ્રહ્મ સ્થાન' સુધી પહોંચે છે ! આ આશરે છ સદી પહેલાનું ભૌમિતિક ગણિત અચરજ પમાડે એવું છે.

પ્રસિદ્ધ ચિત્રકાર રજાકભાઈ આંબલીયારા દ્વારા આપેલી માહિતી મુજબ આ વાવમાં ભગવાન શ્રી શેષશાયી વિષ્ણુ અને લક્ષ્મીજીની આરસની પ્રતિમા હતી. ઝાલાવાડ પ્રદેશના આદ્ય સ્થાપક રાયશ્રી હરપાલદેવના પિતા રાયશ્રી કેસરદેવ વિકરાળ વાઘના જડબા ચીરી નાખવાના પરાક્રમ બદલ 'કેસરી પંચાનન' તરીકે ઓળખાયા, તેનું એકમાત્ર અમૂલ્ય શિલ્પ પણ આ વાવમાંથી મળી આવ્યું છે.

માતૃકા વાવનું અપભ્રંશ 'માત્રી વાવ' થયું છે. કૂપની અંદરની બાજુ બ્રાહ્મી, વારાહી, ઇન્દ્રાણી અને વૈષ્ણવી જેવા દેવી સ્વરૂપોની 12 મૂર્તિઓના કારણે તે 'માતૃકા વાવ' તરીકે ઓળખાય છે. આજે પણ શ્રદ્ધાળુઓ માતૃકા વાવને 'માત્રીમાની વાવ' તરીકે પૂજનીય ભાવથી દર્શન કરે છે અને વિવિધ માનતાઓ રાખે છે. ગુજરાત સરકાર દ્વારા આ વાવને રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવી છે.

## • ઐતિહાસિક સ્થાપત્ય... ચંદ્રાસર તળાવ



પ્રતાપપુર ખાતે આવેલું ઐતિહાસિક ચંદ્રાસર તળાવ એ ઉત્તર મધ્યકાલીન વારસા અને સુંદર સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઐતિહાસિક તળાવનું નિર્માણ 16મી સદીની શરૂઆતમાં ઝાલાવાડના શાસક રાજા ચંદ્રસિંહજી દ્વારા કરાવવામાં આવ્યું હતું અને તેમના જ નામ પરથી આ જળાશયનું નામ 'ચંદ્રાસર' પડ્યું છે.

રજવાડાના સમયગાળા દરમિયાન જળસંચય અને પ્રજાની સુખાકારી માટે આવા કૃત્રિમ જળાશયો બનાવવામાં આવતા હતા. આ એક અદ્ભુત અષ્ટકોણીય આકાર ધરાવતું તળાવ છે, જેનો વિસ્તાર અંદાજે 3.53 હેક્ટર જેટલો છે. આ જળાશય તેની વિશિષ્ટ રચના માટે જાણીતું છે, જેની ઉત્તરે પ્રવેશ-માર્ગ આવેલો છે. તેની પૂર્વ અને પશ્ચિમ દિશામાં વિશાળ, ધ્વજ-સ્તંભ ગોઠવી શકાય તેવા ટોડા આવેલા છે તથા ગવાક્ષોમાં ભગવાન ગણેશજી અને હનુમાનજીની પ્રતિમાઓ પણ છે.



આ ઉપરાંત, તેની દક્ષિણે ત્રિ-માર્ગીય જળ-પ્રવેશક આવેલો છે. તળાવનો પશ્ચિમ રસ્તો બે લતામંડપ વચ્ચેથી પસાર થાય છે અને તેની બાજુમાં અગ્નિ દિશાએ શંકુ આકારની છત ધરાવતું નાનું મંદિર આવેલું છે. આ તળાવના કારણે ચંદ્રાસર ગામના તરવૈયાઓએ તરણ સ્પર્ધામાં દેશ-રાજ્ય કક્ષાએ વિશેષ પ્રસિધ્ધિ મેળવી છે. આ જળાશય ઝાલાવાડના રાજવી ઇતિહાસ અને તેમની જળ-સંચયની ઉત્તમ પરંપરાની ઝાંખી કરાવે છે. ગુજરાત રાજ્ય પુરાતનત્વ વિભાગ દ્વારા રાજ્ય સંરક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં જળને દેવતા સમાન ગણવામાં આવ્યું છે. પાણીનો સંગ્રહ કરવો, તળાવો અને વાવ બંધાવવી એ પુણ્યનું કામ માનવામાં આવતું. ચંદ્રાસર તળાવ જેવા જળાશયો ભૂતકાળમાં માત્ર ઉનાળાની દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં જળ પૂરૂં પાડવાનું કામ નહોતા કરતા, પરંતુ પર્યાવરણને સમતોલ રાખવામાં અને ભૂગર્ભ જળસ્તરને ઊંચા લાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવતા હતા. આજે જ્યારે આધુનિક યુગમાં આપણે પાણીની તંગી અને પર્યાવરણીય પ્રશ્નોનો સામનો કરી રહ્યા છીએ, ત્યારે આપણા ઇતિહાસના આ પાનાઓ આપણને જળ સંરક્ષણ અને પ્રકૃતિ સાથે તાલ મિલાવીને જીવવાનો સાચો રાહ ચીંધે છે. પ્રતાપપુરનું ચંદ્રાસર તળાવ માત્ર એક ઐતિહાસિક સ્મારક નથી, પરંતુ તે આપણા ગૌરવશાળી ભૂતકાળ, સાંસ્કૃતિક ધરોહર અને અદ્ભુત જળસંચય પ્રણાલીનું એક જીવંત તીર્થસ્થાન છે.

- **ઐતિહાસિક વાવ અને મેલડી માતાનું મંદિર, હામપર**

પ્રાચીન મત્સ્ય પુરાણનો આ દિવ્ય અને પવિત્ર શ્લોક જળમહિમાનું અદ્ભુત ગાન કરે છે:

दस कूप समा वापी, दस वापी समो ह्रदः ।
दस ह्रद समः पुत्रो, दस पुत्र समो द्रुमः ॥

જેનો ગહન અર્થ થાય છે કે, એક વાવ દસ કૂવા બરાબર અને દસ કૂવા એક તળાવ ખોદાવ્યા બરાબર મહાપુણ્ય આપે છે. આપણી સમૃદ્ધ સંસ્કૃતિમાં જળ-સંચયના અપ્રતિમ ઉદાહરણ







સમાન વાવના મુખ્ય ચાર પ્રકાર હોય છે, જેમાંની એક છે અતિ સુંદર 'નંદા' પ્રકારની વાવ. આમ તો ઝાલાવડની ધરતી પર બંધાયેલી તમામ વાવોના ગોવાક્ષમાં દિવ્ય દેવ-દેવીઓની મૂર્તિઓ, કીર્તિમુખ, સર્પ, કાચબા વગેરેનું કલાત્મક હિંદુ નકશીકામ અહોભાવ ઉપજાવે છે; પરંતુ આ વાવની વિશેષતા એ છે કે તેના પ્રથમ કૂપના ગોવાક્ષમાં સાંકળ અને પદ્મ જેવું મનોહર 'પૂર્ણઘટ' (ખીલેલું કમળ કે પવિત્ર કળશ) નું અદ્ભુત અલંકારણ જોવા મળે છે, જે અન્ય વાવો કરતા તેને કંઈક અનોખી અને વિશેષ ઓળખ બક્ષે છે.

ભવ્ય ઘુમ્મટ સાથેનો આહલાદક પ્રવેશદ્વાર મંડપ અને 5 કૂપ ધરાવતી આ વાવની ભવ્ય રચના ઉત્તર-દક્ષિણ દિશામાં વિસ્તરેલી છે, જે આકર્ષક ગોળાકાર ગુંબજથી સુશોભિત થઈને તેની કલાત્મકતામાં ચાર ચાંદ લગાવે છે. આ ભવ્ય મંડપ 12 દિવ્ય સ્તંભોના મજબૂત ટેકે ઊભેલો છે, જેમાંથી 8 સ્તંભો સુંદર અષ્ટકોણ આકાર રચે છે. કલાની પરાકાષ્ઠા સમાન પાંચમા કૂપની પૂર્વ દિશામાં નીચે તળિયે જળના દર્શન માટે અદ્ભુત સર્પીલાકાર ગોળાકાર સીડીઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રાચીન સ્થાપત્યનો ઉત્તમ નમૂના સમાન આ વાવમાં પાણી સંગ્રહ અને પાણી ખેંચવાની સુવ્યવસ્થિત વ્યવસ્થા પણ દ્રશ્યમાન થાય છે.

સમયના વહેણમાં આ વાવના કોઈ વિશેષ અભિલેખ કે લેખિત પુરાવાઓ આજે ઉપલબ્ધ નથી, પરંતુ આ વાવની ભવ્ય બાંધકામ શૈલી અને ઝીણવટભરી કલાને જોતા ઇતિહાસકારોનું માનવું છે કે આ વાવ અંદાજે 16મી કે 17મી સદીના સુવર્ણકાળમાં નિર્માણ પામી હશે.

આજના પવિત્ર માહોલમાં આ વાવના પ્રાંગણમાં મેલડી માતાજીનું ભવ્ય મંદિર પણ આવેલું છે. લોકવાયકા એવી છે કે ઝાંઝરકાના સંતશ્રી સવૈયાનાથજીએ માતાજીની સ્થાપના કરી હોવાનું માનવામાં આવે છે. જે સનાતન હિન્દુ ધર્મની અતૂટ આસ્થાનું જીવંત પ્રતિક બનીને મહેકે છે. આ દિવ્ય ધામના દર્શનાર્થે અને આસ્થાની ડૂબકી લગાવવા અર્થે દૂર-દૂરથી અસંખ્ય લોકો અહીં ખેંચાઈ આવે છે.

## • શ્રી દ્રૌપદી કુંડ, ધ્રુમઠ (ધ્રાંગધ્રા)...

દ્રૌપદી કુંડ એ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં આવેલા ધ્રુમઠ ગામ નજીક સ્થિત એક અત્યંત મહત્વપૂર્ણ પૌરાણિક અને ઐતિહાસિક સ્થળ છે. આ સ્થળ મહાભારત કાળના ઇતિહાસ અને પાંડવોના પ્રવાસ સાથે ગાઢ રીતે જોડાયેલું હોવાનું માનવામાં આવે છે. ધ્રુમઠના પૌરાણિક આકર્ષણો અને ઇતિહાસ મહાભારતકાળ સાથે જોડાયેલ હોવાની લોકવાયકા છે.

લોકવાયકા અને પૌરાણિક માન્યતાઓ અનુસાર, અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો આ વિસ્તારમાં રોકાયા હતા. દ્રૌપદી કુંડ એક પવિત્ર જળાશય (કુંડ) છે, જ્યાં માતા દ્રૌપદી સ્નાન કરતા હોવાની માન્યતા જોડાયેલી છે. શ્રી ભીમનાથ મહાદેવ આ પરિસરમાં મહાભારતકાલીન પ્રાચીન 'ભીમનાથ મહાદેવ'નું મંદિર આવેલું છે, જેની સ્થાપના ગદાધર ભીમ દ્વારા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. ધ્રુમઠ ગામના આ જ ઐતિહાસિક પરિસરમાં દ્રૌપદીના લગ્નનો ચોરીમંડપ, મહાબલી ભીમના ચરણચિહ્નન (પગલાં) અને ધૌમ્યઋષિનો આશ્રમ પણ આવેલો છે.

ધ્રુમઠ ગામ, નેશનલ હાઈવે વસાડવા નજીક આવેલું છે. આ સ્થળ સુરેન્દ્રનગર અને ધ્રાંગધ્રા શહેરથી સડક માર્ગે સરળતાથી સુલભ છે. જો તમે ધ્રાંગધ્રા કે સુરેન્દ્રનગર તરફ પ્રવાસ કરી રહ્યા હોય તો આ પૌરાણિક વારસાની મુલાકાત અવશ્ય લઈ શકો છો.







# ધ્રાંગધરાના અભિલેખો...

## • હામપુરની વાવ :

ધ્રાંગધ્રાં તાબાનું હામપુર ગામ ઘણું જૂનું છે. ગામની બહાર આવેલી નંદા પ્રકારની ભવ્ય પણ ખળભળી ગયેલી જૂની વખંભર વાવ પણ ઘણી પ્રાચીન છે. વાવના કૂવામાં માઁ મેલડી બેઠાં છે. તેનો અદ્ભુત ઇતિહાસ છે. વાવમાં કોઈ શિલાલેખ હાલ નથી. હશે ખરો પણ નાશ પામી ગયો છે. વાવની પૂર્વ દિશામાં જગદીશ્વર મહાદેવનું નાનું મંદિર આવે છે અને વાવના દક્ષિણે ભીડભંજન મહાદેવનું મંદિર આવેલું છે. બંને મંદિરોના શિલાલેખો મારી પાસે સચવાયા છે. હાલ તો નાશ થવાને આરે છે. જગદીશ્વર મહાદેવ મંદિરના પૂજારી ગોસ્વામી જીતુપુરી મહેન્દ્રપુરીજીએ મંદિરનાં પ્રાંગણમાં જૂના પાળિયાઓ સાચવી રાખ્યા છે. લગભગ પંદરમી-સોળમી સદીના આ પાળિયાઓના લેખો પણ હાલ તો નાશ પામ્યાં છે. 1990માં જ્યારે એ નોંધ્યા ત્યારે પણ અક્ષરો ખવાયેલા જ હતા પણ તોય એ વાંચી શકાય તેવી સ્થિતિમાં હતા. હાલ વાંચવા અશક્ય છે.

ધ્રાંગધ્રા ત્યારે મહારાણા માનસંગજીના તાબામાં હતું અને અમદાવાદનો સૂબો મલેક અસાવલ હતો. તેનો ઉલ્લેખ આ શિલાલેખોમાં છે. કોળી ઠાકોરને પહેલાં 'રાત' કહેવામાં આવતા હશે. અહીં સોલંકી રાત – પણ એ સમયે રહેતા હશે તેવું આ શિલાલેખો પરથી ફલીત થાય છે. ભીડભંજન મહાદેવનું મંદિર તો હાલ સાવ ખળભળી ગયું છે.

## • રામગઢની દેરીઓ :

રામગઢ ધ્રાંગધ્રા તાલુકાનું ગામ છે. જૂનુ નામ લુણાણા હતું. પાછળથી ગામનું નામ રામગઢ કરવામાં આવ્યું. ગામ તળાવની પાળ પાસે હિરાપુર જવાના મારગે ત્રણ દેરીઓ આવેલી છે. તેમાં વચ્ચેની દેરી સતીની દેરી છે, તેમાં કોઈ લેખ નથી. પહેલી અને ત્રીજી દેરીમાં લેખ છે. બન્ને દેરીના ગર્ભગૃહના દ્વાર ઉપરના બારશાખના આડા પથ્થર ઉપર લેખ કોતરવામાં આવ્યાં છે. લેખ ગુજરાતી ભાષામાં છે. કોઈ સંત લવણગિરિજી થઈ ગયા હશે. તેના નામ પરથી ગામનું નામ લુણાણા પડ્યું, હવે તેમને લવણગિરિજી મહારાજ તરીકે પણ ઓળખતા-લેખમાં તેમનો ઉલ્લેખ છે.

પહેલી દેરી : 1) શ્રી ગણેશાય નમઃ સ્વામીશ્રી લોવગિરિજીની આશિષ. 2) સંવત 1947 ના વરસે સરાવણ વદ 11 સોમવાર મહારાણ. 3) શ્રી માનસંગજી ના રાજમાં ગામ શ્રી લુણાણા ના ઠાકોર વાઘેલા. 4) શિવસંગજીના તિરથરૂપ વાઘેલા સરદારસંગજી વાસે દેવલ કરાવી સદાશીવ નામે. 5) નરબદેશ્વર મહાદેવ પધરાવ્યાં છે ખરાજાત રૂા. 204 માધવનાથને અર્પણ છે.

ભાઈ અભે. 6) સંઘજી હથુ – સલાટ માદેવ: લ. જોષી પુરસોતમ જીવા આચાર્ય હેમરાજ

ત્રીજી દેરી : 1) શ્રી ગણેશાય નમ: સંવત 1948 ના વરસે વૈશાખ વદ 12 સોમવાર. 2) મહારાણાશ્રી માનસિંહજી – ગામશ્રી લુણાણાના ઠાકોરા હરીસિંહજીના. 3) તિરથરૂપ વાઘેલા માધવસિંહજી દેવ થતા તેમના નામથી માધવના 4) નામ નરબદેશ્વર મહાદેવ પધરાવા છે. તેના ખરાજાત રૂા. 251 થયા. 5) તે માધવનાથને અર્પણ છે. દેવલ કરનાર કડીયા માવજી લ. જોષી પરસોતમ જીવા શ્રીરામ, દ. ખોડા.

## • ખાંભડાની વાવ :

ધ્રાંગધ્રા તાબાનું ખાંભડા ગામ અતિ પ્રાચિન ગામ છે. જ્યાં ખાંભડિયાદાદા નાગદેવતાનું લગભગ પંદરમી સદીનું મંદિર છે. જ્યાં શ્રાવણ માસના બીજા સોમવારે મેળો ભરાય છે. ગ્રામ્ય મેળો માણવા જેવો છે. આ મંદિરમાં જૂની ગણપતિની દેહરી આવેલી છે. તેના લેખમાં 15 મી સદીનો ઉલ્લેખ છે. મંદિરની દિવાલોમાં પાળિયાઓ ચણી લેવામાં આવ્યાં છે, તે પણ પંદરમી સદીના છે. ઘણાં બધાં પાળિયાઓના લેખો લખેલા છે. આ વાવ ધોળજવાના માર્ગે આવેલી છે.

નંદા પ્રકારની વાવ છે. વાવના ફરતા ઘણા બધા બાવળિયાઓ ઊગીને જંગલ થઈ ગયું છે. અદ્‌ભુત વાવ. એક પથ્થર પણ જેનો હલ્યો નહોતો. જાણો કડિયો કાલે જ કામ પૂરૂં કરીને ગયો હોય તેવી લાગતી હતી. આ વખંભા વાવ પાંચ મજલાની વાવ છે. વાવના કૂવામાં મંડાણમાં ડાબા પાવડે બેસી પશ્ચિમ તરફ જોતા કૂવાના ઉપરની દિવાલમાં પાવડાના પથ્થર નીચે કાળા પથ્થરની એક તકતી કાળા આરસની લાગેલી છે જેમાં 13 લીટીમાં અભિલેખ કોતરાયેલો છે.

આ જ વાવના પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતા 17 પગથિયા ઉતરતા છત્રીમાં ડાબે ગવાક્ષ સુંદર કલાત્મક મહિષાસૂર મર્દિની મૂર્તિ છે. જમણી તરફના ગવાક્ષમાં અદ્‌ભુત ગણપતિની પ્રતિમા છે અને આગળ ડાબે બળિયાદેવનું નસ્તક છે. તેની સામે નાગકન્યાનું શિલ્પ કોતરાયેલું છે. સુંદર કલાત્મક વાવના ડાબા ગવાક્ષની શિખરની ડાબે કાળા આરસની તક્તીમાં લેખ કોતરાયેલો છે.

આ લેખો સંવત 1852 શક સંવત 1757 અને સને તા. 5-8-1795ના છે. જેમાં પેલા લેખમાં ખવાસ બાઈજીબાએ આ વાવનો જીણોદ્ધાર કર્યો તેનું ખર્ચ 5500 પાંચ હજાર પાંચસો થયાનો ઉલ્લેખ છે અને સલાટ પણ મૂળજીના દીકરા અરજણનું નામ છે. બહારનો જે અવાડો છે તે કલ્યાણજી કડીઆએ ચણાવ્યો છે.

હવે જ્યારે બીજા લેખમાં સંવત 1852 ના શ્રાવણ સુદ 15 ને શુક્રવારે મહારાણા જસવંતસિંહજીના સમયમાં આ વાવ મકવાણા શ્રી ખવાસ માવાના દીકરા મૂલાએ આ વાવ કરાવી છે તેવો ઉલ્લેખ છે. બન્નેમાં ખર્ચ 5500 થયો તેવું લખેલું છે. એવું લાગે છે કે વાવના બન્યા પછી





એ જ વરસે ભૂકંપ આવ્યો હોય અને વાવને નુકશાન થયું હોય તો પાછું એ જ વરસે આ પરિવારની બાઈજીબાએ વાવ ને એજ સલાટ પાસે ફરી કરાવી હોય તેવું લાગે છે. વાવ અદ્‌ભુત છે. હાલ તો અવાવરૂ જગ્યામાં બાવળાઓની ઝાડીમાં લપાઈને ગુપ્ત છે. બહારથી મારગ ઉપરથી તો કોઈને ખ્યાલ પણ ન આવે કે અહીં કોઈ વાવ છે.

## • રાજસીતાપુરની વાવ :

ઝાલાવાડના ધ્રાંગધ્રા તાબાનું રાજસીતાપુર ગામ પહેલા સીથાના નામે ઓળખાતું. ઝાલાવાડમાં એ સમયે સિંહોનો વસવાટ હતો. આસપાસનો વિસ્તાર ગાઢ જંગલવાળો હોઈ સિંહો હતા એટલે આ વિસ્તાર સિંહસ્થલી તરીકે પણ ઓળખાતો. તેમાંથી અપભ્રંશ થઈ સીથા થયેલું. કચ્છના અજેપાળ મંદિરના મહાચમત્કારી સંત સાગરગિરિજી મહારાજના એક શિષ્યે અહીં મઠની સ્થાપના કરેલી ને ધૂણો ચેતન કરેલો.

મઠના પ્રતાપી સંતોની પરંપરા તો બહું મોટી રહી છે, લક્ષ્મણગિરિજી બાલગિરિજી – ત્રિકમગિરિજી – દેવગિરિજી – પ્રતાપગિરિજી – વલમગિરિજી કિશોરગિરિજી વિગેરે પ્રતાપી સંતો થયાં.

હાલ ગામમાં રહેલું તળાવ માતિયું તળાવ કહેવાય છે, જે મહંત ત્રિકમગિરિજીએ ગળાવેલું; જેમાંથી માઁ અંબાજીની મહિષાસૂર મર્દિનીની મૂર્તિ નીકળેલી. જેની તળાવની પાળ પર સ્થાપના કરી મંદિર બંધાવેલું આજે પણ હયાત છે અને અંબાજી મંદિરની જમણે ધર્મશાળાની પાછળ ઘણી બધી સમાધિઓ પણ છે. જેમાનું એક સમાધિ મંદિર બાલગિરિજી મહારાજની સમાધિનું કલા કોતરણીવાળું હતું તેને અંકબદ્ધ ત્યાંથી ઉપાડીને એ વખતના રાજનેતા રતુભાઈ અદાણીએ શિહોર પાસે અક્ષયગઢમાં લઈ જઈ ત્યાં સ્થાપીત કરેલું છે જે આજે પણ ઊભું છે.

મહંતના મઠની સ્થાપના પછી અહીં ગામ વસેલું તે સીથા, હાલનું રાજસીતાપુર. મઠની જાહોજલાલી તો આજે પણ મઠના જર્જરિત માઢ મેડીયું જોઈએ એટલે ખ્યાલ આવી જાય. તેમાં આજથી 200 વર્ષ પહેલા વિ.સ. 1866માં મહાપ્રતાપી સંત થયા મહંત પ્રતાપગિરિજી. તેમણે દુષ્કાળ પડતા ગ્રામજનોના કલ્યાણ અર્થે ગામમાં એક ભવ્ય સાત મજલાની વાવ ગળાવી. જેનો આજથી બસો વરસ પહેલા જે ખર્ચ થયો તે રૂા. 14,725 (અંકે રૂપિયા ચૌદ હજાર સાતસો પચ્ચીસ) થયેલા. તેનો એન્જિનીયર એટલે સલાટ અરજણ મૂલજી હતો.

વાવ પશ્ચિમ દ્વારની છે. પહેલા મજલાની છતેડીના બન્ને તરફ બે ગવાક્ષે છે. ડાબી બાજુમાં મહિષાસૂરમર્દિની મૂર્તિ અને જમણી તરફના ગવાક્ષ – ગણપતિની મૂર્તિ છે. આ ભવ્ય વાવના કૂવામાં– પહેલા મજલાથી છેક તળિયા સુધી પથ્થરની ગોળાકારે જતી પગથિયું છે જેની કલા જોઈ આફરીન થઈ જવાય છે. એ સમયની કલાકારીગીરીને સો સલામ...

મઠમાં રહેલા જૂના દસ્તાવેજો અને ચોપડાઓમાં અઢળક સામગ્રી પડી છે. ઈતિહાસને ખંખોળવાની તાજેતરમાં જ રાજસીતાપુરના એક રાજપૂત યુવાને પોતાના ખર્ચે વાવનો ગાળ કઢાવી. આજુબાજુમાં રહેલી ગંદકી સાફ કરાવી વાવને સ્વચ્છ કરી. થોડું રીપેરીંગ પણ કરાવેલ છે. આ ગામનું પ્રતિષ્ઠિત કુટુંબ અને પઢિયાર પરિવાર રાજશાહી સમયે વજુભા પઢિયારને 'પટલ'ની ઉપાધી મળેલી. 'વજુપટેલ'ના હલામણાં નામે આખું ગામ તેમની ઈજ્જત કરે. વજુભા હોય એટલે ગામના દરેક પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય. કઠીન પ્રશ્નો પણ ઉકલી જાય, અઢારે વરણ એમની આમન્યા પાળે.

આ વજુભા પઢિયારના દીકરા શિવુભા પઢિયાર ગામનાં સરપંચ હતાં ત્યારે વરસો પહેલા તેમણે આ વાવનો ગાળ કઢાવી વાવનું પાણી ગામને પીવા લાયક કર્યું હતું. એ વરસે પણ દુષ્કાળ હતો. આજ ફરી એજ પરિવારના શિવુભાના નાનાભાઈ ગોવિંદસિંહ (નારાણભાઈ)ના દીકરા મહાવીરસિંહ પઢિયારે આ ભગીરથ કામ ઉપાડ્યું. ગામની સેવાનો પેઢીદરનો તેમનો ઈજારો.

આજ આ વાવ રાજસીતાપુરના પ્રખ્યાત સ્થળો જેવા કે લાલજી મહારાજની જગ્યા, અંબાજી મંદિર અને ત્રીજી આ વાવ જોવાલાયક સ્થળોમાં ગણાવા માંડી છે. હવે જોઈએ વાવમાં ઉતરતા પહેલા મજલે છતેડીમાં ડાબી તરફની દીવાલમાં કાળા આરસની તકતીમાં કોરતારેયો **10** લીટીનો શિલાલેખ. છેલ્લી બે લીટીઓ ખવાઈ ગઈ છે. બાકી આખો લેખ અકબંધ્ધ છે.

સંવત **1866** અષાઢ વદી-1 દિ ના દિવસે રવિવાર-ઉત્તરાયણના સૂર્યમાં શ્રી મઠના મહંતશ્રી પ્રતાપગિરિજી મોજે સીથા ના મધ્યે વાવ ચણાવી છે. તે વાવના ખર્ચના રૂા. **14725** એકે ચૌદ હજાર સાતસો પચીસ (સવા સાતસો) થયા છે. આ વાવ સલાટ-અજરણ મુળજીએ ચણી છે.

- ## સજનપર વાવની છતેડી :

આ સજનપરની વાવની બાજુમાં એક છતેડીમાં સતીના પંજાવાળો પાળિયો છે. પાળિયામાં 6 લીટીનો લેખ છે - દરેકે વરણના પાળિયાઓ જોવા મળે છે. એમાં આ ભાવસાર (વાણીયા) જ્ઞાતીના સતીનો પાળિયો છે. જૂના જમાનામાં ગાડાઓમાં જાનુ જાતી અને જ્યાં આવી વાવો હોય ત્યાં જાન વિસામો લેતી. આવી કોઈ જાને અહીં વાવ પાસે વિસામો લીધો હશે ને અડાજુડ બાવળની કાંટ્યમાંથી બહારવટીયા ધસી આવ્યાં હશે. ધીંગાણું સરજાણું હશે. જાનૈયાઓને બહારવટિયા વચ્ચે ધીંગાણામાં નવપરણિત યુગલ હશે ને કોઈના હાથે વરલાડો મરાણો હશે, ત્યારે તાજી પરણેતરને સત ચડ્યું હશે. તે વાવ પાસે જ ચિતા ખડાકાવી બાઈ પોતાના પતિ પાછળ સતી થઈ હશે, એની યાદને આજ પાંચસો વરસે પણ તાજી રાખતી આ છતેડીમાં પાળિયો અખંડ ઊભો છે.





# ઘુડખર અભયારણ્ય, ધ્રાંગધ્રા...



પ્રકૃતિની અદ્‌ભુત રચના અને અનોખી ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતું ગુજરાતનું ધ્રાંગધ્રા ઘુડખર અભયારણ્ય (કચ્છનું નાનું રણ) સમગ્ર વિશ્વમાં પોતાનું એક ખાસ સ્થાન ધરાવે છે. રણની અસીમ શાંતિ, વન્યજીવોની મુક્ત વિહાર શૈલી અને યાયાવર પક્ષીઓનો મનોહર કલરવ આ ભૂમિને પ્રકૃતિપ્રેમીઓ માટે સ્વર્ગ સમાન બનાવે છે.

મુખ્ય વહીવટી મથક અને ભૌગોલિક વિસ્તાર.આ અભયારણ્યનું મુખ્ય વહીવટી મથક ધ્રાંગધ્રા ખાતે આવેલું છે. જેનો વિસ્તાર અંદાજે **4,954** ચોરસ કિલોમીટર જેટલા વિશાળ ક્ષેત્રફળમાં ફેલાયેલું છે અને ભારતનું સૌથી મોટું વન્યજીવ અભયારણ્ય છે. ધ્રાંગધ્રા અને કચ્છના નાના રણને આવરી લેતા આ અભયારણ્યની સીમાઓ સુરેન્દ્રનગર ઉપરાંત મોરબી, પાટણ, કચ્છ (પૂર્વ) અને બનાસકાંઠા જિલ્લાઓ સાથે જોડાયેલી છે.

- ## મુખ્ય આકર્ષણ : ભારતીય ઘુડખર

આ અભયારણ્યની સ્થાપના પાછળનો મુખ્ય હેતુ ભારતીય ઘુડખર (Equus hemionus khur) નું સંરક્ષણ કરવાનો છે. ભારતીય જંગલી ગધેડા એટલે કે ઘુડખર સમગ્ર વિશ્વમાં માત્ર આ જ વિસ્તારમાં જોવા મળે છે. હાલમાં આ અભયારણ્યમાં ઘુડખરની સંખ્યા અંદાજે **6,000**થી વધુ છે.

ઘુડખર સિવાય આ અભયારણ્ય અન્ય ઘણા વન્યજીવો અને પક્ષીઓનું ઘર છે. રણમાં ચિંકારા, નીલગાય, જંગલી વરૂ, શિયાળ, રણ લોંકડી (Desert Fox) અને જંગલી બિલાડી જેવા સસ્તન પ્રાણીઓ મુક્તપણે ફરે છે.

શિયાળાની ઋતુમાં અહીં વિદેશથી હજારો યાયાવર (પ્રવાસી) પક્ષીઓ આવે છે. જેમાં મોટો હંજ (Greater Flamingo), નાનો હજ (Lesser Flamingo), પેલિકન અને ક્રેન મુખ્ય આકર્ષણ છે. આ વિસ્તાર 'ઇશમિ કશરય ઈંક્ષયિંક્ષિફશિંજ્ઞક્ષફ્ફ' દ્વારા મહત્ત્વના પક્ષી દર્શન ક્ષેત્ર તરીકે માન્ય છે.

- **અનોખું નિવસનતંત્ર**

ઉનાળો: ગ્રીષ્મ ઋતુ દરમિયાન આ આખો વિસ્તાર સુકો, સપાટ અને ખારો રણપ્રદેશ બની જાય છે.

ચોમાસું : ચોમાસામાં વરસાદી પાણી ભરાવાને કારણે તે એક વિશાળ જળપ્લાવિત ક્ષેત્રમાં ફેરવાઈ જાય છે, જે કચ્છી ઝીંગા અને મત્સ્ય પ્રજાતિઓ માટે અગત્યનું પ્રજનન સ્થાન બને છે.

મુલાકાતનો શ્રેષ્ઠ સમય ઓક્ટોબરથી માર્ચ દરમિયાન હવામાન અનુકૂળ રહે છે અને પક્ષીઓ તથા ઘુડખર જોવા માટે આ ઉત્તમ સમય છે. ઉનાળામાં ગરમી 45 ડિગ્રી સુધી પહોંચતી હોવાથી સફારી બંધ જેવી રહે છે.

અભ્યારણ્યમાં પહોંચવા ધ્રાંગધ્રા શહેર રોડ અને રેલ માર્ગે જોડાયેલું છે. અમદાવાદથી ધ્રાંગધ્રા અને બજાણા જઈ શકાય છે. નજીકના હવાઈ મથકો અમદાવાદ (130 કિમી) અને રાજકોટ (145 કિમી) છે.

રણમાં સફારી માટે બજાણા કે નજીકના ગેટ પરથી જીપ સફારી મળે છે (જેનો અંદાજિત ચાર્જ રૂ. 1500 થી 2000 રહે છે). અભયારણ્યમાં પ્રવેશ માટે વન વિભાગની કચેરી, ધ્રાંગધ્રા અથવા બજાણા ખાતેથી પરમિટ લેવી ફરજિયાત છે.

ધ્રાંગધ્રા ઘુડખર અભયારણ્ય એ ગુજરાતનું એક અનન્ય કુદરતી ધામ છે, જ્યાં રણની શાંતિ, ઘુડખરની ગતિ અને પ્રવાસી પક્ષીઓનો કલરવ એકસાથે અનુભવી શકાય છે.







## કચ્છના નાના રણનું જીવનચક્ર અને પ્રાણી-પક્ષી વૈવિધ્ય



ગુજરાતનું કચ્છનું નાનું રણ (Little Rann of Kutch) માત્ર રણપ્રદેશ નથી, પરંતુ ઋતુ પ્રમાણે સતત બદલાતું એક અનોખું અને મહત્ત્વપૂર્ણ પર્યાવરણીય તંત્ર છે. અહીં ખારાં મેદાનો, બેટ, કાદવવાળા વિસ્તારો, ઋતુગત જળાશયો અને આસપાસનાં ઘાસિયાં તથા અર્ધશુષ્ક વિસ્તારો મળીને અનેક પ્રકારના જીવોને આશ્રય આપે છે.

આ વિસ્તાર ખાસ કરીને ભારતીય જંગલી ગધેડા અથવા 'ખુર' (Indian Wild Ass) માટે વિશ્વવિખ્યાત છે. Wildlife Institute of India ના અભ્યાસ મુજબ કઠોર આબોહવા અને પાણી જેવા સંસાધનોની અનિશ્ચિત ઉપલબ્ધતા નાના રણની પર્યાવરણીય વિશેષતા છે.

### ૧. કચ્છનું નાનું રણ શું છે ?



કચ્છનું નાનું રણ ગુજરાતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલું વિશાળ અર્ધશુષ્ક અને ખારૂં પર્યાવરણ છે. તેનો મોટો ભાગ Wild Ass Wildlife Sanctuary હેઠળ આવે છે. આ અભયારણ્યની સ્થાપના 1973માં કરવામાં આવી હતી અને તેનો વિસ્તાર આશરે 4,954 ચોરસ કિલોમીટર છે.

નાના રણનું પર્યાવરણ સામાન્ય જંગલથી અલગ છે. અહીં વરસાદ ઓછો અને અનિયમિત હોય છે, ઉનાળામાં ગરમી ખૂબ વધી શકે છે અને પાણી તથા લીલી વનસ્પતિની ઉપલબ્ધતા ઋતુ પ્રમાણે બદલાતી રહે છે. આ જ બદલાતું પર્યાવરણ અહીંના પ્રાણીઓ અને પક્ષીઓના જીવનને આકાર આપે છે.

### ૨. નાના રણનું નજીવનચક્ર

નાના રણનું જીવનચક્ર મુખ્યત્વે ચોમાસું → પાણી → વનસ્પતિ અને સૂક્ષ્મજીવો → જીવજંતુઓ → પક્ષીઓ અને શાકાહારી પ્રાણીઓ → શિકારી પ્રાણીઓ → ઉનાળો → ફરી ચોમાસું જેવા કુદરતી ચક્રથી ચાલે છે.



ચોમાસું - રણમાં પાણીનું આગમન : ચોમાસા દરમિયાન વરસાદનું પાણી નાના રણના નીચાણવાળા વિસ્તારોમાં એકઠું થાય છે. જ્યાં પાણી ભરાય છે ત્યાં થોડા સમય માટે જળચર પર્યાવરણ સર્જાય છે. પાણી આવતાં સૂક્ષ્મજીવોની સંખ્યા વધે છે. વિવિધ જળચર સજીવો સક્રિય બને છે. ઘાસ અને અન્ય વનસ્પતિ ઊગે છે. જંતુઓની સંખ્યા વધે છે. જળચર અને સ્થળાંતરી પક્ષીઓ માટે ખોરાકની ઉપલબ્ધતા વધે છે. આ રીતે ચોમાસું રણના સમગ્ર ખાદ્યચક્રને ફરી સક્રિય કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

### ૩. વનસ્પતિ અને ઘાસનું મહત્વ

રણમાં દેખીતી રીતે વનસ્પતિ ઓછી લાગે છે, પરંતુ વરસાદ પછી ઊગતી ઘાસ અને અન્ય વનસ્પતિ અહીંના શાકાહારી પ્રાણીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. વનસ્પતિ → જંગલી ગધેડો, નીલગાય, ચિંકારા વગેરે → શિકારી પ્રાણીઓ આ સરળ ખાદ્યચક્ર રણના પર્યાવરણનું સંતુલન જાળવવામાં મદદ કરે છે. સાથે સાથે નાના રણમાં Prosopis juliflora (ગાંડો બાવળ) જેવી આક્રમક વનસ્પતિનો ફેલાવો પણ સંરક્ષણ વ્યવસ્થાપન માટે એક પડકાર તરીકે ઓળખાયો છે.

### ૪. નાના રણનું પ્રતીક – ભારતીય જંગલી ગધેડો



ભારતીય જંગલી ગધેડો (Equus hemionus khur) જેને સ્થાનિક રીતે ખુર કહેવામાં આવે છે, નાના રણની સૌથી જાણીતી પ્રજાતિ છે. તે એશિયાઈ જંગલી ગધેડાની ઉપપ્રજાતિ છે અને આજના સમયમાં તેનું કુદરતી વિતરણ ભારતમાં મર્યાદિત છે. Wildlife Institute of Indiaના સંશોધનમાં ખુરને નાના રણના પર્યાવરણનું વિશિષ્ટ પ્રતિનિધિ પ્રાણી ગણાવવામાં આવ્યું છે.

**ખુરની ખાસિયતો :**

લાંબા અંતર સુધી ચાલવાની ક્ષમતા, ગરમ અને અર્ધશુષ્ક પર્યાવરણમાં અનુકૂલન, ઘાસ







અને અન્ય વનસ્પતિ પર નિર્ભરતા, પાણી અને ખોરાકની ઉપલબ્ધતા પ્રમાણે વિસ્તાર બદલવાની ક્ષમતા, કેટલીક ઋતુઓમાં ટોળામાં જોવા મળવું, સંશોધન દર્શાવે છે કે પાણી અને ખોરાક જેવા સંસાધનોની ઋતુગત ઉપલબ્ધતા ખુરના વિતરણ અને હલનચલનને અસર કરે છે.

### ૫. અન્ય શાકાહારી પ્રાણીઓ

નાના રણ અને તેની આસપાસના વિસ્તારમાં ખુર ઉપરાંત અન્ય શાકાહારી પ્રાણીઓ પણ જોવા મળે છે.

નીલગાય :નીલગાય નાના રણના મોટા શાકાહારી પ્રાણીઓમાંની એક છે. ખુરની જેમ તેની હાજરી પણ વનસ્પતિ અને પાણીની ઉપલબ્ધતા સાથે સંબંધિત છે. Wildlife Institute of Indiaના અભ્યાસમાં ખુર અને નીલગાય બંને પર ખાસ સંશોધન કરવામાં આવ્યું છે.

ચિંકારા : ચિંકારા અર્ધશુષ્ક અને રણ જેવા વાતાવરણમાં અનુકૂળ થયેલું નાનું હરણ છે. નાના રણના વિશાળ વિસ્તારમાં તેના દર્શન પણ નોંધાયા છે.

કાળિયાર : કેટલાક વિસ્તારોમાં કાળિયાર જેવા ઘાસિયાં પ્રદેશ સાથે સંકળાયેલા પ્રાણીઓ પણ જોવા મળે છે.

### ૬. માંસાહારી અને સર્વભક્ષી પ્રાણીઓ

નાના રણનું ખાદ્યચક્ર માત્ર શાકાહારી પ્રાણીઓ પૂરતું નથી. નાના અને મધ્યમ કદના માંસાહારી પ્રાણીઓ પણ અહીંના પર્યાવરણનો ભાગ છે. આસપાસના વિસ્તારમાં જોવા મળતા પ્રાણીઓમાં વિવિધ પ્રકારના જેવા કે,

શિયાળ : જંગલી બિલાડી જેવા નાના માંસાહારી, જંગલી ડુક્કર : નાના સસ્તન પ્રાણીઓનો સમાવેશ થાય છે. આ પ્રાણીઓ ઉંદર, જંતુઓ, નાના પક્ષીઓ અથવા અન્ય ઉપલબ્ધ ખોરાક પર આધાર રાખી શકે છે.

### ૭. નાના રણના પક્ષીઓ

કચ્છનું નાનું રણ પક્ષીપ્રેમીઓ માટે પણ અત્યંત મહત્વનું સ્થળ છે. Wild Ass



Sanctuary Important Bird and Biodiversity Area (IBA) તરીકે ઓળખવામાં આવે છે. અહીં રહેણાંક તથા સ્થળાંતરી બંને પ્રકારના પક્ષીઓ જોવા મળે છે.

ફ્લેમિંગો : ફ્લેમિંગો નાના રણના સૌથી આકર્ષક પક્ષીઓમાંનું એક છે. પાણીવાળા વિસ્તારોમાં તેઓ ખોરાકની શોધમાં જોવા મળે છે. તેમનો ખોરાક મુખ્યત્વે પાણીમાં રહેલા નાના સજીવો અને સૂક્ષ્મજીવો સાથે સંબંધિત હોય છે.

જળચર અને સ્થળાંતરી પક્ષીઓ : શિયાળામાં વિવિધ સ્થળાંતરી પક્ષીઓ નાના રણના પાણીવાળા વિસ્તારોમાં આવે છે. આમાં વિવિધ : બતક, બગલા, પેલિકન, વેડર પક્ષીઓ, કિનારાના પક્ષીઓ, અન્ય જળચર પક્ષીઓ નો સમાવેશ થઈ શકે છે. પાણીની ઉપલબ્ધતા અને ખોરાકની સ્થિતિ પ્રમાણે પક્ષીઓની સંખ્યા અને વિતરણમાં પણ ફેરફાર થાય છે.

## ૮. શિકારી પક્ષીઓનું મહત્વ

નાના રણમાં વિવિધ શિકારી પક્ષીઓ પણ પર્યાવરણનું મહત્વનું અંગ છે. બાજ, સમડી, ગરૂડ અને ઘુવડ જેવા પક્ષીઓ ઉંદર, નાના પક્ષીઓ અને અન્ય નાના જીવોનો શિકાર કરીને ખાદ્યચક્રનું સંતુલન જાળવવામાં મદદ કરે છે.

ઉદાહરણ તરીકે : ઘાસ → ઉંદર → શિકારી પક્ષી આવા ખાદ્ય સંબંધો દર્શાવે છે કે રણના દરેક જીવનું પર્યાવરણમાં કોઈને કોઈ સ્થાન છે.

## ૯. પક્ષીઓ માટે નાના રણનું મહત્ત્વ

નાના રણની વિશેષતા એ છે કે તે માત્ર 'રણ' નથી. અહીં વર્ષના અલગ-અલગ સમયગાળામાં જુદી જુદી પર્યાવરણીય પરિસ્થિતિઓ સર્જાય છે.

ચોમાસું : પાણી અને જળચર ખોરાક વધે છે.

શિયાળો : સ્થળાંતરી પક્ષીઓ માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાય છે.

ઉનાળો : પાણી ઘટે છે અને પક્ષીઓ તથા પ્રાણીઓ પાણીના ઉપલબ્ધ વિસ્તારો તરફ વધુ કેન્દ્રિત થાય છે. આ ઋતુચક્ર પક્ષીઓના જીવન સાથે સીધું જોડાયેલું છે.





## ૧૦. નાના રણનું સંપૂર્ણ પર્યાવરણીય ચક્ર



નાના રણને એક જીવંત ચક્ર તરીકે સમજીએ : વરસાદ – રણમાં પાણીનું સંચય –સૂક્ષ્મજીવો અને જળચર સજીવોની વૃદ્ધિ – વનસ્પતિ અને ઘાસમાં વધારો – જંતુઓ અને નાના જીવોમાં વધારો – ખુર, નીલગાય, ચિંકારા જેવા શાકાહારીઓને ખોરાક –શિકારી પ્રાણીઓ અને પક્ષીઓને ખોરાક – શિયાળામાં સ્થળાંતરી પક્ષીઓનું આગમન – ઉનાળામાં પાણી ઘટવું – જીવોનું પાણી અને ખોરાકની શોધમાં સ્થળાંતર –આગામી ચોમાસા સાથે ચક્ર ફરી શરૂ. આ ચક્રમાં કોઈ એક ઘટકમાં મોટો ફેરફાર થાય તો તેની અસર અન્ય જીવો પર પણ પડી શકે છે.

## ૧૧. અગરિયા સમાજ અને રણ

નાના રણ સાથે માનવજીવન પણ જોડાયેલું છે. અહીં પરંપરાગત રીતે મીઠું ઉત્પાદન કરનાર અગરિયા પરિવારો રહે છે અને કામ કરે છે. અટલે નાના રણનું સંરક્ષણ માત્ર વન્યજીવોનું સંરક્ષણ નથી; અહીંનું પર્યાવરણ, સ્થાનિક લોકોની આજીવિકા અને વન્યજીવન ત્રણે વચ્ચે સંતુલન જરૂરી છે.

## ૧૨. નાના રણ સામેના પર્યાવરણીય પડકારો

નાના રણના સંરક્ષણ માટે કેટલાક મહત્વના પડકારો છે : આક્રમક Prosopisની વૃદ્ધિ – ભારે વાહનવ્યવહાર – મીઠાના ઉત્પાદન સાથે જોડાયેલી માનવીય પ્રવૃત્તિઓ – અતિશય ચરાઈ– કેટલીક જગ્યાએ વિકાસકાર્યો – અનિયંત્રિત અથવા અયોગ્ય પ્રવાસન – આમાંથી અનેક મુદ્દાઓ Wild Ass Wildlife Sanctuaryના સંરક્ષણ મૂલ્યાંકનમાં પણ ઓળખવામાં આવ્યા છે.

## ૧૩. સંરક્ષણનું મહત્વ

Wild Ass Sanctuaryનું મહત્વ માત્ર ખુરના સંરક્ષણ પૂરતું નથી. આ વિસ્તાર અનેક પક્ષીઓ અને અન્ય વન્યજીવો માટે મહત્વપૂર્ણ આવાસ છે અને તેને Important Bird and Biodiversity Area તરીકે પણ ઓળખવામાં આવે છે.

સંશોધન મુજબ ખુર અને નીલગાય માટે સંસાધન સમૃદ્ધ વિસ્તારો તથા વિવિધ વિસ્તારો વચ્ચેની જોડાણ-વ્યવસ્થા મહત્વપૂર્ણ છે. તેથી મોટા લેન્ડસ્કેપ સ્તરે આવાસ અને વન્યજીવ કોરિડોરનું સંરક્ષણ પણ જરૂરી બને છે.

## ૧૪. પ્રકૃતિ શિક્ષણ અને વાઈલ્ડલાઇફ ફોટોગ્રાફી



કચ્છનું નાનું રણ વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણની જીવંત પ્રયોગશાળા બની શકે છે. વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફી દ્વારા વિદ્યાર્થીઓ શીખી શકે છે : પ્રાણીની ઓળખ, પક્ષીઓનું વર્તન, ઋતુ પ્રમાણે થતા ફેરફારો, ખાદ્યચક્ર, આવાસનું મહત્વ, જૈવવિવિધતા, પર્યાવરણ સંરક્ષણ. એક ફોટોગ્રાફ માત્ર સુંદર દશ્ય નથી; તેની પાછળ રહેલી પ્રજાતિ, આવાસ, ખોરાક, ઋતુ અને પર્યાવરણીય સંબંધોની વાર્તા પણ સમજવી જરૂરી છે.

કચ્છનું નાનું રણ એક એવું અનોખું પર્યાવરણ છે જ્યાં રણ, પાણી, ખારાશ, ઘાસિયાં વિસ્તારો, પ્રાણીઓ અને પક્ષીઓ એકબીજા સાથે જોડાયેલા છે. અહીંનું જીવન ઋતુ પ્રમાણે બદલાય છે અને આ બદલાવ જ તેના પર્યાવરણને વિશિષ્ટ બનાવે છે. ખુર નાના રણની ઓળખ છે, પરંતુ તેની સાથે નીલગાય, ચિંકારા, વિવિધ નાના સસ્તન પ્રાણીઓ, ફ્લેમિંગો, જળચર પક્ષીઓ, સ્થળાંતરી પક્ષીઓ અને શિકારી પક્ષીઓ મળીને આ સમગ્ર પર્યાવરણીય તંત્ર રચે છે. આથી નાના રણને માત્ર 'ખારૂં રણ' તરીકે જોવાને બદલે જીવંત જૈવવિવિધતા ધરાવતી કુદરતી પ્રયોગશાળા તરીકે જોવું જોઈએ. તેનું સંરક્ષણ ભવિષ્યની પેઢીઓ માટે કુદરતની આ અદ્ભુત વારસાગાથા જાળવવા માટે મહત્વપૂર્ણ છે.

## જોગાસર તળાવ અને એકદંતા ગણપતિ મંદિર...



ધ્રાંગધ્રા શહેરમાં જોગાસર તળાવ પર આવેલું 200 વર્ષ જૂનું એકદંતા ગણપતિ મંદિર દેશમાં અનોખું અને પૌરાણિક મહત્ત્વ ધરાવે છે. આ તળાવ અને મંદિર અંદાજે બસો વર્ષ પહેલાં રાજાશાહી સમયમાં રાજવી રણમલસિંહજી દ્વારા બંધાવવામાં આવ્યા હતા. અહીં બિરાજમાન એકદંતા ગણપતિજીના દર્શનનું ખાસ કરીને ગણેશ ચોથના દિવસે ખૂબ જ અનેરૂં મહત્ત્વ માનવામાં આવે છે. ગણેશ ચોથના દિવસે અહીં દર્શનાર્થીઓની ભારે ભીડ ઉમટે છે. તાજેતરમાં સરકારશ્રી જોગાસર તળાવ અને તેના પરિસરમાં આવેલા બગીચાનું ચાર કરોડ રૂપિયાના ખર્ચે નવિનીકરણ અને લોકાર્પણ કરવામાં આવ્યું છે.





## ધ્રાંગધરા... સાહિત્ય, લોકસાહિત્ય અને લોકઉત્સવો

### • સાહિત્ય :

ધ્રાંગધ્રાની ધરતીમાંથી લોકસાહિત્ય ચારણી સાહિત્યના અસંખ્ય સર્જકો કવિઓ લેખકો થયા અને આગળ પણ થતા રહેશે સાહિત્ય માં એક અનેરૂ સ્થાન ધ્રાંગધ્રા ધરાવે છે. એક સમય ની વાત છે લગભગ 1910 કે 1918 આજુબાજુની લીંબડી રાજકવિ કવિરાજ મસ્તકવિ જ્યારે બદ્રીનાથજીની યાત્રા પર જતા હતા ત્યારે વચ્ચે ધ્રાંગધ્રા આવ્યું અને ત્યારે ધ્રાંગધ્રા રાજસાહેબ શ્રી ઘનશ્યામસિંહજી અને દિવાન સાહેબ માનસિંહજીને જાણ થતા પોતે કવિરાજને મળવા આવે છે અને કવિરાજની મોટી ઉંમરના લીધે તેમને ઉધરસ ખાતા કફ આવ્યો એટલે તરત દિવાન સાહેબ માનસિંહજીએ પોતાનું ઉપવસ્ત્ર લાંબુ કર્યું કે કવિરાજ આમાં કફ કાઢી નાખો અને એક તરફ ધ્રાંગધ્રા ધણી નેક નામદાર રાજસાહેબ શ્રી ઘનશ્યામસિંહજીએ પોતાનો ખોબો લંબાવ્યો આ દ્રશ્ય જોતો કવિરાજના મુખેથી દુહો છૂટી ગયો....

'મત જા મત તું બદરી, કર ધ્રાંગધ્રા ધામ
નર તો માન દિવાન હૈ, ઔર નારાયણ ઘનશ્યામ.

આ દુહો એ વાતનો સાક્ષી છે કે ધ્રાંગધ્રાની ધરા સાહિત્યને પોષવામાં કદી પાછું નથી રહ્યું. કવિઓ, લેખકોને સદા મોકળામને આવકાર્યા છે સ્વીકાર્યા છે...

પછી ભલે રાજાશાહી હોય કે લોકશાહી. રાજાશાહીની સમયપાટી ઉપર નજર નાખી તો તે રાજાશાહીમાંથી આવતા નેક નામદાર રાજસાહેબ શ્રી અમરસિંહજી જે પોતે ધ્રાંગધ્રાના 18મી સદી ના શાસક હતા, તે પરમ ભક્તરાજ કવિ હતા. તેમના ઘણા ભજનો આજે પણ ગવાય છે...

1) જાવું છે નીરવાણી આત્માની કરી લ્યો ઓળખાણી,
ચેતનવાળા તમે ચેતીને ચાલો ભાઇ જાવું છે નીરવાણી.

2) નામ અલખનું રે હદિયે નિત રાખજો રે હો.
(અને) કરજો કરજો મુક્તિ કેરાં કામ રે હાં રે હાં....

વૈરાગ્ય વિભૂષિત ભજનો ધ્રાંગધ્રાના નેક નામદાર રાજસાહેબ અમરસિંહજી રચિત છે.

ધ્રાંગધ્રાની ધરામાં આશરે 300 વર્ષ પહેલાના રાજકવિ શ્રી લાંગીદાસજી મેહડુ જે ડીંગળ અને પિંગળ ભાષાના ઉત્તમ કવિ હતા. જેમના દ્વારા ઘણા ગ્રંથો અને છૂટક કાવ્યો આજે પણ લોક-માનસમાં રમી રહ્યા છે. તેમના દ્વારા ઓખાહરણનો પ્રસિદ્ધ ગ્રંથ લખાયેલો હતો જે ખાસ કરીને ચૈત્ર મહિનામાં રાજ-રજવાડામાં ક્ષત્રિયાણી બહેનો દ્વારા ઓખાહરણ કથાના સ્વરૂપે થતો હતો.

આ સિવાયના ગ્રંથો અને સંકુટક કાવ્યો અને દુહાઓ લોકમાનસમાં રમી રહ્યા છે.

લાંગા લાવ સંસાર મેં, દિયા ભજિયારા દોય.
દિયા નહીં ભજિયા નહીં, તો ગિયા જનમારા ખોય.

આવા માર્મિક દુહાના રચયિતા શ્રી કવિરાજ લાંગીદાસજી મેહડુ જેમને ધ્રાંગધ્રા રાજસાહેબ દ્વાર હાલનું હળવદ તાલુકાનું ગોલાસણ ગામ એનાયત થયું હતું. તેમના વંશ-વારસદારો આજે પણ ગોલાસણ ગામમાં રહે છે.

19મી સદીના ઉત્તરાર્ધમાં અને 20મી સદીની શરૂઆતમાં ધ્રાંગધ્રાના રાજકવિ શ્રી જીવણલાલ ડોસાભાઇ ઝીબ્બાની કાવ્ય-કૃતિઓ આજે પણ લોકમાનસમાં ઘણા આદરથી ગવાય છે. તેમના કાવ્યો વીરરસથી તરબોળ હોય છે. દેવી-દેવતાના આરાધ કાવ્યો તેમની વિશિષ્ટ આગવી ઓળખ હતી.

આવળ ખોડલ આવ્ય, આવ્ય મોગલ મછરાળી,
માત આવ્ય મેલડી, જાગ્ય જ્વાળા ડાઢાળી,
અંબે કરનલ આવ્ય, આવ્ય બૌચર બિરદાળી,
હાલી આવ્ય હિંગોળ, ગેલ રાજલ મહાકાળી,
સમરથ સભી નવલખ શક્ત, ચોરાસીની ચારણા,
ઉપરે દેવી આવો અભી, સેવક કાજ સુધારણા.

કવિશ્રી ગંગાશંકર મણિશંકર વૈષ્ણવનો જન્મ 1876માં ધ્રાંગધ્રાની ધીંગી ધરામાં થયો હતો. એ ગુજરાતના જાણીતા બાળસાહિત્યકાર અને વ્યાકરણકાર હતા. પોતે એક ઉચ્ચ કોટીના શિક્ષક હતા. જેમાં સંસ્કાર અને સાહિત્યનું ઝરણું સદા વહ્યા કરતું હતું. તેમના લખેલા પુસ્તકમાં 'બાળસ્વભાવ' 1908માં પ્રકાશિત કરાયું હતું. જેમાં બાળકનું કોમળ મન, તેનો ઉછેર માતા-પિતાની તેમાં કેવી તૈયારી હોવી જોઈએ, આવું સરસ મજાનું આવરતું પુસ્તક છે અને એક એવું જ બીજું અમૂલ્ય પુસ્તક ગુજરાતી ભાષાનું વ્યાકરણ. જેમાં વ્યાકરણના નિયમો અને લેખન શુદ્ધિ માટેનું છણાવટ ભરેલું અમૂલ્ય યોગદાન આજે પણ પ્રેરણારૂપ બની રહે છે. ખરેખર આ ધ્રાંગધ્રાના ગૌરવપૂર્ણ વ્યક્તિઓ છે, જેને સાહિત્ય સાચવ્યું. એટલું જ નહીં પણ લોકો સુધી પહોંચાડી જનજાગૃતિના સહભાગી બન્યા.

યાજ્ઞિક અમૃતલાલ ભગવાનજીને આપણે કેમ ભૂલી શકીએ. જ્યારે ધ્રાંગધ્રાનું સાહિત્યમાં યોગદાન શું છે તેની વાત આવે ત્યારે સાહિત્યકાર, વિવેચક, નિબંધકાર, સંપાદક અને અનુવાદક તરીકે ઉલ્લેખનીય કાર્ય કરનારા મૂળ ધ્રાંગધ્રાના યાજ્ઞિક અમૃતલાલ ભગવાનજીનો જન્મ 8





ઓગસ્ટ 1913ના રોજ ધ્રાંગધ્રાની પાવન ધરતી ઉપર થયો. તેમણે મુખ્યત્વે શિક્ષણ, સાહિત્ય અને સમાજ સંસ્કૃતિ પર સર્જન કર્યું. તેમના વિવેચન લેખો ચિદ્ઘોષ (1971) માં સંગ્રહાયા છે. 'મુખડા ક્યા દેખો દરપન મેં' (1979) તેમનું શિક્ષણ અને સમાજ પરનું સર્જન છે. આવા તો હજી ઘણા યોગદાન આપણા યાજ્ઞિક સાહેબના છે, જે ધ્રાંગધ્રાની ધરતીના અમૂલ્ય હીરા છે.

વડોદરિયા ભૂપત છોટાલાલ જન્મ 19 ફેબ્રુઆરી 1929ના રોજ ધ્રાંગધ્રામાં થયો હતો. તેમના દ્વારા 50 કરતા વધુ પુસ્તકો લખાયા અને આજે પણ વાચકવર્ગો તેને ઘણી રૂચિથી વાંચે છે. કસૂંબીનો રંગ (1952), જીવન જીવવાનું બળ (1955), અંતરના રૂપ (1958) તેમની ટૂંકી વાર્તાઓના સંગ્રહો છે. તેમની નવલકથા 'પ્રેમ એક પૂજા'ને 1978માં ગુજરાતી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો હતો. આવી ઘણી બધી સાહિત્ય રચનાઓથી તેમને ધ્રાંગધ્રાનું નામ સાહિત્યમાં અદકેરૂં ઊંચું કરી આપ્યું છે.

આમ તો ધ્રાંગધ્રાની ધિંગી ધરતીમાંથી પ્રાચીન-અર્વાચીન ચારણ અને બારોટના ડીંગળ-પિંગળ કાવ્ય, રસાવળો જેમાં વીરરસ શૌર્ય-સાહસનો અદ્ભુત ત્રિવેણી સંગમ હોય છે. તેવી સાહિત્યક રચનાના કવિઓ ઘણા બધા થયા. જેના સંકુટક કાવ્યો-છંદો-દુહાઓ આજે પણ લોકમાનસમાં જીવી રહ્યા છે અને ક્યાંક સંતો-ભક્તોના જ્ઞાન વૈરાગ્ય ભક્તિસભર ભજનો, કિર્તનો, પદો મુક્ત કંઠે ગવાય રહ્યા છે. ક્યાંક ગદ્યાત્મક-પદ્યાત્મક તો ક્યાંક સંગીતબદ્ધ ગાયન થઈ શકે તેવા ગીતોની રચના થઈ તો ક્યાંક લેખ, નિબંધો, નવલિકા, નાટ્યઆખ્યાનો ઉપર સાહિત્યક કામ થયું, તો વળી ક્યાંક વિવેચક અનુવાદક સંપાદકના રૂપોમાં સાહિત્યનું કામ થયું. બધું મળીને ધ્રાંગધ્રાના સાહિત્યરત્નોએ સાહિત્યને સર્વાંગી બનાવ્યું. લોકમાનસ સુધી કોઈના કોઇ રૂપે સતત સાહિત્ય પહોંચાડ્યું...

ધ્રાંગધ્રાના વર્તમાન સમયના કવિઓ, લેખકો, નિબંધકારો, ગઝલકારો પણ એજ પરંપરાને યથાવત રાખી રહ્યા છે. શ્રી પ્રવીણભાઈ જગજીવનદાસ પંડ્યા, શ્રી શફક્ત સૈફુદ્દીન વર્ધાવાલા (એસ.એસ.રાહી), શ્રી અનુભા દેવીદાનભા ગઢવી ઘણાબધા સાહિત્યરત્નો, સાહિત્ય સર્જકો આજે પણ ધ્રાંગધ્રા સાથે જોડાઇને સાહિત્ય સેવા કરી રહ્યા છે. ધિંગી ધ્રાંગધ્રાની ધરતીનું યોગદાન સાહિત્યની દુનિયામાં સદા માટે રહ્યું છે અને રહેવાનું છે. કેમકે સાહિત્ય એ માનવ જીવનમાંથી નીકળતો શ્વાસ છે.

- **ઝાલાવાડનું લોકસાહિત્ય :**

ઝાલા તણા ઝબકાર, કાળા તણ કરા ભલે;
ધરતી માથે ધિંગાણ, જગતમાં ઝાલાવાડ જીત તું

(અર્થ : જ્યાં ઝાલાઓની તલવારોના ઝબકારા થાય છે અને કાળા ડિબાંગ વાદળો જેવા શૂરવીરો જ્યાં જન્મે છે, એ ધિંગાણાંની ધરતી એટલે ઝાલાવાડ !)

ઝાલા ડાબા ન હોય, ઝાલા જમણા જ હોય;
ધરતી માથે ધિંગાણાં કરે, ઈ તો ઝાલા જ હોય.

(અર્થ : ઝાલા ક્યારેય પાછા પગલાં ન ભરે, તે હંમેશાં ન્યાય અને સત્યના માર્ગે આગળ જ રહે અને ધરતી કાજે યુદ્ધ કરે.)

આ દુહાઓને સમર્થન કરતો એક દુહો મહારાણશ્રી માનસિંહજીના કવિતમાં નીચે મુજબ છે.

ઝલ છત્રસાલ રણમલ કુળ ઝળહળે
વાઘ વણવીર કાન રાઘવ વળે
ભીમને રાજધર ભાર પરીયા ભરે
છત્ર છોગાળ મેહમુદિયા ઉછળે.

ઝાલા રાજપૂતોની ટેક અને મહેમાનગતિ આવકારો મીઠો આપજે,
કોક દી' આવે તારે આંગણે; ઝાલાવાડની એ રીત છે, હસતાં મુખે હૈયું ખોલવું

(અર્થ : ઝાલાવાડની ધરતી મહેમાનગતિ માટે જાણીતી છે. આંગણે આવેલા મહેમાનને મીઠો આવકારો આપવો એ અહીંનો ધર્મ છે.)

શીશ પડે પણ ધડ લડે, ઈ ઝાલાના સંતાન;
ટેક મૂકે નહિ જીવતાં, રાખે ક્ષત્રિયનું સન્માન.

(અર્થ : જેના માથા વઢી જાય તો પણ ધડ દુશ્મનો સામે લડતા રહે, એવા ઝાલાવાડના શૂરવીરો ક્યારેય પોતાની ટેક (પ્રતિજ્ઞા) છોડતા નથી.)

આછા પાણા પારડ, ધરતા લાપડાવાળ
'સર તીર્યા સારસ લવે,પડ જુઓ પાંચાળ'

'લોટમાં કાંકરી ને ભાંભળા પાણી'
'આખાબોલા માનવી, ઇ ઝાલાવાડ એંધાણી'

આ પ્રાંતમાં ચાંસિયા ઘઉં વધુ પાકતા હોવાથી વધુ એ ખવાય છે. જેમાં થોડું કાંકરીનું પ્રમાણ વધારે હોય છે. વળી ચૂનાના પથ્થરની ઘંટીમાં દળવતા કાંકરી રહી જાય છે, ઓછો





વરસાદ હોવાના કારણે શુદ્ધ પાણી પણ પ્રાપ્ત નથી. અને અહીંના માનવીની ભાષા થોડી તડ અને ફડ વાળી છે.

'જાજા ઝાળા ઝાંખરા, આળંગારો દેશ'
ભોંમાંથી ભાલા નીપજે, જોયો ઝાલાવાડ દેશ.'

ઝાલાવાડ પંથક આમ સૂકો પ્રદેશ છે.. ઘટાદાર વૃક્ષો ઓછા...અને જાળા-ઝાંખરા વધારે છે. સૂકી જમીન હોવાના કારણે કુદરત સાથે સંઘર્ષ વધારે રહે છે.. એવો આ ઝાલાવાડ.

'કંકુ વરણા લૂગડાં, ધોવા લઈ જાય પાણો'
'પવાલા જેવા ચૂડલા, ઇ ઝાલાવડી જાણો'

'ધન ધન ઝાલાવાડ ધરા, જ્યાં પાકે મોતીડાં જેવા નર,
જેના શૌર્ય અને ટેકની વાતો, ગુંજે આખા જગની અંદર !'

અદના ઉપજા આદમી, અને નર પણ નીપજ્યા નેક;
ધરતી ધન ઝાલાવાડની, જ્યાં ટેક ન મેલે એક

ધરમ વડેરા ધામ જ્યાં કરમ વડેરી વાત
જ્યાં જન્મ્યા અદના આદમી તુને ધન ધન ઝાલાવાડ

હે મુને ઢોલે રમવા મેલ્ય મારા સાયબા
ઝાલાવાડી ઢોલ જાણે ઝાંઝર વાગે
હે મારા પગે આ કડલાં ટૂંકાં રે પડે,
હે મુને ફરી ને કડલાં ઘડાવ્ય મારા સાયબા
ઝાલાવાડી ઢોલ...

આધ્યાત્મિક, પૌરાણિક પાંચાળ ભૂમિમાં ત્રિનેત્રેશ્વર મહાદેવ એટલે કે તરણેતરના આંગણે પરંપરાને અકબંધ રાખતો મનગમતો મેળો જામ્યો હોય ને એમાંય રાસડા તો મેળાનું અભિન્ન અંગ ! બસો-ચારસો બહેનોનું કૂંડાળું રચાય, એક બહેન ગાય ને બાકીની બધી ઝીલે ને એમ રાસની રંગત જામે. ગાવા અને રમવાવાળી બહેનો બદલતી જાવ પણ રાસ તો સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી લેવાતા રહે. આ રાસડામાં કેવાં લોકગીતો ગવાય ? 'હે મુને ઢોલે રમવા મેલ્ય..' જેવાં !

હાસ્તો, ગુજરાતી લોકસંગીતના અખૂટ, અતળ ખજાનામાં આવાં રાસ લેતી વખતે ગાવાનાં અનેક લોકગીતો છે. આવાં લોકગીતોના ઢાળ, શબ્દો અને મૂડ-બધું જ રાસ માટે

અનુકૂળ છે. આખી હિંચનાં લોકગીતો રાસ માટે સૌથી વધુ ઉપયુક્ત છે કેમકે મેળા, જાગરણ કે તહેવારોમાં રાસ કલાક-બે કલાક માટે નહીં પણ કલાકો સુધી રમાય છે એટલે. અડધી હિંચ, ફાસ્ટ રીધમ, દોઢી કે ચલતીનાં ગીતો આમાં ન ચાલે-એટલે જ આપણાં બહુધા લોકગીતો આખી હિંચમાં કમ્પોઝ થયાં છે.

આ લોકગીતમાં નાવિકા પોતાના સાયબાને અનુરોધ કરે છે કે ઝાલાવાડી ઢોલ પર દાંડી પડી, જાણે કે ઢોલ ઝાંઝરની જેમ મધુરો રણકાર કરી ઉઠ્યો છે. આવો ઢોલ વાગે ને હું ઘરમાં બેઠી રહું ? મને જવા દો. અહીં ઢોલ વગાડનારાની કરામત કાંઈક એવી છે કે માનુનીઓને એ મનમોહક લાગે છે.

નાયિકા રાસે રમવા જતાં પહેલા સજી-ધજી રહી છે પણ કડલા, ચૂડલો, હારલો, નથણી પહેરતાં જ ખબર પડી કે આ બધા અલંકારો તો એને ટૂંકા થવા લાગ્યા છે. એટલે એ ફરીથી ઘડાવવાની, નવા બનાવડાવી દેવાની માગણી મુકે છે. એનો સીધો જ અર્થ એ થાય કે સાસરિયામાં દુ:ખી સ્ત્રીઓની ફોજ વચ્ચે આ સૌભાગ્યવતી સુખી છે. બાકી, પરણિતાને એવો હક્ક ક્યાં હતો કે એ કોઈ ચીજની માગણી કરી શકે ને એય વળી આટલાં ઘરેણાંની ? એ નારી સુખી હોવાની બીજી નિશાની એ પણ છે કે સાસરે આવ્યા પછી ઘરેણાં ટૂંકાં થવા લાગ્યાં !

તરણેતરના મેળાની સ્પેશ્યાલિટી હૂડો છે. આ લોકગીત કેટલાક લોકો ઉલાળિયામાં ગાઈને હૂડો લે છે અને મુખડાના થોડા શબ્દો બદલીને ગાય છે.

## • ધિંગી ધરા ધ્રાંગ ધરા : લોકઉત્સવો...

આપણી ધિંગી ધરા ધ્રાંગ ધરા ઝાલાવાડમાં લોકઉત્સવોનું અનેરૂં મહત્વ રહ્યું છે. ત્યારે આપણા વિસ્તારના લોકો દ્વારા ઉજવાતા લોકઉત્સવોનું મહત્ત્વ જાણીએ.

ગુજરાતમાં સૌથી પ્રાચીન શીતળામાતાનું મંદિર ધ્રાંગધ્રાના રાજવી પરિવારે બંધાવ્યું છે. તેના સાનિધ્યમાં શ્રાવણ વદ સાતમથી દશમ સુધી ચાર દિવસનો રાજાશાહી વખતથી લોકમેળો યોજાય છે. આ લોકઉત્સવ મેળામાં, ઝાલાવાડ વિસ્તાર ઉપરાંત અનેક લોકો શીતળા સાતમના દિવસે આવી લોકમેળાનો આનંદ લે છે.

નરાળી ગામ પાસે આવેલ ખારેશ્વર મંદિર ભગવાન શિવનું છે. વર્ષોથી આજુબાજુના વિસ્તારના લોકો ગોકુળઅષ્ટમીના દિવસે ભોળાનાથના દર્શન કરી લોકમેળાની મોજ માણે છે. ધ્રાંગધ્રામાં આવેલ ચરમાળિયા દાદાના મંદિર શ્રાવણ માસના દર સોમવારે લોકમેળો યોજાય છે.

ખાંભડા ગામમાં આવેલ પ્રાચીન સમયથી નાગદેવતાનું અનેરૂં મહત્ત્વ રાજાશાહી વખતથી





જોવા મળે છે. હાલનું આ મંદિર ધ્રાંગધ્રાના મહારાજા સર અજીતસિંહજીએ બંધાવેલ છે. તેઓ નાગપંચમીના દિવસે હાથી પર સવાર થઈ ખાંભડિયા નાગદેવતાના દર્શન કરવા પધારતા. તેમના વરદ્‌હસ્તે આ લોકમોળો ખુલ્લો મુકતા. એજ પરંપરાના ભાગરૂપે આજે પણ રાજપરિવાર તરફથી નિવૈદ નાગદેવતાને ધરાવવામાં આવે છે.

ગાળા ગામ પાસે નદી કિનારે ગોગામહારાજનું નાનું મંદિર આવેલું છે. જ્યાં વર્ષોથી નાગપંચમીના દિવસે લોકમેળો યોજાય છે. આજુબાજુના લોકો મેળાની મોજ માણે છે. એંજાર ગામમાં આવેલ પ્રાચીન ગંગેશ્વર મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ વદ અમાસના દિવસે ભાવ અને ભક્તિનો લોકમેળો ભરાય છે.

નારીચાણામાં આવેલ સ્વયંમભૂ મૂર્તિ મળી આવેલ. ત્યાં હનુમાનજીનું ભવ્ય મંદિર છે. આ મૂર્તિનું પ્રાગટ્ય આશરે ચારસો વર્ષ પહેલા ખેતરમાં હળ ચલાવતા મળી આવેલ. લોકમાન્યતા એવી છે કે પગના ભાગે હળ વાગવાથી તે મૂર્તિના પગે આજે પરૂ કે રસી જોવા મળે છે. ગુજરાતના અનેક જ્ઞાતિના પરિવારો તેમને આરાધ્ય માની પેઢીઓથી પૂજે છે. ભાદરવા સુદ બીજના દિવસે લોકો દર્શનાર્થે આવી ધન્યતા અનુભવે છે.. લોકમેળો યોજાય છે. આજુબાજુના ગામના લોકો જોવાની મોજ માણે છે.

ધ્રાંગધ્રાના મહારાજા રણમલસિંહજીએ તેમના શાસનકાળ દરમ્યાન રણમલસર ગામે અષ્ટકોણીય તળાવ બંધાવ્યું જે જોગાસર તળાવથી પ્રખ્યાત છે. આ તળાવ પર જોગેશ્વર અને યોગેશ્વર મહાદેવના બે શિવમંદિર, જળદેવી મંદિર, કુબેરભંડારી મંદિર, અન્નપુર્ણામાતા મંદિર, શક્તિમાતાનું મંદિર, લક્ષ્મીમાતાનું મંદિર, એકદંતા ગણપતિદાદાનું ભવ્ય મંદિર રાજપરિવારે ઉપરોકત તમામ મંદિરો બંધાવ્યા છે. ગુજરાતમાંથી અનેક લોકો આ મંદિરના દર્શનાર્થે આવે છે. વૈશાખ સુદ ચોથ અને ભાદરવા સુદ ચોથ ગણેશ ચતુર્થીએ જોગારસર તળાવ પર એકદંતા ગણપતિનો લોકમેળો ભરાય છે.

સતાપર ગામે કુલેશ્વર મહાદેવના મંદિરે ઘણા વર્ષોથી શ્રાવણ વદ અગિયારસના દિવસે લોકમેળો યોજાય છે. મોટી માલવણ ગામે ઘણા વર્ષોથી રામદેવપીરના મંદિરે ભાદરવા વદ અગિયારસના દિવસે લોકમેળો યોજાય છે. આજુબાજુના વિસ્તારના લોકો દર્શનાર્થે આવી મેળાની મોજ માણે છે. ઝાલાવાડવાસીઓ દરેક તહેવારો પુરી ભાવ-ભક્તિથી ઉજવે છે. રામનવમીની શોભાયાત્રા, અષાઢી બીજની રથયાત્રા, મોહરમનો તહેવાર સામાજિક સમરતાથી ઉજવાય છે.

## ધ્રાંગધ્રાના સંતો...

### (૧) દેશળ ભગતનાં ગુરૂદેવ શ્રી નર્મદાગિરીજી :



આ વાવ સાથે પરમ સંત શ્રી દેશળ ભગત અને તેમના ગુરૂ શ્રી નર્મદાગીરી બાપુની અદ્‌ભુત ગાથા અને અતૂટ શ્રદ્ધા જોડાયેલી છે. આજથી લગભગ 150 વર્ષ પહેલા ગુરૂ દત્તાત્રેયનાં ઉપાસક અને પંચદસનામી અખાડાના નાગાબાવા એવા નર્મદાગિરીજી સદાબા વાવની જગ્યામાં ધૂણો કર્યો. આ જગ્યા ધ્રાંગધ્રાથી અમદાવાદ જવાના રસ્તા ઉપર આશરે 3 કિ.મી.નાં અંતરે આવેલી છે. એ સમયે જંગલ જેવો વિસ્તાર હતો અને સિંહ જેવા રાની પશુઓ દેખાતા હતા. ખારાઘોડાના જલાલખાન, ખારેશ્વર (કુડા લાઇનમાં નરાળી પાસે)ના મહંતશ્રી ન્યાલગિરીજી અને કડવાસણ (પાટડી)નાં ગરૂડદાસજી એમ આ ચારેય સંતો ગુરૂભાઇઓ હતા. નર્મદાગિરીજી માત્ર લંગોટ ધારણ કરીને સૌને 'જય ગિરનારી' કહીને આવકારીને અલખની ધૂન લગાવતા. રાજકુટુંબના પરિવાર સહિત અનેક શિષ્યો દર્શને આવતા. મહારાણા અજીતસિંહજીનાં અવસાન સમયે તેમની ઈચ્છા પ્રમાણે ગંગા-જમુના એમ બે ગાયો રાજમહેલમાંથી મોકલાવી, જે પોણો મણ દૂધ આપતી હતી.

નર્મદાગિરીજીનાં અનેક શિષ્યો હતા, જેમાં દેશળ ભગતને પણ મંત્રદિક્ષા આપી ત્યારે ગુરૂજીએ પ્રસાદી પ્યાલો આપીને કહ્યું કે, 'દેશળ ! પ્રસાદી લેલો, પેટ મેં રહેગી તો દિવ્ય તત્વ કા દર્શન હોગા !' અને એમ જ થયું. દેશળ ભગતનાં અંતરના તાર ઝણઝણી ઊઠ્યા. નાદબ્રહ્મ જાગૃત થયો અને દિવ્યતાની પ્રાપ્તિ થઇ. ઇ.સ. 1917થી 1921 સુધી દેશળ ભગત ગુરૂ પાસે રહેલા તેથી આ જગ્યા નાગાબાવાનાં નામે જાણીતી થઈ. ધ્રાંગધ્રાથી સુરેન્દ્રનગર જવાના રસ્તે કાપેલી ધાર પાસે તેમણે આશ્રમ કર્યો, જે 'દેશળ ભગતનાં આશ્રમ' તરીકે ઓળખાયો.

એક સમયે દેશળ ભગતે ભંડારામાં મહાપ્રસાદનું આયોજન કર્યું. એ સમય દરમિયાન કેટલાક અસંતોષી માણસોએ નર્મદાગિરીજીની પરિક્ષા હેતુ 'સુખડી-સુખડી'નો પોકાર ઉઠાવ્યો. હરિભક્તો મુંઝાયા અને રજૂઆત કરી કે, 'ગુરૂજી ઘી આવ્યું નથી અને સુખડી ખૂટી પડી છે. ઘી વગર કેમ થશે ?' નર્મદાગિરીજીએ કહ્યું કે, 'અરે ! વાવ હૈ ના ! ઇસમેં ઘી હૈ. લૈ લો જીતના ચાહીએ ઔર જબ ઘી આયે તબ ડાલ દેના વાવ મેં. કામ ચાલુ કરો.' હરિભક્તોએ સંતના વચનોમાં વિશ્વાસ રાખી અઢાર ડબ્બા ઘીનાં ભરી લીધા અને એની સુખડી કરાઈ. બીજા દિવસે





ખરેખર ઘીના 20 ડબ્બા આવેલા, જે ગુરૂએ કહેલા વચન મુજબ વાવમાં ઠાલવી પણ દીધા. આ ચમત્કાર જોઈને સૌ પગમાં પડી ગયા અને વંદન કરવા લાગ્યા.

એક દિવસ ધ્રાંગધ્રાના દિવાન માનસિંહજીના સાળા સંતના દર્શને આવ્યા. રાજ ઘનશ્યામસિંહજી તરફથી થાળ ધરાયો ને ધૂણા ઉપર પગ અડાડ્યો. ત્યાં તો નર્મદાગિરીજીનો કોપ પ્રજ્વલિત થયો અને પાસે પડેલા ચિપિયાને ઉપાડી મારી દીધો. કોઈની પણ શેહશરમ તેઓ રાખતા નહીં.

અનેક સત્કાર્યો કરી અંતે નર્મદાગિરીજીએ સંવત 1999 (ઇ.સ. 1943) આસો સુદ આઠમનાં દિવસે મહારાણા શ્રીરાજ મેઘરાજજી બાપુનાં સમયમાં જીવંત સમાધિ લીધી, ત્યારે તેઓ 100 વર્ષથી વધુ ઉંમરના હતા. તેમનાં શિષ્ય મંગળગિરીએ તેમની સમાધિ પછી ભંડારો કરેલ. આશ્રમનાં સત્સંગી કોન્ટ્રાક્ટર છગનલાલ રેવાશંકરે શિવાલય બંધાવ્યું અને આશ્રમમાં ઓરડા પણ બનાવ્યા.

### (૨) સંત શિરોમણી દેશળ ભગત :



કચ્છનાં વાગડનાં સણવા ગામે વસતાં દેશળ ભગતનાં પૂર્વજોએ સંજોગોવશાત મહારાણા રાયસિંહજીએ વસાવેલા રાયસંગપર ગામે આવીને વસવાટ કર્યો. રજપૂત જ્ઞાતિમાં જન્મેલા પિતા દેવાભાઇ અને માતા હરિબાની કૂખે ઇ.સ. 1881માં પુત્રરત્ન દેશળનો જન્મ થયો હતો. તેમનાં પિતાને રાજમાં નોકરી મળતાં સૌ ધ્રાંગધ્રામાં આવીને વસ્યા. સમય જતાં દેશળજીએ પણ રાજ્યનાં પોલીસ ખાતામાં નોકરી સ્વીકારી. તેમનાં લગ્ન ગંગાબાઇ જોડે થયા, જેમનાથી બે પુત્રો ધના ભગત, લાલ ભગત તથા ત્રણ પુત્રીઓ કલબાઇ, કાનબાઇ અને કુંવરબેન થયા. તેમનું જીવન શરૂઆતથી જ ભક્તિમય બનેલું અને 'ગુરૂ બિના જ્ઞાન નહીં' એ ન્યાયે યોગ્ય ગુરૂની શોધમાં હતા, જે નર્મદાગિરીજીમાં પૂર્ણ થઇ.

હરિ અને ગુરૂ ભક્તિમાં લીન એવા દેશળ ભગતને હવે દુન્યવી વાતો ક્ષુલ્લક લાગવા માંડી. એક દિવસ ગુરૂપૂર્ણિમાનાં દિવસે પરભુ કોચબીનને ત્યાં ભજન-કિર્તનનું નિમંત્રણ મળતાં ગયા. હરિભજનમાં મોડી રાત સુધી ઢોલક, મંજીરા ને રામસાગરનાં સૂરે મીઠી હલકે ગવાતા ભજનોની ધૂનમાં સમયનું ભાન રહ્યું નહીં અને નોકરીનો સમય થઇ ગયો એ પણ યાદ રહ્યું નહીં પણ ઠાકરધણી તેનાં ભક્તોની લાજ તો રાખે જ ને..! નોકરીમાં 79 નંબરનાં બકકલધારી દેશળ બની

નોટબુકમાં સહી નોંધી સાથીદાર લાડભાઇ પાસે 
હકીકતને તેમનાં શ્રધ્ધાળુ ભક્તો આજે પણ સત્ય
પાલનમાં પોતાનાથી થયેલી ક્ષતિનો સ્વીકાર પોતાના સાથીદાર પાસે વ્યક્ત કરી તો તેમણે કહ્યું કે, 'ભગત ! ગાંજો-ભાંગ તો પીધા નથીને ? તમે તો અચૂક સમયે નોકરી બજાવતા ચાર્જ સંભાળેલો હોવા છતાં આમ કાં બોલો ?' ભગવાને ખુદ ભગતની જગ્યાએ પહેરો ભર્યાની વાત બધે પ્રસરી ગયેલી.

પ્રેમાવેશે ગદ્‌ગદ્‌ થયેલા દેશળ ભગતે સજળનયને નમીને તે સ્થળની રજ મસ્તકે ચડાવીને પોતાના કારણે પોતાના વ્હાલા ઇષ્ટદેવ શ્રી ઠાકરને કષ્ટ વેઠવું પડ્યું, તેનો દિલમાં ભારે વસવસો થયો. હવે રાજની નોકરી નહીં, ઈશ્વરની ભક્તિ જ કરવી એવો નિર્ણય કરીને ગુરૂ નર્મદાગિરીજી પાસે ગયા અને તેમણે પણ રાજીપો વ્યક્ત કરીને આજ્ઞા આપી અને કાપેલી ધાર પાસે પોતાનો આશ્રમ કર્યો. આ બનાવ ધ્રાંગધ્રાના મહારાજા ઘનશ્યામસિંહજી ઝાલાનાં શાસન સમયમાં બનેલો છે, કારણ કે આ જગ્યા તેમણે દાનમાં આપેલી છે. તેઓ વાલબાઇના આશ્રમે પણ જઇને ભજન-કીર્તન કરતા. જીવનપર્યંત સાધુ-સંતો અને અભ્યાગતોની સેવા કરી, પુત્ર લાલજી મહારાજને જગ્યાનો કારભાર અને ગાદીપતિ તરીકે સ્થાપી સંવત 1984 (ઇ.સ. 1928)નાં ચૈત્ર વદ 13 મંગળવારે ધ્રાંગધ્રામાં તેમનાં 'દેશળ ભગત આશ્રમ' તરીકે ઓળખાતી જગ્યામાં ધૂણા પાસે સમાધિ લીધી. ગુરૂ-પિતાની આધ્યાત્મિક યાત્રાને પુત્ર લાલજી મહારાજે ખરા અર્થમાં 50 વર્ષ સુધી આગળ ધપાવી અને તેઓ પણ સંવત 2034 તા. 2/4/1978નાં રવિવારે બ્રહ્મલીન થયા. આજે પણ આ આશ્રમે તેમનાં સેવકો દ્વારા અનેક ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ ચાલુ રહી છે.

### (૩) પૂજ્ય માતાજી વાલબાઇ મા – વાલીબાઇનો આશ્રમ :



વાલબાઈનો આશ્રમ જોગાસરના માર્ગે આવેલો છે. સંવત 1884 તા. 12/1/1928માં ધાંગધ્રામાં રાજસ્થાનનાં મેવાડા ભરવાડ કુટુંબમાં સુપુત્રી વાલીનો જન્મ થયો. પિતાનું નામ ભગવાન ભગત અને માતાનું નામ બદીબા હતું. સુપુત્રી વાલીનાં લગ્ન તા. 9/4/1843ના રોજ પાંચાળ પ્રદેશનાં સમથેરવા ગામે થયા હતા. તેમના પતિનું નામ અમરદાસ હતું. તેમને ત્યાં બે પુત્રો થયા. નાનપણથી જ ભક્તિનાં સંસ્કાર હોઇ સંસારમાં હોવા છતાં વિરકત રહેતા. પિયરથી ઠાકરની મૂર્તિ સાથે જ લાવેલા. ભક્તિમાં મગ્ન રહેતા ક્યારેક ભાવાવેશમાં પણ આવી જતા. અંતે તેમણે સંસાર છોડવાનો નિર્ણય કરી, પિયર ધ્રાંગધ્રા આવીને પિતા ભગવાન ભગતને તેમનાં બે પુત્રોને સોંપીને ગુરૂની શોધમાં ચાલી નીકળ્યા.





સંવત 1911 તા. 10/7/1885માં રાજકોટ પાસે આવેલ કુવાડવા ગામમાં એ સમયે રવિભાણ સંપ્રદાયના સેવાદાસજીને ગુરૂ માનીને દીક્ષા લીધી. તેમણે વાલીને વાલબાઈ નામ આપ્યું અને પ્રસાદી સ્વરૂપે નકલંકની મૂર્તિ, પાદુકા અને સવા હાથ લાંબો કાષ્ટનો ધોકો આપ્યો. વાલબાઈમાં ધ્રાંગધ્રા આવ્યા. ગુરૂના માર્ગદર્શન પ્રમાણે સફેદ ગૌ-માતાએ જ્યાં ગૌમુત્ર ખેર્યું અને વાગોળતા બેસણા કર્યા ત્યાં ગુરૂની પ્રસાદી પધરાવી. જાળાં-ઝાંખરા સાફ કરી ગાર-માટીનો એક ઓટલો બનાવી, તેમાં ઉપર નકલંકની મૂર્તિ, પાદુકા ને ધોકાની સ્થાપના કરી. આરતી-પૂજા કરી તથા સાથે આવેલ સૌ ભક્તોને પ્રસાદ વહેંચ્યો. ધ્રાંગધ્રામાં વાત પ્રસરી ગઇ કે, ભરવાડ ભગવાનની દીકરી વાલી તો સાધુ બની ગઇ !

વાલબાઇનાં જીવનના પરચાના અનેક પ્રસંગો નોંધાયેલા છે. એક લંપટ સાધુને ભક્તિ માર્ગે વાળ્યો. અનેક દુઃખિયાઓનાં દુઃખ હર્યા. એ સમયે ઝાલાવાડમાં વરસાદ ખેંચાયો ત્યારે આર્તનાદથી હરિ સ્મરણ કરતાં મેઘો મંડાયો અને ફલકુ નદીમાં પૂર આવ્યા. આ વાત વાયુવેગે પ્રસરી કે, 'વાલબાઇનાં ઠાકરની દયાથી ઓણ સાલ વરસાદ પડી ગયો, નહિંતર દુકાળ પડત.' આ વાત મહારાણા રણમલસિંહજી સુધી પહોંચી કે જેઓ સાક્ષાત ધર્મનાં અવતાર મનાતા. તેમણે આવીને વાલીબાઇને વંદન કર્યા અને બોલ્યા કે, 'હે જોગમાયા ! હું ઝાલા નરેશ, આપનો સેવક. ઠાકરના ટેલવે છું, શું સેવા કરૂ ? આજ્ઞા કર મારી માં..' પ્રસન્નવદને વાલીમાં બોલ્યા કે, 'હે રાજવી ! કરતા કરાવતા તો ઠાકર ધણી, હું તો એની ટેલવી. અભ્યાગતોને ટુકડો, દીનદુઃખિયા સેવા અને ધરમનો નેજો ફરકાવાનું નીમ લીધું છે.' આટલું કહેતા તો વાલબાઇમાં ભાવાવેશમાં આવ્યા અને બ્રહ્મ સાથેનો સંબંધ જોડાયો. માઁ સમાધિસ્થ અવસ્થામાંથી જાગ્યા ત્યારે ગામધણી રણમલજી ઠાકરનાં ટેલવા બની સાધુ-સંતોને જમાડતા હતા. આ જોઈને માઁ મનોમન રાજી થયા. એ રાત્રે ઠાકરે રાજવી રણમલસિંહજીને ઠાકરે દર્શન આપ્યા અને આશ્રમે નિયમિત દર મહિને એક ગાડુ ભરીને અનાજ મોકલવાનું ફરમાન કર્યું.

સો વર્ષ ઉપરાંતનું આયુષ્ય ભોગવી વાલબાઇમાં તા. 1/1/1928નાં રોજ નકલંક ધામમાં ગયા. એ સમયે તેમનાં સ્વર્ગસ્થ પુત્ર ખીમદાસનાં પત્ની લક્ષ્મીબાઈ, પૌત્ર મોતીરામ, પુત્રવધૂ કાશી સહિત અન્ય ભકતજનોએ આશ્રમમાં તેમને સમાધિ આપી. આજે ત્યાં તેમની પ્રતિમા સ્થાપના કરવામાં આવી છે અને આશ્રમ દ્વારા ધાર્મિક અને સમાજ ઉત્કર્ષનાં અનેક કાર્યો સાથે ભજન, ભોજન અને ભકિતની પરંપરા ચાલી રહી છે.

### (૪) પરમહંસ અવધૂત નારાયણ સ્વામી :

મેળાના મેદાનથી શીતળા માતાના મંદિર તરફ જવાના રસ્તે કાશી વિશ્વનાથ મંદિર પાસે તેમનું સમાધિ સ્થળ આવેલું છે. તેઓ મૂળ અંજાર-કચ્છના મોઢ બ્રાહ્મણ હતા. તેમનું પૂર્વાશ્રમનું



નામ ચંદુલાલ હતું અને ઓવરસિયર તરીકે નોકરી કરતા. લગ્નજીવનમાં એક પુત્ર થયો, જેનું નામ ચમન હતું. થોડા સમયમાં પત્નીનું અવસાન થતાં પુત્રનો ઉછેર તેમનાં ફૈબાએ કર્યો. એક સંતનાં સત્સંગથી આધ્યાત્મિક જગતમાં પ્રવેશ થયો અને સંઘ સાથે હરિદ્વાર ગયા અને ત્યાં જ દિક્ષા લઇ ગુરૂ દ્વારા 'નારાયણ સ્વામી' નામ પ્રદાન કરાયું.

ભારત ભ્રમણ કરીને ઇ.સ. 1938માં ધ્રાંગધ્રા આવ્યા અને કાશી વિશ્વનાથ મંદિરમાં રહ્યા. ઉનાળામાં ફલકુ નદીની રેતીમાં ખાડો કરીને ઉગ્ર તપશ્ચર્યામાં લીન રહેતા. કેટલોક સમય રામ ટેકરીની જગ્યામાં પણ રહ્યા. તેઓ વેદોનાં અચ્છા અભ્યાસી હોવાની સાથે ગીતાનું અધ્યયન પણ કરતા. સાથોસાથ જપ-તપ, ભજન-કીર્તન અને શિવ ઉપાસના સહિત અનેક પ્રકારની સાધના કરતા પરમહંસની કક્ષાએ પહોંચ્યા હતા. પગ ઉપર પગ ચડાવીને બેસવાની અને આકાશ સામે જોતા રહેવાની તેમની શૈલી અલગ હતી અને મોટાભાગે સમાધિસ્થ રહેતા. આ વિરકત સંતપુરૂષે ક્યારેય પણ વાતચીતમાં 'હું'નો શબ્દપ્રયોગ કર્યો નથી. હમેંશા સૌને 'નારાયણ' કહીને સંબોધતા.

તેમનાં પુત્ર ચમનનું નાની વયે જ અવસાન થતાં તેઓ પોતાના વતન ગયેલા અને અંત્યેષ્ઠિ પતાવી વઢવાણનાં જડેશ્વર મહાદેવનાં મંદિરમાં ઉતરેલા ત્યારે આ લેખનાં લેખકનાં નાના અને ઝાલાવાડનાં વિદ્વાન શાસ્ત્રીજી શ્રી ગાંડુભાઇ શુક્લ સાથે પરિચય થયો, જે સંબંધ આધ્યાત્મિક રીતે આજીવન રહ્યો અને પધરામણી પણ કરેલી. પુત્ર ચમનનાં આત્મશ્રેયાર્થે વેદોકત અભિષેક જડેશ્વર મહાદેવ ઉપર અભિષેક ગાંડુભાઇ શુકલનાં ભાણેજ શ્રી સોમાભાઈ મણીશંકર દવેએ કરાવેલ હતો. નારાયણ સ્વામીએ પોતાના અધ્યાત્મક જગતનાં વિચારો તા. 30/5/1953નાં રોજ પ્રગટ કરેલા. ધ્રાંગધ્રાનાં કાશી વિશ્વનાથ મંદિરમાં અંજારનાં આ મહાયોગીએ સંવત 2015ની આસો વદ તેરસની રાત્રે તા. 29/5/1959 જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોંચી મહાનિર્વાણ પદ પ્રાપ્ત કર્યું. તેમનાં વિશાળ અનુયાયી વર્ગે સંગઠિત થઈને તેમનું સમાધિ મંદિર બનાવ્યું. સાધુ-સંતોનો સત્સંગ સંસારના મનુષ્યો માટે શીળી છાયા સમાન છે. તેથી જ કહેવાયું છે કે,

'એક ઘડી આધી ઘડી પુનીમે પુની આધ,
તુલસી સંગત સાધુકી કટે કોટિ અપરાધ.'

**– શ્રી મનોજ ઈન્દ્રવદન આચાર્ય**





## હિન્દ માન તોપ આર્મી કેમ્પ, ધ્રાંગધ્રા

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલો ધ્રાંગધ્રા આર્મી કેમ્પ (મિલિટરી સ્ટેશન) એ ભારતીય સેનાનું વ્યૂહાત્મક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ મિલિટરી સ્ટેશન છે, જેનો ઇતિહાસ રજવાડાના સમયગાળા અને કચ્છના રણની ભૌગોલિક સ્થિતિ સાથે ગાઢ રીતે જોડાયેલો છે.

ધ્રાંગધ્રા પર પહેલા ઝાલા વંશના રાજપૂત શાસકોનું શાસન હતું, જેમની પોતાની મજબૂત સૈન્ય પરંપરા હતી.તે સમયે મહારાજા પાસે પોતાની ખાસ સૈન્ય ટુકડી હતી, જેને 'ધ્રાંગધ્રા મખવાન ઇન્ફન્ટ્રી' (Dhrangadhra Makhwan Infantry) તરીકે ઓળખવામાં આવતી હતી. આ સૈન્યમાં મુખ્યત્વે રાજપૂતો અને અન્ય સ્થાનિક જ્ઞાતિના શૂરવીરો સામેલ હતા. 1948માં જ્યારે ધ્રાંગધ્રા રજવાડાનું ભારતીય સંઘમાં વિલીનીકરણ થયું, ત્યારે આ સૈન્ય માળખું પાછળથી ભારતીય સેના (Indian Army)ના કેમ્પ અને સ્ટેશન તરીકે વિકસિત કરવામાં આવ્યું.

ધ્રાંગધ્રા કચ્છના નાના રણની સરહદ નજીક આવેલું હોવાથી સૈન્ય માટે પશ્ચિમ સરહદની સુરક્ષા માટે ખૂબ મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે. 1965 અને 1971 ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન આ કેમ્પની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ હતી. 1965ના યુદ્ધમાં જ્યારે પાકિસ્તાની સેનાએ કચ્છના રણ વિસ્તારમાં આક્રમણ કર્યું, ત્યારે અહીંના સૈનિકો અને આ સ્ટેશને સરહદ સંભાળવામાં મોટો ફાળો આપ્યો હતો. આ આર્મી કેમ્પ ભારતીય સેનાની 'ગોલ્ડન કટાર ડિવિઝન' (Golden Katar Division) અને 'ગોલ્ડન કટાર ગનર્સ' હેઠળ કાર્યરત છે. અહીં આર્ટિલરી (તોપખાના) અને ઇન્ફન્ટ્રી રેજિમેન્ટ્સ તૈનાત રહે છે.






## મખવાન પાયદળ (Makhavan Infantry)



ધ્રાંગધ્રા પર શાસન કરતા ઝાલા રાજપૂત વંશ મૂળ સિંધના મખવાન કુળમાંથી આવતો હોવાથી આ પાયદળ સેનાનું નામ 'મખવાન ઈન્ફન્ટ્રી' રાખવામાં આવ્યું હતું. મહારાજા અજીતસિંહજીના સમયમાં ધ્રાંગધ્રા સ્ટેટ ફોર્સીસ (સૈન્ય ટુકડી)ની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં વર્ષ 1921 માં સતાવાર રેકોર્ડ મુજબ 489 સૈનિકો કાર્યરત હતા, જે બાદમાં 1929 માં 443 સૈનિકોની કંપની તરીકે કાર્યરત રહી હતી. આ સૈન્યમાં મુખ્યત્વે રાજપૂતો અને અન્ય સમુદાયના લોકો સામેલ હતા.

વર્ષ 1948 માં જ્યારે ધ્રાંગધ્રા રાજ્યનું ભારતીય સંઘ સૌરાષ્ટ્ર રાજ્યમાં વિલીનીકરણ થયું, ત્યારે આ રજવાડી સેનાનું ભારતીય સેનામાં વિલીનીકરણ કરી દેવામાં આવ્યું હતું. ભારત સરકાર દ્વારા 45' માં ઝલ્લેશ્વર શ્રી રાજમયુરધ્વજસિંહજી (મેઘરાજજી)ની ઉપસ્થિતિમાં વર્ષોથી ચાલી આવતી 'મખવાન' ઈન્ફન્ટ્રી દ્વારા બીજા વિશ્વયુદ્ધ વખતે કરવામાં આવેલ સહાયની પ્રશંસા માટે તા. 28/8/1951 શ્રાવણ વદ 11 (અજ્જા એકાદશી)ના રોજ લેફ્ટનન્ટ જનરલ કરીઅપ્પા દ્વારા 850 વર્ષથી ચાલી આવતી પરંપરા મખવાન સિધ્ધસેનાના સન્માનરૂપે સ્મૃતિચિહ્ન દરબારના ડેપ્યુટી મેજર લખધિરસિંહ ઝાલાને અર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ભવ્ય પરેડ, બંદુકની સલામી તથા રાષ્ટ્રગીત સાથે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. તે સમયે સૌરાષ્ટ્રના રાજ પ્રમુખ યુ.એન. ઢેબર, સી.એમ. બલવંતરાય મહેતા, ડેપ્યુટી સી.એમ. રસીકલાલ યુ.પારેખ, મનુભાઈ શાહ, બ્રિગેડિયર અનંત એસ.પઠાનિયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ મખવાન સિધ્ધ સેના માર્ગ, રાજ અજીતસિંહજી સેના સ્થળ (હાલની મીલ્ટ્રી લાઈન) ધ્રાંગધ્રા ખાતે યોજવામાં આવ્યો હતો. જે બાબતનો શિલાલેખ આજે પણ આર્મી કેમ્પમાં મોજુદ છે.











## સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ, ધ્રાંગધ્રા



ધ્રાંગધ્રા શિલ્પ સંકુલનું લોકાર્પણ સવંત 2066 મહાવદ 30, શનિવાર તારીખ 13 ફેબ્રુઆરી 2010 ના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું.

સદીઓથી ગુજરાત રાજ્ય શિલ્પ કળાના ભવ્ય વારસા સહિત પથ્થરોની કુદરતી ખાણોથી સમૃદ્ધ છે. જે સાપ્તિને એક અનુકૂળ વાતાવરણ આપવામાં સહાયક છે.

પથ્થર કોતરણી એ ફક્ત એક હસ્તકલા નથી તે એક જીવન પરંપરા છે જે પેઢી દરપેઢીની વાર્તાઓ કુશળતા અને સાંસ્કૃતિક મૂલ્યોને વહન કરે છે. ગુજરાતમાં ખાસ કરીને રેતીના પથ્થર અને આરસપહાણથી સમૃદ્ધ પ્રદેશોમાં આ વારસાઈ અસંખ્ય કારીગર પરિવારોની ઓળખ અને આજીવિકાને આકાર આપ્યો છે. જોકે જેમ જેમ બજારો વિકસિત થાય છે તેમ ટેકનોલોજી આગળ વધે છે.

આ તે સ્થાન છે જ્યાં ધ્રાંગધ્રા સ્થિત (SAPTI) મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતના સ્ટોન ક્રાફ્ટ ક્ષેત્રને મજબૂત બનાવવાના વિઝન સાથે સ્થાપિત SAPTI પરંપરાગત જ્ઞાન અને આધુનિક નવીનતા વચ્ચે સેતુ તરીકે કામ કરે છે. આ સંસ્થા એક એવું પ્લેટફોર્મ પૂરૂં પાડે છે જ્યાં કારીગરો-વિદ્યાર્થીઓ ડિઝાઇનર્સ અને શિલ્પકારો સાથે મળીને શીખી શકે છે, બનાવી શકે છે અને વિકાસ કરી શકે છે. SAPTIને શિક્ષણ પ્રત્યેનો તેનો વ્યવહાર અભિગમ અનન્ય બનાવે છે. વિદ્યાર્થીઓ સીધા પથ્થર સાથે કામ કરે છે. પરંપરાગત કોતરણી ટેકનીકો શીખે છે અને સમકાલીન ડિઝાઇન પદ્ધતિઓ સીએનસી ટેકનોલોજી ડિજિટલ ફેબ્રિકેશન અને ઉત્પાદન વિકાસનો પણ સંપર્ક મેળવે છે. વર્કશોપ લાઈવ પ્રોજેક્ટ અને ઉદ્યોગ સહયોગ દ્વારા તેઓ આજના વ્યવસાયિક અને બજારની માંગને પૂર્ણ કરવા માટે જરૂરી કુશળતા પ્રાપ્ત કરે છે.

આ સંસ્થા આકાર શોપ અને ઇન્ક્યુબેશન સેન્ટર જેવી પહેલો દ્વારા ઉદ્યોગ સાહસિકતાને પણ પ્રોત્સાહન આપે છે જેનાથી વિદ્યાર્થીઓ અને કારીગરો વર્ગખંડની બહાર તેમની રચનાઓનું પ્રદર્શન માર્કેટિંગ અને વિકાસ કરી શકે છે આ માત્ર તેમનો આત્મવિશ્વાસ જ મજબૂત નથી કરતું

પણ ટકાઉ આજીવિકા માટે માર્ગો બનાવે છે.

અહીં પરંપરાગત કુશળતા નવી સુસંગતતા શોધે છે અને જ્યાં આગામી પેઢીને ગર્વ અને સર્જનાત્મકતા સાથે ભારતના સમૃદ્ધ પથ્થર હસ્તકલા વારસાને આગળ વધારવા માટે સશક્ત બનાવવામાં આવે છે.

કારીગરીનું ભવિષ્ય ફક્ત પરંપરાને જાળવવામાં જ નહીં પણ આવતીકાલની દુનિયા માટે તેની પુનઃ કલ્પના કરવામાં પણ રહેલું છે.

સાપ્તી. ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે સંકળાયેલ છે તથા તેના બધા જ શૈક્ષણિક કાર્યક્રમો ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (GCVT) દ્વારા માન્યતા પ્રાપ્ત છે.

આ તાલીમી સંસ્થામાં તમામ સુવિધાઓ અને માર્ગદર્શન સંપૂર્ણપણે નિઃશુલ્ક નિવાસી હોય છે. ક્ષેત્રના અનુભવી ફેકલ્ટી અને નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવે છે. થીયરી ડ્રોઈંગ ડિઝાઇનિંગથી લઈને વિધિવત્ રીતે પથ્થર કળાની શૈક્ષણિક તાલીમ આપવામાં આવે છે.

રહેવા માટે હોસ્ટેલ અને કેન્ટીનની સુવિધાઓ અને તમામ પ્રકારની માળખાકીય સુવિધાઓ સંપૂર્ણપણે નિશુલ્ક આપવામાં આવે છે. સાપ્તીનું કેમ્પસ વિશાળ ખુલ્લી જગ્યામાં સ્વચ્છ અને વૃક્ષોથી હર્યાભર્યા વાતાવરણમાં આવેલ છે. બધા જ ભવનોમાં ક્લાસરૂમ, લાઇબ્રેરી, કમ્પ્યુટર લેબ, વર્કશોપ, મનોરંજનના સ્થળ, સ્ટાફ માટે રહેવાની સુવિધાઓ, ભોજનાલય આહાર ગૃહ, વહીવટી કચેરી વગેરેનો સમાવેશ થાય છે. તમામ પ્રકારના કોર્ષના અંતે પ્રમાણપત્ર આપવામાં આવે છે.









## શ્રી શક્તિ આલ્કલી વર્ક્સ

### ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ (DCW Limited)



ધ્રાંગધ્રામાં ડી.સી.ડબલ્યુ. કંપની સ્થાપવાની જરૂરિયાત મુખ્યત્વે ભારતમાં સોડા એશ અને અન્ય મહત્ત્વના રાસાયણિક ઘટકોનું સ્વદેશી ઉત્પાદન શરૂ કરવા માટે પડી હતી.

ફેક્ટરી સ્થાપવા પાછળના મુખ્ય ભૌગોલિક અને આર્થિક કારણોમાં માલની સરળ ઉપલબ્ધિ. સોડા એશના ઉત્પાદન માટે મુખ્ય કાચો માલ મીઠું છે. જે ધ્રાંગધ્રાના નાના રણની નજીક આવેલું હોવાથી ત્યાં મીઠાનું પ્રચલુર ઉત્પાદન થતું હતું. ફેક્ટરીની જરૂરિયાત પૂરી કરવા માટે જ નજીકમાં આવેલા કૂડા ખાતે સ્પેશિયલ સોલ્ટ વર્ક્સ (નીમકનગર) સ્થાપવામાં આવ્યા હતા.

રોજગારી અને આર્થિક વિકાસ માટે તત્કાલીન ધ્રાંગધ્રા રજવાડાના સમયમાં સ્થાનિક લોકોને રોજગારી આપવા અને આ પ્રદેશનો આર્થિક વિકાસ કરવા માટે એક મોટા ઔદ્યોગિક એકમની જરૂર હતી. કુદરતી સંસાધનો (મીઠું)નો યોગ્ય ઉપયોગ કરવા, સ્થાનિકોને રોજગારી આપવા અને દેશને રસાયણોની બાબતમાં આત્મનિર્ભર બનાવવા માટે ધ્રાંગધ્રામાં ડી.સી.ડબલ્યુની સ્થાપના કરવામાં આવી. કંપનીનું મુખ્ય મથક મુંબઈ ખાતે આવેલું છે.

ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ (DCW) ધ્રાંગધ્રાના ઈતિહાસનું અત્યંત મહત્વનું નામ છે. શ્રી શક્તિ આલ્કલી વર્ક્સ એટલે હાલ (DCW) માં સોડાનું ઉત્પાદન થયા પછી તે બહારગામ વેચાણ કરવા માટે આલ્કલી વર્ક્સના સોડાના સેલ્સ સેક્રેટરી તરીકે સ્વ. રામસિંહજી ઝાલા હતા. ધ્રાંગધ્રાના સોડાનું મુંબઈ મોકલવાનું પહેલું વેગન પણ તેમના હસ્તક રવાના થયેલ અને ત્યારપછી દિલ્હી, કાનપુર, અમદાવાદ વગેરે સ્થળોએ સોડાનું વેચાણ ચાલુ રહ્યું. શરૂઆતમાં કૂડા ખાતે કુંડા ખાણો કરીને કારખાના માટે જોઈતું મીઠું સાફ પાણી ભેળવી શકારી તે મુજબ હજારો રૂપિયાના ખર્ચે કલાક ફેરણી પણ કરાવવામાં આવ્યા પણ તેમાં સફળતા ન મળી એટલે છેલ્લે ધ્રાંગધ્રામાં આ કારખાનાનું કરવાનું નક્કી થયું.

ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ (DCW) તેની શરૂઆતનો ઈતિહાસ 25 નવેમ્બર 1925 સુધી જાય છે. ધ્રાંગધ્રામાં ભારતની પ્રથમ સોડા એશ ફેક્ટરી માટે પાયો નાખવામાં આવ્યો હતો. કંપનીના સત્તાવાર ઈતિહાસ મુજબ 25 નવેમ્બર 1925 માં શ્રી શક્તિ આલ્કલી વર્ક્સ હાલનું ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ (DCW) ના પાયાની પથ્થર ભારતના ગવર્નર જનરલ (I.C.S. C.I.E) જી.યુ.



વોટસન તથા ધ્રાંગધ્રાના મહારાજા રાજાસાહેબશ્રી સર ઘનશ્યામસિંહજી G.C.I.E., K.C.S.I. તથા તેમના વારસદાર મહારાજ કુમારશ્રી મયુરધ્વજસિંહજી તથા દિવાન રાજરાણાશ્રી માનસિંહજી એસ. ઝાલા (કોંઢ) C.I.E. તથા રાજ્યના ઈજનેર દુર્ગાશંકર જી. પંચોલી (B.E.) ની ઉપસ્થિતિમાં તા. 25 નવેમ્બર 1925 ના રોજ કરવામાં આવી હતી.

ગાંધીજીના મીઠાના સત્યાગ્રહ બાદ શ્રી ઘનશ્યામસિંહજી રાજાસાહેબને પ્રેરણા આપી કે મીઠામાં પણ રોજગારી છે અને કચ્છના નાના રણમાં મીઠું પ્રચલુર ઉત્પાદન થાય છે તો સાફ મીઠાની સેલ્સ કે સોડા એશ કારખાનાની શરૂઆત કરી.દિવાન રાજારાણાશ્રી માનસિંહજી એસ. ઝાલા ઈંગ્લેન્ડ જઈને આલ્કલી વર્ક્સ માટે કામગીરીની વ્યવસ્થા કરી આવ્યા હતા. સને 1927-28માં કારખાના તથા તેને લગતા બીજા મકાનો જેવાં કે કેમીસ્ટ ક્વાટર્સ, મજૂરી માટેની લાઈન વગેરેનું બાંધકામ પૂરૂં કર્યું હતું. અને 1929 માં હિન્દભરમાં પહેલી જ વખત ફક્ત ધ્રાંગધ્રામાં જ સોડા એશનું ઉત્પાદન કરી બતાવીને દિવાન માનસિંહજી એસ. ઝાલા તેમનું સ્વપ્ન સાકાર કરેલું હતું.

શ્રી ઉમેદસિંહજી મેરૂલા ઝાલા (અમુભા) ભારત સરકારના સોલ્ટ સુ.પ્રિ. (હાલ નિવૃત્ત) સ્વર્ગસ્થ ધ્રાંગધ્રા સ્ટેટના સોલ્ટ કમીશનર અને સૌરાષ્ટ્ર રાજ્યના સોલ્ટ ઓફિસર તેઓશ્રી શક્તિ આલ્કલી વર્ક્સની મુખ્ય ઓફીસના સ્ટાફમાં જોડાયા હતા, અને ત્યારબાદ વર્ક્સ માટે કૂડા ખાલી મીઠું ઉત્પન્ન કરાવી ધ્રાંગધ્રા વર્ક્સમાં મોકલવાની કામગીરી બજાવતા હતા.ઝલાવાડનો ઉદય ઈ.સ. 1090ની આસપાસ થયો હતો. ઈ.સ. 1735માં ધ્રાંગધ્રાની ઉદય થઈ, પહેલા તેનું નામ કૂવા, હળવદ હતું. ત્યાર પછી તેનું નામ ધ્રાંગધ્રા-હળવદ કરવામાં આવ્યું.

1925માં ભારતની સૌપ્રથમ સોડાએશ ફેક્ટરી અહીં સ્થાપવામાં આવી હતી. 1939 માં તેને શ્રેયાંશ પ્રસાદ જૈને હસ્તગત કરી ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ (DCW) નામ આપ્યું. 1948 માં ધ્રાંગધ્રા સૌરાષ્ટ્ર વિસ્તાર ઝલાવાડ જિલ્લાનો ભાગ બન્યું. 1956માં તેનો સમાવેશ ગુજરાતમાં કરવામાં આવ્યો હતો.પ્લાન્ટને આવળનો તબક્કામાં 1939 માં ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ લિમિટેડ તરીકે ચલાવવામાં આવ્યો હતો, આ સમયથી DCW નામે ઓળખાતા ઔદ્યોગિક સંસ્થાન વિકાસને વેગ મળ્યો. શેઠ શ્રેયાંશ પ્રસાદ જૈનનો ફાળો DCWના વિકાસમાં ખૂબ મહત્વનો હતો. કંપનીના ઐતિહાસિક દસ્તાવેજો મુજબ તેમના સંચાલન હેઠળ 1959 માં તામિલનાડુના શાહપુરમ ખાતે ક્લોર-આલ્કલી પ્લાન્ટ સ્થપાયો. ત્યારબાદ 1968માં ભારતમાં પ્રથમ ક્લોજિનેટેડ સોલ્વન્ટ







(ટ્રાઈ) છે જેનો ઉપયોગ ઔદ્યોગિક ક્ષેત્રે ધાતુના ભાગોને સાફ કરવામાં અને અન્ય કેમિકલ ઉત્પાદનમાં થાય છે. વર્ષ 1970માં ભારતમાં DCW લિમિટેડ તામિલનાડુના સહુપુરમ ખાતે દેશના સૌપ્રથમ સિન્થેટિક ઈથાઈલ અને PVC (પોલીવિનાઈલ ક્લોરાઈડ) ઉત્પાદન માટે સ્થપાયો હતો.

1978 માં ગુજરાતમાં Utox (યુટોક્સ) નામનો કેમિકલ જે એક ઔદ્યોગિક કેમિકલ પાવડર છે જે કેમિકલ પ્રોસેસિંગમાં એસિડ સામે ઉત્તમ પ્રતિશાર શક્તિ ધરાવે છે તેના ઉત્પાદન ક્ષેત્રે નવી પહેલ 1983માં દક્ષિણ-પૂર્વ એશિયામાં ઇમ્પોર્ટેડ વીસીએમ આધારિત પીવીસી (PVC) ઉત્પાદનની પહેલ. 1986 માં કંપનીનું નામ બદલી DCW LIMITED કરવામાં આવ્યું.

ધ્રાંગધ્રાના વિકાસમાં DCWનું મહત્ત્વ ખૂબ જ છે. ધ્રાંગધ્રામાં ઔદ્યોગિક રોજગાર, વેપાર, પરિવહન, રહેણાંક વિસ્તારો અને સ્થાનિક અર્થતંત્રને વિકાસને પ્રોત્સાહન મળ્યું. ધ્રાંગધ્રા ઓળખ માત્ર ઐતિહાસિક રજવાડા તરીકે નહીં પરંતુ ઔદ્યોગિક શહેર તરીકે પણ મજબૂત થઈ. આજે DCW એક બહુવિધ ઉત્પાદનો ધરાવતી કેમિકલ કંપની તરીકે વિકસેસી છે. કંપનીના વર્તમાન ઉત્પાદન ક્ષેત્રોમાં બેઝિક કેમિકલ્સ ઉપરાંત સિન્થેટિક આયર્ન ઓક્સાઈડ પીગમેન્ટસ અને C-PVC જેવો સ્પેશિયલ કેમિકલનો પણ સમાવેશ થાય છે. ટૂંકમાં 1925-સોડા એશ ફેક્ટરી, 1939 ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ, વિવિધ કેમિકલ ઉદ્યોગોમાં વિસ્તરણ, 1986 DCW LIM. 2025 માં 100 વર્ષની ઐતિહાસિક સફર, આ રીતે DCW ધ્રાંગધ્રા માત્ર એક કારખાનું નથી, પરંતુ ધ્રાંગધ્રાના આધુનિક ઔદ્યોગિક વિકાસના ઈતિહાસની મહત્ત્વપૂર્ણ ભાગ છે.

હાલના મુખ્ય ઉત્પાદનો DCW Limitedના પ્રોડક્ટ પોર્ટફોલિયા ઘણી મોટી છે, જે વિવિધ ઉદ્યોગોમાં ખૂબ ઉપયોગી છે. બેઝિક કેમિકલ્સ : સોડા એશ અને કોસ્ટિક સોડા (ડિટરજન્ટ, સાબુ, ગ્લાસ અને કાગળ ઉદ્યોગ માટે), પ્લાસ્ટિક અને પોલીમર : PVC રેઝિન અને C-PVC (પાઈપિંગ અને કન્સ્ટ્રક્શન સિસ્ટમ માટે) સ્પેશિયાલિટી કેમિકલ્સ : સિન્થેટિક આયર્ન ઓક્સાઈડ પિગમેન્ટ (લાલ અને પીળા રંગનું પિગમેન્ટ) અને સિન્થેટિક સ્ટાઈલ. અન્ય કેમિકલ્સ : લિક્વિડ ક્લોરિન, હાઇડ્રોક્લોરિક એસિડ અને યુટોક્સ, બજાર અને નિકાસ માટે કંપની ગામમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ મજબૂત હાજરી ધરાવે છે. તે પોતાના ઉત્પાદનો યુ.એસ.એ (USA) અને નેધરલેન્ડ જેવા 12 થી વધુ દેશોમાં નિકાસ કરે છે, તેના ગ્રાહકોમાં ફાર્માસ્યુટિકલ, એગ્રીકલ્ચર, ફૂડ પ્રોસેસિંગ, ટેક્સટાઇલ અને ડિટરજન્ટ બનાવતી અગ્રણી કંપનીઓ સામેલ છે.

## જળ સંસાધન – ધ્રાંગધ્રા

'જળ એ જ જીવન' સુકતીને સાર્થક કરતી 'ધ્રાંગ ધરા'ની ધરતીમાં પથ્થરનાં પેટાળમાં પાણી રહેલું છે.આ ઝાલાવાડની ધરતીનાં જળસ્ત્રોતોમાં નદીઓ, તળાવો, વાવો, ડેમ, ચેકડેમ, ખેત તલાવડી, કૂવાઓ, પાતાળકૂવાઓ અને નહેરનો સમાવેશ થાય છે. ધ્રાંગધ્રાની મુખ્ય નદીઓની વાત કરીએ તો કુલ ચાર નદીઓ ધ્રાંગધ્રાની ધરા પર વહે છે. (1) ફલકુ નદી (2) ચંદ્રભાગા નદી (3) ઉમિયા નદી (4) કંકાવટી નદી

(1) ફલકુ નદી : ફલકુ નદી મૂળી તાલુકાના ગામડાઓના નાના નાના વહેણમાંથી ગુજરવદી ગામ પાસે નદી સ્વરૂપ ધારણ કરી આગળ નારીચાણા, ગાજણવાવ, બાવળી, ધ્રાંગધ્રા, ઇસદ્રા, વાવડી અને મોટીમાલવણથી પસાર થઈ કચ્છના નાના રણમાં સમાઈ જાય છે. ધાંગધ્રા શહેર ફલકુ નદીને કિનારે આવેલું છે. ફલકુ નદી ઉપર ડેમ બાંધવામાં આવેલ છે. જેનું નામ ફલકુ રાજ જશવંત સાગર ડેમ છે. તેના પાણીનો ઉપયોગ  ધ્રાંગધ્રા વિસ્તારના ગામડામાં પીવાના પાણી તેમજ સિંચાઈ માટે કરવામાં આવે છે

(2) ચંદ્રભાગા નદી : ધોળી ગામ નજીકથી નીકળી નવલગઢ, જેગડવા, રામગઢ, હીરાપુર, ગાળા, દુદાપુર, વસાડવા, ભરાડા, અને સુલતાનપુર પાસે કચ્છના નાના રણમાં સમાઈ જાય છે. આ નદી પર રામગઢ ગામ નજીક બંધ બાંધવામાં આવેલ છે. જેનું નામ ચંદ્રભાગા ડેમ છે. આ ડેમ ઉપર સુંદર રમણીય ઈશ્વરીયા મહાદેવનું મંદિર આવેલું છે.

(3) ઉમિયા નદી : દેવચરાડી નજીક તેનું ઉદ્ભવ સ્થાન છે. આ નદી રાજસીતાપુર, ભારદ, રાજચરાડી, મેથાણ, માનપુર અને ધ્રુમઠ પાસે કચ્છના નાના રણમાં સામાઈ જાય છે. તેના ઉપર નાના ચેકડેમો આવેલા છે.

(4) કંકાવટી નદી : રામપરા નજીકથી શરૂ થઈ રામપરા ને કોંઢ  વિસ્તારમાંથી પસાર થાય છે. આગળ જતા આ નદીમાંથી બે ફાટા પડે છે. એક ફાટો હળવદ તરફના ગામડામાં અને બીજો ફાટો ધ્રાંગધ્રા તાલુકાના ગોપાલગઢ, કંકાવટી, જસમતપુર અને કુડા પાસે કચ્છના નાના રણમાં સમાઈ જાય છે. આ નદી ગોદરા નામથી ઓળખાય છે. તેના પર કંકાવટી પાસે ડેમ આવેલો છે. જેના પાણીનો ઉપયોગ આસપાસનાં ગામડાઓમાં સિંચાઈ તરીકે થાય છે.

ધાંગધ્રા તાલુકામાં તળાવોનું પણ બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં ધાંગધ્રા શહેરમાં આવેલ માનસાગર તળાવ, જોગાસર તળાવ અને પ્રતાપપુરનું ચંદ્રાસર તળાવ જે ચંદ્રસિંહ રાજા દ્વારા બંધાવી આપવામાં આવેલ છે. માનસાગર તળાવનું પૌરાણિક મહત્ત્વ પણ રહેલું છે. આ સિવાય ધાંગધ્રા તાલુકામાં 65 ગામો આવેલા છે, તેમાં દરેક ગામની અંદર તળાવો જોવા મળે છે. કેટલાક તળાવ સિમ વિસ્તારમાં આવેલ છે. જ્યાં નર્મદાની નહેર દ્વારા પાણી ઠાલવવામાં આવે છે





અને તેનો ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવે છે.

વાવ : ધાંગધ્રા તાલુકાની અંદર ઐતિહાસિક વાવોનો સમાવેશ થાય છે. જેમાં વર્ષો પહેલાં મનુષ્ય તેમજ પ્રાણીઓના પીવાના પાણીની વ્યવસ્થા માટે અછત અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં વાવનું નિર્માણ કરવામાં આવતું. ધાંગધ્રા તાલુકાની ઐતિહાસિક ગણાતી વાવમાં માત્રીવાવ કંકાવટી, હામપુરની મેલડી માઁની વાવ, નાગાબાવાની વાવ, ધાંગધ્રા વગેરે વાવનો સમાવેશ થાય છે. આ સિવાય પણ ધાંગધ્રા તાલુકામાં ઘણી બધી વાવ આવેલી છે.

ડેમ : ધાંગધ્રા તાલુકાની જીવાદોરી સમાન ફલકુ નદી ઉપર રાજ જશવંત સાગર ડેમ આવેલો છે. ડેમનું નામ : ફલકુ (Falku Dam), સ્થળ : ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર, ગુજરાત. નદી : ફલકુ નદી, પૂર્ણ થયાનું વર્ષ : 1992, ડેમની લંબાઈ :આશરે 4,710 મીટર, ઊંચાઈ : સત્તાવાર રજિસ્ટરના એક સંસ્કરણમાં 18.35 મીટર, બીજા 2019 રજિસ્ટરમાં 11.45 મીટર દર્શાવાય છે. કુલ જળસંગ્રહ ક્ષમતા : આશરે 13,020 મિલિયન લિટર (13.02 MCM), જીવંત/ઉપયોગી સંગ્રહ : આશરે 12,690 મિલિયન લિટર (12.69 MCM), જળાશય વિસ્તાર : આશરે 2.696–5.48 ચો.કિમી.(રજિસ્ટરની આવૃત્તિ પ્રમાણે આંકડો બદલાય છે), હેતુ : મુખ્યત્વે સિંચાઈ છે.

આ ઉપરાંત ચંદ્રભાગા નદી પર ચંદ્રભાગા ડેમ આવેલો છે. તેના પાણીનો ઉપયોગ ઉપરવાસના ગામડાઓમાં સિંચાઈ માટે થાય છે. આ ઉપરાંત દરેક નદીમાં ચેકડમો બાંધવામાં આવ્યા છે. જેનો ઉપયોગ સિંચાઈ તેમજ જમીનમાં જળસ્તર ઉંચુ લાવવા માટે થાય છે.

ખેત તલાવડી : તાલુકાના દરેક ગામડાઓમાં ખેડૂતો માટે સિંચાઈના હેતુથી સરકારશ્રી દ્વારા ખેત તલાવડી બનાવવા માટે સહાય આપવામાં આવે છે. ખેડૂતો ખેત તલાવડીમાં પાણીનો સંગ્રહ કરી અને જરૂરિયાત મુજબ પાણીનો ઉપયોગ કરે છે.

કૂવાઓ અને પાતાળ કૂવાઓ : પાણી પીવા માટે તથા સિંચાઈ માટે વર્ષોથી કૂવાઓનો ઉપયોગ થતો આવ્યો છે. જમીનમાં ક્ષારકામ કરીને પેટાળના પાણીનો ઉપયોગ ધાંગધ્રાની ધરતીમાં થતો જોવા મળે છે. નર્મદા નહેર આવતા હવે તેનો ઉપયોગ ઓછો થતો જોવા મળે છે.

નહેર : ધાંગધ્રા તાલુકામાંથી બે નર્મદા નહેર પસાર થાય છે. એક માળિયા બ્રાન્ચ અને બીજી છે મોરબી બ્રાન્ચ. બંને નહેરમાંથી ધાંગધ્રા તાલુકાના ગામડાઓમાં પિયત માટે પાણી આપવામાં આવે છે. આ બંને નેહરના પાણી ગામડાઓમાં તળાવો અને નદીઓમાં ઠાલવવામાં આવે છે. જેથી દરેક ગામને પીવા માટે અને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે છે. જેના લીધે ધાંગધ્રા તાલુકાના ખેડૂતો મબલખ પાક લેતા થયા છે. જેના લીધે ધ્રાંગધ્રામાં ઝાલાવાડની ધરતીમાં હરિયાળી ક્રાંતિ આવી છે.

## પલાશ, કેસૂડો, ખાખરો...



ખાખરાનું ઝાડ, ભારત વર્ષના બધા પ્રદેશોમાં થતું એક પ્રસિદ્ધ વૃક્ષ. મેદાનો અને જંગલોમાં જ નહીં, પણ 4,000 ફૂટની ઊંચાઈએ પહાડોના શિખરો ઉપર કોઈને કોઈ રૂપમાં અવશ્ય મળે છે. તે વૃક્ષરૂપ, ક્ષુપરૂપ અને લતારૂપ એમ ત્રણ રૂપમાં જોવામાં આવે છે. બગીચાઓમાં વૃક્ષરૂપે અને જંગલો અને પહાડોમાં વિશેષ કરીને ક્ષુપરૂપે જોવામાં આવે છે. લતારૂપે બહુ જૂજ મળે છે. પાન, ફૂલ અને ફળ ત્રણે ભેદોમાં સમાન હોય છે. વૃક્ષ બહુ ઊંચું થતું નથી. ક્ષુપ ઝાડીના રૂપમાં અર્થાત્ એક સ્થાન ઉપર પાસે પાસે બહુ જ ઊગે છે. તેની છાલ મોટી અને રેસાવાળી થાય. તેનું લાકડું વાંકુચૂકુ હોય છે. તેનું ફૂલ નાનું, અર્ધચંદ્રાકાર અને ઘેરા લાલ રંગનું હોય છે. ફૂલ ફાગણના અંતમાં કે ચૈત્રની શરૂઆતમાં આવે છે. ફળમાં ગોળ ચપટાં બીજ હોય છે. ફળને પલાશ પાપડી અને હબીજને પલાશબીજ કહે છે. તેનાં પાન પાતળ દૂના બનાવવાના કામમાં આવે છે. રજપૂતાના અને બંગાળમાં તો તેનાં પાનમાંથી બીડી બનાવવામાં આવે છે. ફૂલ અને બીજ ઔષધિમાં વપરાય છે. બીજમાં પેટનાં કૃમિ મારવાનો ગુણ વિશેષ છે. ફૂલને ઉકાળવાથી તેમાંથી લાલાશ પડતો પીળો રંગ નીકળે છે, જેનો ઉપયોગ જહોજોમાં આવતા પાણીને અટકાવવા માટે થાય છે. મૂળની છાલના રેસામાંથી દોરડાં તેમજ કાગળ પણ બનાવવામાં આવે છે. તેની પાતળી જાળીઓને ઉકાળી એક પ્રકારનો કાથો તૈયાર કરવામાં આવે છે અને તે બંગાળમાં વિશેષ ખાવામાં આવે છે. તેની છાલમાં એક પ્રકારનો ગુંદ પેદા થાય છે. તેનાં ફુલ સ્વાદુ, કડવાં, ગરમ, કપૈલાં, વાતવર્ધક, શીતળ, ચરપરા, મલરાધક, તૃણા, દાહ, ચિત્ત, કર્ક, રૂધિરવિકાર, કોઢ અને મૂત્રકૃચ્છનો નાશ કરનાર મનાય છે. તેના ફળ રૂક્ષ હલકું ગરમ, કફ, વાત, ઉદરરોગ, કૃમિ, કોઢ, ગુલ્મ, પ્રમેહ અને શૂલનો નાશક કરનાર મનાયછે. બિજને સ્નિગ્ધ, ચરપરા, ગરમ, કફ અને કૃમિનાશક અને ગુંદને મલરોધકા ગ્રહણી, મુખરોગ, ખાંસી અને પસીનો દૂર કરનાર માનેલ છે. આ વૃક્ષ હિંદુઓનાં પવિત્ર વૃક્ષ માહેનું એક છે. વેદમાં પણ તેનો ઉલ્લેખ મળે છે. શ્રોતસૂત્રોમાં કેટલાંક યજ્ઞપાત્રો તેનાં લાકડામાંથી બનાવવાની વિધિ છે. ગૃહ્યસૂત્ર અનુસાર ઉપનયન સમયે બ્રાહ્મણકુમારને તેની લાકડીનો દંડ ધારણ કરવાનો વિધિ છે.

પલાશનું ફૂલ અત્યંત સુંદર તો હોય છે, પરંતુ તેમાં ગંધ હોતી નથી. આ વિશેષતા ઉપર પણ ઘણીએ ઉક્તિઓ કહેવાયેલી છે. તેનાં બી વિરેચક અને કૃમિઘ્ન હોવાથી તેની 10 થી 20 ગ્રેન ભૂકી કૃમિ અને ખાસ કરીને ગોળ કૃમિ બહાર કાઢવા માટે ત્રણ દિવસ સુધી લાગટ અપાય છે. તેની ભૂકીનો મલમ દરાજ ઉપર લગાડાય છે. આ ઝાડના દરેક ભાગમાંથી ક્ષારીય પદાર્થ કાઢવામાં આવે છે. આ ક્ષાર પેટનાં અર્બુદ અને હરસમાં બહુ ઉપયોગી ગણાય છે. તેનાં મૂળિયાંની છાલનો ઉકાળો ભાંગેલાં હાડકાંનો સાંધે છે અને મરડો મટાડે છે. તેનાં પાંદડાં સંકોચક, બળવર્ધક અને કામોત્તેજક મનાય છે. ગૂમડાં, ખીલ, ગાંઠ, અર્બુદ વગેરે ઉપર પાન બંધાય છે. વા, આફરો, કૃમિ અને હરસમાં તેનાં પાન ખાવાની દવામાં અપાય છે. સર્પદેશમાં તેની છાલ સૂંઠ સાથે ખાવા અપાય છે. તેનો ઉકાળો સળેખમ, શરદી અને ખાંસીમાં દેવાય છે.





## શ્રી જવાહર નવોદય વિદ્યાલય, ધ્રાંગધ્રા




ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળની નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા સંચાલિત એક પ્રતિષ્ઠિત અને સંપૂર્ણ નિવાસી (હોસ્ટેલ સુવિધા ધરાવતી) સહ-શૈક્ષણિક શાળા છે. આ શાળાની સ્થાપના વર્ષ 1991માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારોના તેજસ્વી વિદ્યાર્થીઓને મફત અને ગુણવત્તાયુક્ત આધુનિક શિક્ષણ આપવાનો છે.

મુખ્ય પરિચય અને વિશેષતાઓ, માધ્યમ અને બોર્ડ : આ શાળા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) નવી દિલ્હી સાથે સંલગ્ન છે અને અહીં NCERTનો અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે. ધોરણ 6 થી 12 સુધીનું શિક્ષણ સંપૂર્ણપણે મફત (રહેવા, જમવા અને યુનિફોર્મ સહિત) આપવામાં આવે છે. જેનું સંચાલન સ્થાનિક સ્તરે, જિલ્લા કલેક્ટરશ્રી આ વિદ્યાલયની મેનેજમેન્ટ સમિતિના અધ્યક્ષ હોય છે.

ગતિ નિર્ધારક સંસ્થાઓ (Pace Setting): આ શાળા માત્ર અભ્યાસ જ નહીં, પરંતુ આસપાસની ગ્રામીણ શાળાઓ અને સમાજમાં શિક્ષણના સ્તરને સુધારવા માટે એક મોડેલ તરીકે પણ કામ કરે છે.

પ્રવેશ પ્રક્રિયા (Admission) ધોરણ-6 માં પ્રવેશ : આ વિદ્યાલયમાં મુખ્ય પ્રવેશ ધોરણ-6 માં થાય છે, જેના માટે અખિલ ભારતીય સ્તરે જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા (JNVST) લેવાય છે. જિલ્લામાં ધોરણ-5 માં ભણતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે. નિયમ મુજબ, જિલ્લાની કુલ બેઠકોમાંથી 75% બેઠકો ગ્રામીણ વિસ્તારના પ્રતિભાસંપન્ન બાળકો માટે અનામત રાખવામાં આવે છે.

શાળાની સુવિધાઓ (Facilities) : આધુનિક સ્માર્ટ ક્લાસ અને વિજ્ઞાન પ્રયોગશાળાઓ (Labs).વિશાળ લાઈબ્રેરી અને કમ્પ્યુટર લેબ. રમત-ગમત માટે મેદાન અને વિવિધ સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓ (જેમ કે સુબ્રતો કપ અને પ્રાદેશિક સ્પર્ધાઓ).

આ શાળા ઇસદ્રા રોડ, હરીપર, તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર મુકામે આવેલ છે.

21મી સદી એ શિક્ષણ, વિજ્ઞાન-ટેકનોલોજીની સદી માનવામાં આવે છે. તત્કાલીન

સમયમાં 21મી સદીના ઉંબરે ઊભેલા વિશ્વના વિકસીત દેશોની હરોળમાં સ્થાન મેળવવા ભારત પરંપરાગત ચોકઠામાંથી બહાર નીકળી સામાજિક અને આર્થિક પરિવર્તનનું પાયાનું તથા ક્રિયાશીલ માળખું બનાવવા માટે તત્કાલીન વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીએ ચિંતા વ્યક્ત કરતા દેશને 21મી સદી માટે સુસજ્જ થવા હાકલ કરી. આથી શિક્ષણ ક્ષેત્રે નવી વૈચારિક ક્રાંતિનો પ્રસાર થયો. જેની ફળશ્રુતિ તરીકે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986' નો અમલ થયો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 મુજબ એક એવી આવાસીય વિદ્યાલયની પરિકલ્પના કરવામાં આવી કે જેનો હેતુ ઉત્કૃષ્ટ અને પ્રતિભાશાળી ગ્રામીણ બાળકોની પ્રતિભાને ખીલવે. આ હેતુને પરિપૂર્ણ કરતી આવાસીય વિદ્યાલય એટલે જવાહર નવોદય વિદ્યાલય. સ્થાપના સમયે તેનું નામ 'નવોદય વિદ્યાલય' હતું. પરંતુ તત્કાલીન 'માનવ સંસાધન વિકાસ મંત્રી' અને પાછળથી વડાપ્રધાન બનેલા શ્રી પી. વી. નરસિંહરાવે તેનું નામ બદલી 'જવાહર નવોદય વિદ્યાલય' રાખ્યું. તથા વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા 5 સપ્ટેમ્બર 2022 ના રોજ શિક્ષકદિન નિમિત્તે 'પી.એમ. શ્રી-યોજના'ની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત દેશની બધી જવાહર નવોદય વિદ્યાલયોનો સમાવેશ કરવામાં આવ્યો આમ, અત્યારે 'પી.એમ. શ્રી જવાહર નવોદય વિદ્યાલય' તરીકે ઓળખાય છે.

- **પી.એમ. શ્રી જવાહર નવોદય વિદ્યાલય, ધ્રાંગધ્રા :**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ સ્વયં-સંચાલિત સંસ્થા એટલે નવોદય વિદ્યાલય સમિતિ (NVS). પી.એમ. શ્રી જવાહર નવોદય વિદ્યાલય-ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા સંચાલિત એક પ્રતિષ્ઠિત અને સંપૂર્ણ આવાસીય સુવિધા ધરાવતી સહ-શૈક્ષણિક શાળા છે.

આ શાળાની સ્થાપના ઈ.સ. 1992 માં કરવામાં આવી. શાળાને પોતાનું મકાન ન હોવાથી શ્રી પરશોત્તમદાસ સુરચંદભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રાંગધ્રાના જૈન બોર્ડિંગના મકાનમાં વિદ્યાલયની શરૂઆત થઈ. વિદ્યાલયની સ્થાપનાથી અત્યાર સુધી (સપ્ટેમ્બર-2026) કુલ 3061 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયા છે. તેમાંથી ઘણા વિદ્યાર્થીઓ પ્રતિષ્ઠિત નોકરી અને હોદ્દા પર આરૂઢ થઈ સેવા આપી રહ્યા છે. જે નવોદય વિદ્યાલય સમિતિના ઉપસૂત્ર "COME TO LEARN - GO TO SERVE" ને ચરિતાર્થ કરી રહ્યા છે. નવોદય વિદ્યાલય સમિતિના માપદંડ અને સુવિધા અનુસાર નવું બિલ્ડીંગ ઈશદ્રા રોડ, હરીપર તા. ધ્રાંગધ્રા મુકામે બનતા વિદ્યાલયને સ્થળાંતરિત કરવામાં આવી.

- **નવોદય વિદ્યાલયની સ્થાપનાના હેતુઓ :**

ઈ.સ. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત સ્થાપાયેલ જવાહર નવોદય વિદ્યાલયની





સ્થાપનાના હેતુઓ આ મુજબ છે:

- ✦ ગ્રામીણ પૃષ્ઠભૂમિમાંથી આવતા પ્રતિભાવાન બાળકોને કુટુંબની સામાજિક અને આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વગર ગુણવત્તાયુક્ત આધુનિક શિક્ષણ આપવું.
- ✦ રાષ્ટ્રીય સ્તરે હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં સમાન રીતે શિક્ષણની સુવિધા આપવી.
- ✦ બધી વિદ્યાલયોમાં સમાનતા સુનિશ્ચિત કરવા તથા વિવિધતામાં એકતાના દર્શન કરાવતી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની સમજના વિકાસ માટે સમાનમૂલક અભ્યાસક્રમ બનાવવો.
- ✦ રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમજને પ્રોત્સાહન માટે વિદ્યાર્થીઓને દેશના એક પ્રદેશથી બીજા પ્રદેશમાં સ્થળાંતર (માઈગ્રેશન)ની વ્યવસ્થા ઊભી કરવી.
- ✦ જે-તે જિલ્લામાં 'નમૂનારૂપ શાળા' કે નિર્દેશિત શાળા તરીકે નવોદય વિદ્યાલયને સ્થાપિત કરવી.
- ✦ શિક્ષકોનું પ્રશિક્ષણ, અનુભવોનું આદાન-પ્રદાન અને સુવિધાને સેતુ બનાવી શાળાકીય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કેન્દ્ર બિંદુ તરીકે કાર્ય કરવું.

- **સંચાલન – સંસ્થાકીય માળખું :**

વહીવટી બાબતમાં કાર્યક્ષમતા નવોદય વિદ્યાલયને એક કડીમાં સાંકળતી વ્યવસ્થા એટલે નવોદય વિદ્યાલય સમિતિ (NVS). માનવ સંસાધન વિકાસ મંત્રાલય (વર્તમાનમાં શિક્ષણ મંત્રાલય)ની હેઠળ આ કામ કરતી સ્વયં-સંચાલિત સંસ્થા છે. કેન્દ્રીય શિક્ષણમંત્રીશ્રી હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ (ચેરપર્સન) હોય છે તથા રાજ્યકક્ષાના કેન્દ્રીય શિક્ષણમંત્રીશ્રી ઉપાધ્યક્ષ હોય છે. સમિતિનું સહ-સંચાલન નાણા સમિતિ અને શૈક્ષણિક-સલાહ સમિતિ દ્વારા કરવામાં આવે છે. વિદ્યાલય કક્ષાએ સંચાલન માટે વિદ્યાલય વ્યવસ્થાપન સમિતિ (V.M.C.)ની સ્થાપના કરવામાં આવે છે. હોદ્દાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટ (જિલ્લા કલેક્ટર) સમિતિના અધ્યક્ષ હોય છે. સભ્ય-સચિવ તરીકે વિદ્યાલયના આચાર્યશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સ્થાનિક વિદ્વાનો, શિક્ષકો અને વાલીઓ વિદ્યાલય વ્યવસ્થાપન સમિતિના સભ્યો હોય છે.

નવોદય વિદ્યાલય સમિતિનું વડુંમથક 'નવી દિલ્હી' છે. સમિતિના વડપણ નીચે 10 વિભાગો (સંભાગ) તથા નવોદય લીડરશીપ ઇન્સ્ટિટ્યૂટ (NLI) કાર્ય કરે છે. વર્તમાનમાં ભારતના રાજ્યો અને કેન્દ્ર-શાસિત પ્રદેશોમાં 664 કરતાં વધુ વિદ્યાલયો કાર્યરત છે. વહીવટી સરળતા માટે આ વિદ્યાલયોને 10 પ્રાદેશિક વિભાગોમાં વિભાજિત કરવામાં આવેલ છે તથા શિક્ષણ ક્ષેત્રે આવતા

પરિવર્તનને સાનુકૂળ નવોદય વિદ્યાલયોના સ્ટાફ (શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક) બની રહે તે માટેની તાલીમ આપતો વિભાગ એટલે નવોદય લીડરશીપ ઇન્સ્ટિટ્યૂટ (NLI).

**જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા** (J.N.V.S.T.) **:**

જવાહર નવોદય વિદ્યાલયમાં બાળકોના પ્રવેશ માટે વિશેષ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. જે જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા (J.N.V.S.T.) તરીકે ઓળખાય છે. જે-તે જિલ્લામાં સરકાર માન્ય શાળામાં ધોરણ-5, ધોરણ-8 અને ધોરણ-10માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે પાત્ર ગણાય છે. આ પરીક્ષામાં પાસ થયેલ અને મેરીટમાં આવતા બાળકોને ધોરણ-6, ધોરણ-9 અને ધોરણ-11માં પ્રવેશ આપવામાં આવે છે. મેરીટ બનાવતી વખતે 75% ગ્રામ્ય પૃષ્ઠભૂમિવાળા અને 25% શહેરી વિસ્તારનું પ્રમાણ ધ્યાનમાં લઈને ધોરણ-6 માં 80 બાળકો (40 કુમાર + 40 કન્યા) તથા ધોરણ-9, 11 માં ખાલી જગ્યાના આધારે તથા શૈક્ષણિક અનામતને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવે છે.

- **શાળાની વિશેષતાઓ :**

આ વિદ્યાલયનો સમાવેશ અમદાવાદ વિભાગ (સંભાગ) માં થાય છે. વિદ્યાલયના સંચાલન માટે કામગીરીને બે વિભાગમાં વહેંચાયેલ છે. (1) શૈક્ષણિક વિભાગ અને (2) વહીવટી વિભાગ, વહીવટી વિભાગની સંપૂર્ણ જવાબદારી વિદ્યાલયના આચાર્યશ્રી સંભાળે છે. જ્યારે શૈક્ષણિક વિભાગની જવાબદારી વિદ્યાલયના ઉપ-આચાર્યશ્રી સંભાળે છે. જવાહર નવોદય વિદ્યાલય, ધ્રાંગધ્રાની ખૂબીઓ અને વિશેષતાઓ આ મુજબ છે:

- **માધ્યમ અને બોર્ડ :**

આ શાળા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (C.B.S.E.), નવી દિલ્હી સાથે સંલગ્ન છે. અને અહીં N.C.E.R.T.નો અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે. ભણાવવાના માધ્યમમાં આ વિદ્યાલયમાં ધોરણ-6 થી 8 સુધી અમુક વિષયોને ગુજરાતી માધ્યમમાં ભણાવવામાં આવે છે. જ્યારે ધોરણ-9 થી 12 સુધી હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ થાય છે. ધો-11 અને 12 માટે વિજ્ઞાન તથા વાણિજ્ય પ્રવાહ ચાલે છે. ધોરણ-10 પાસ કરનાર વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરવા માંગતા હોય, તો તેમને 'મીની માઈગ્રેશન'ના માધ્યમથી અમદાવાદ વિભાગ (સંભાગ)ની અન્ય નવોદય વિદ્યાલયમાં મોકલવામાં આવે છે.

- **આવાસીય અને જમવાની વ્યવસ્થા :**

વિદ્યાલયમાં ધોરણ 6 થી 12 સુધીનું શિક્ષણ સંપૂર્ણપણે મફત આપવામાં આવે છે. આવાસ





માટે કન્યા-કુમાર અલગ છાત્રાલયની વ્યવસ્થા છે. બાળકોની સાર-સંભાળ અને દેખરેખ માટે શિક્ષકોમાંથી 'હાઉસ-માસ્ટર' બનાવવામાં આવે છે તથા શાળાના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ માટે વિદ્યાલય કેમ્પસમાં જ સ્ટાફ ક્વાટરની સુવિધા છે. બેડ, ગાદલા, ચાદર, નાહવા અને કપડાં ધોવા માટે સાબુ, બ્રશ-મંજન વગેરે વસ્તુઓ વિદ્યાલય તરફથી આપવામાં આવે છે. જમવા માટે ભોજનાલય છે. ત્યાં મેનુ પ્રમાણે સવારે નાસ્તો, બપોરનું ભોજન, સાંજે રીફ્રેશમેન્ટ તથા રાત્રી ભોજન પીરસવામાં આવે છે.

- **માઈગ્રેશન પદ્ધતિ :**

નવોદયની સ્થાપનામાં રહેલા મૂળ હેતુઓમાંથી એક રાષ્ટ્રીય એકતા અને ભારતના રાજ્યોની સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસાને સમજે અને જાણે. આ માટે માઈગ્રેશન પદ્ધતિ અમલમાં છે. આ યોજના અંતર્ગત ધોરણ-9માં આવેલા વિદ્યાર્થીઓમાંથી નિર્ધારિત વિદ્યાર્થીઓને એક વર્ષના અભ્યાસ માટે નવોદય વિદ્યાલય-ધ્રાંગધ્રાથી નવોદય વિદ્યાલય-કાલુખેડા, તા-જાવરા, જિ. રતલામ (મ.પ્ર.) મોકલવામાં આવે છે. તેવી જ રીતે કાલુખેડા નવોદય વિદ્યાલયથી આ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ ધોરણ-9 માં અભ્યાસ માટે આવે છે. આ એક વર્ષના સમયગાળામાં વિદ્યાર્થીઓ ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યની સંસ્કૃતિને નજીકથી તેનો અનુભવ કરે છે.

- **રમત-ગમતની પ્રવૃત્તિઓ :**

બાળકોના સર્વાંગી વિકાસ માટે વ્યાયામ તથા રમત-ગમતની પ્રવૃત્તિઓ શાળામાં કરાવવામાં આવે છે. શારીરિક શિક્ષણ માટે સ્પેશ્યલ શિક્ષક (શારીરિક શિક્ષણ શિક્ષક)ની કાયમી નિયુક્તિ કરવામાં આવે છે. શાળામાં ઇનડોર અને આઉટડોર રમતો રમાડવામાં આવે છે. રમતો માટે નવોદય વિદ્યાલય સમિતિનું રમોત્સવ માટે વિશેષ આયોજન જોવા મળે છે. શાળા કક્ષાએ શ્રેષ્ઠ રમતોમાં શ્રેષ્ઠ ખેલાડીઓ અને ટીમોને કલસ્ટર (સંકુલ) કક્ષાએ રમાડવા લઈ જવામાં આવે છે. કલસ્ટર કક્ષાએ વિજેતા ખેલાડીઓને પ્રાદેશિક કક્ષાએ અને પ્રાદેશિક કક્ષાએ થઈ રાષ્ટ્રીય કક્ષાએ લઈ જવામાં આવે છે.

- **અન્ય વિશેષતાઓ :**

✦ ધોરણ 6થી 8ના બાળકો માટે સ્કાઉટ ગાઈડ અને ધોરણ-9થી 12માં NCCની પ્રવૃત્તિઓ કાર્યરત છે.

✦ બાળકોના સ્વાસ્થ્ય સેવા માટે વિદ્યાલયમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર છે. તેમાં એક સ્ટાફનર્સની નિયુક્તિ કરવામાં આવે છે.

- ✦ બાળકોમાં ચિત્ર અને સંગીતના કૌશલ્યનો વિકાસ થાય તે માટેની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. તેના માટે કલાશિક્ષક અને સંગીતશિક્ષક હોય છે.
- ✦ સહ-અભ્યાસિક પ્રવૃત્તિ માટે વિદ્યાલયના બાળકોની વયકક્ષા પ્રમાણે ચાર જૂથોમાં વિભાજન કરવામાં આવે છે. આ જૂથોમાં સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.
- ✦ રસાયણ શાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન, જૈવિક વિજ્ઞાનની સમૃદ્ધ પ્રયોગશાળા તથા ભાષા કોર્નર અને સામાજિક વિજ્ઞાન કોર્નર વિદ્યાલયમાં કાર્યરત છે.
- ✦ રમત દિવસ, વાર્ષિક મહોત્સવ, વિજ્ઞાન દિવસ, ઇકો ક્લબ, રાષ્ટ્રીય ઉત્સવો, એકતા એક્સચેન્જ વિઝિટનું આયોજન અને ઉજવણી વિદ્યાલય દ્વારા કરાવવા આવે છે.

આમ, જવાહર નવોદય વિદ્યાલય-ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર જિલ્લા એક 'મોડેલ સ્કૂલ' તરીકે જિલ્લાની અન્ય શાળાને પ્રેરણા અને માર્ગદર્શન પૂરૂં પાડી રહી છે. તથા ગ્રામ્ય પ્રતિભાને યોગ્ય મંચ તથા પ્રગતિ અને સેવા માટેનો પંથ નિર્દેશન આ વિદ્યાલય કરી રહી છે.

## વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારના સાધનો

માણસ પાસે ગમે તેટલી સંપત્તિ હોય પણ આ બે બાબતોના અભાવમાં એ સંપત્તિનો એ લાભ લઈ શકતો નથી. આથી શાસકો વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારના સાધનો વધારવાનો પોતાના માટે અને પ્રજા માટે અવશ્ય વિકાસ કરતા હોય છે. ધ્રાંગધ્રા-હળવદ રેલવે છ લાખના ખર્ચે બંધાઈ હતી જેનું ઉદ્‌ઘાટન 9 માર્ચ 1915ના રોજ કરવામાં આવ્યું હતું. રાજ માનસિંહજીના સમયમાં ઈ.સ.1898માં 21 માઈલની ધ્રાંગધ્રા-વઢવાણ રેલવે બંધાઈ હતી. ધ્રાંગધ્રા ક્વેરી લાઈન 2.56 માઈલની હતી. ધ્રાંગધ્રા-હળવદ રેલવે માટે જૂન 1914માં કાર્ટર બ્રીજનો પાયો ઝાલાવાડ પ્રાંતના પોલિટિકલ એજન્ટ કાર્ટરના હસ્તે નંખાયો હતો. ધ્રાંગધ્રામાં શક્તિ મંદિરથી દિલ્હી દરવાજા સુધી ટ્રામ-વેની સુવિધાની શરૂઆત 24 ઓક્ટોબર 1916 થી કરવામાં આવી હતી.

મયુરધ્વજસિંહજીએ મોટર બસ સર્વિસ ચલાવવાની માન્યતા રાજકોટની મેસર્સ કુમાર એન્ડ કંપનીને આપી હતી. આ મોટરકારનું ભાડું અને રૂટ રાજ્ય દ્વારા નક્કી કરવામાં આવ્યા હતા. મોટરકારનું ભાડું એક માઈલનું અર્ધો રૂપિયો અને મોટરબસનું ભાડું એક માઈલનો એક રૂપિયો રાખવામાં આવ્યો હતો. ધ્રાંગધ્રામાં રેલવે સ્ટેશનથી શહેર સુધી ટ્રામ વ્યવસ્થા હતી તેને ચાલુ રાખી હતી.





## દર્શનીય સ્થાનો...

સૌરાષ્ટ્રમાં સ્થળ માર્ગે પ્રવેશ કરતા સૌપ્રથમ સુરેન્દ્રનગર જિલ્લો આવે છે. તેથી સુરેન્દ્રનગર જિલ્લાને 'સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર' તરીકે ઓળખવામાં આવે છે. આઝાદી પહેલા સુરેન્દ્રનગર જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં ઝાલા રાજવંશના રાજાઓના દેશી રાજ્યો હતા. તેના કારણે આ વિસ્તારને મધ્યયુગથી 'ઝાલાવાડ પરગણા' તરીકે પણ ઓળખવામાં આવે છે. સુરેન્દ્રનગરના દસ તાલુકા માંથી ધ્રાંગધ્રા તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને પથ્થરોની ખાણ લીધે વિશેષ સ્થાન ધરાવે છે. ધ્રાંગધ્રાનો શાબ્દિક અર્થ જોઈએ તો સંસ્કૃત શબ્દ ધરાંગ એટલે પથ્થર તથા ધરા એટલે ધારણ કરનાર. ધ્રાંગધ્રામાં પથ્થરોની ખાણો સિવાય ઐતિહાસિક, શૈક્ષણિક, આધ્યાત્મિક અને પર્યટન મહત્વ ધરાવતા દર્શનીય સ્થળો આવેલા છે. આ દર્શનીય સ્થળોની યાત્રા કરીએ...

### • સ્વયંભૂ શ્રી નારીચાણિયા હનુમાનજી, નારીચાણા



નારીચાણા ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકામાં આવેલું એક આધ્યાત્મિક અને ધાર્મિક મહત્વ ધરાવતું ગામ છે. આ ગામ ધાંગધ્રાથી 15 કિ.મી. અને સુરેન્દ્રનગરથી 45 કિ.મી. દૂર આવેલું છે. ભૌગોલિક દ્રષ્ટિએ તેનું સ્થાન જોઈએ તો 22.86° ઉત્તર અક્ષાંશ અને 71.40° પૂર્વ રેખાંશ પર આવેલું આ નારીચાણા દરિયા સપાટીથી 87 મીટર ઊંચાઈ ધરાવતું આ ગામ છે. આ ગામની ઉત્તરેથી ફલકું નદી વહી રહી છે. આ ફલકું નદીના કાંઠે આવેલું સ્વયંભૂ નારીચાણિયા હનુમાનજીનું મંદિર છે જે જગવિખ્યાત છે.

એવું કહેવાય છે કે આ હનુમાનજીની મૂર્તિ સ્વયંભૂ પ્રગટ થયેલ છે. મૂર્તિના દર્શન કરીએ તો ધન્યતાનો અનુભવ થાય છે જે આ મૂર્તિનું દૈવત બતાવે છે. આ હનુમાનજીની મૂર્તિ દર વર્ષે એક ચોખા વાર મોટી થતી જાય છે.

લોકવાયકા મુજબ આશરે 400 વર્ષ પહેલાની વાત છે. ચારણ જ્ઞાતિની એક કન્યાને ઘણા સમયથી સ્વપ્નમાં હનુમાનજી દર્શન આપતા અને કહેતા કે મારે તારા હાથે પ્રગટ થવાનું છે. આ ચારણનું કુટુંબ આ ફલકું નદીના કિનારે રાતવાસો કરવા રહેલું અને ત્યાં ચારણની કન્યાએ બળદનું હળ હાંકતા હાંકતા એ હળનો ખાંપો એક ઠીકરાની કુરડીમાં ફસાઈ જાય છે અને જ્યારે બહાર કાઢે

છે ત્યારે તેમાંથી લોહી નીકળતું હોય છે ત્યારે એ કુરડી ફૂટી ગઈ હોય છે અને તેમાં હનુમાનજીની મૂર્તિ હતી તે દિવસ હતો ભાદરવા સુદ બીજ. આ મૂર્તિ આજે મોટી અને અદ્દભુત લાગી રહી છે અને બધાને દર્શન આપી રહી છે. હાલમાં આ મૂર્તિને જ્યાં હળ વાગેલું હતું ત્યાં તેલ ચડાવી અને લોકો પોતાની આસ્થા પૂર્ણ કરે છે .

આ ચારણ જ્ઞાતિની કન્યા કહેતા નારીના હસ્તે પ્રગટ થયેલા હનુમાનજીનું નામ નારીચારણિયા હનુમાનજી પડેલું અને આ નારીચારણિયા નામ પરથી અપભ્રંશ થતા આ ગામનું નામ નારીચાણા પડેલું .

ભાદરવા સુદ બીજના રોજ દર વર્ષે અહીં મોટો મેળો ભરાય ભરાય છે. સવારે 52 ગજની ધજા ચડાવવામાં આવે છે અને ઢોલ-નગારા સાથે તેની પૂજા થાય છે. પછી લાખોની સંખ્યામાં લોકો દર્શને આવે છે અને દર્શનની સાથે સાથે મેળાની મોજ માણે છે.

- **શ્રી સ્વયંભૂ ઈશ્વરીયા મહાદેવ, રામગઢ :**




ધ્રાંગધ્રા શહેરથી આશરે 13 કિલોમીટર દૂર રામગઢ-જેગડવા ગામના સીમાડે વનવગડામાં એક સુંદર શિવાલય આવેલું છે. જે બિલકુલ ચંદ્રભાગા ડેમના કાંઠે લગોલગ આવેલું છે. એક બાજુ ચંદ્રભાગા ડેમ, બીજી બાજુ નાનકડી ડુંગરીઓ, જેને ગામડામાં ધાર કહેવામાં આવે છે. આમ તો શ્રદ્ધાળુઓ બારેમાસ આવે છે પણ આખો શ્રાવણ માસ અને વિશેષ સોમવાર તથા અમાસે તો શિવ ભક્તોનું ઘોડાપૂર ઉમટે છે. ગામ કે શહેરના ઘોંઘાટ કોલાહલથી દૂર સંપૂર્ણ વનવગડામાં હોવાથી શાંતિપ્રિય અને પ્રકૃતિને પસંદ કરતા લોકો માટે તો આ જગ્યા સ્વર્ગ સરખી સોહામણી છે.. જાણે કે પ્લેસ ઓફ મેડીટેશન. અહીંના પંખીડાના કિલકિલાટમાં પણ જાણે શંભુની માળા જપાતી હોય ને અહીંના વૃક્ષો તથા ડુંગરીઓ પણ જાણે કે જોગંદરની જેમ શિવ તપસ્યામાં લીન થઈ ગયા હોય એવું લાગે.

એક સમયે તો અહીં ગાઢ જંગલ હતું.પણ સમય બદલાયો. ખેતી સમૃદ્ધ થઈ. જમીનની કિંમતો વધી. વાડીઓ વધી. મહાદેવ સુધી પહોંચવાની કાચી પગદંડી કે કાચો માર્ગ ડામર રોડમાં ફેરવાયો. તેમ છતાં વનવગડાનો આભાસ થાય એવું પર્યાવરણ તો ચોતરફ ખરૂં જ. અને કહેવાય છે કે આ જગ્યા તો કૈલાશ પતિ ભગવાન ભોળાનાથે પોતે જ પોતાના માટે પસંદ કરેલી છે. એની





પાછળની લોકવાયકા.. લોકકથા લોકમુખે એવી છે કે... આ સ્વયં પ્રગટેલું સ્વયંભૂ શિવલિંગ છે. જેગડવા ગામની એક ગાયને જ્યારે ઘેર દોહન કરવામાં આવે તો આંચળમાં દૂધ જ ન હોય... માલિકને વહેમ પડ્યો કે મારી ગાયને કોઈ ગોવાળ દોહી લેતો હશે ?

તપાસ કરવામાં આવી તો આજે વડીલોના લોકમુખે એવું સંભળાય છે કે હાલ જ્યાં શિવલિંગ છે તે ભૂમિ પર ગોધણ ઘેર પાછા વળવાના સમયે આ ગાય ઊભી રહી જતી અને આંચળમાંથી દૂધની ધારા શેરો આપમેળે ફૂટતી ને સ્વયં દોહન થઈ જતું. આ પાસ સ્થળે ડાહ્યા વડીલોએ જમીન પર ખોદકામ કરાવ્યું તો હાલ જે સ્થાપિત છે તે શિવલિંગ નીકળ્યું.. સઘળે જય જય કાર થયો અને પછી બંને ગામના લોકો દ્વારા નાનું શિવાલય બનાવવામાં આવ્યું. જે શિવલિંગ આજે પણ ઊંડાણમાં છે. ત્યાં દર્શનાર્થે જવા માટે શિવલિંગના પગથિયા ઉતરીને જવું પડે છે અને ચડીને આવવું પડે છે.

સમય જતા આ જગ્યાનો ખૂબ જ વિકાસ થતા નૂતન કાયાકલ્પ થયો. કેટલુંક સુંદર બાંધકામ થયુ. ચોમાસામાં વધુ વરસાદ હોય તો શિવાલય ઊંડાણમાં હોવાથી પાણી ભરાઈ જાય છે પણ દર્શન થઈ શકે છે. શિવાલયની સામે જ હાલ નંદી મહારાજ અને સપ્ત ઋષિઓની પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવ્યું છે. શ્રાવણમાં શિવ મહિમાથી સમગ્ર પર્યાવરણ પવિત્ર બને છે. ચંદ્રભાગા નદી અને ડેમને પણ ખૂબ પવિત્ર માનવામાં આવે છે. આજુબાજુના ખેત વિસ્તારને ખેડૂતો મહાદેવના નામ ઉપરથી ઈશ્વરીયા ઉપરાંત ડેમ અને બન્ને એવા નામોથી ઓળખે છે.

- **શ્રી કોંઢેશ્વરનાથ મહાદેવ, કોંઢ**



ઝાલાવાડમાં આવેલું સુપ્રસિધ્ધ ગામ કોંઢમાં 16 મી સદીમાં બનાવવામાં આવેલું સુપ્રસિધ્ધ રૂદ્રમહાલય શ્રી કોંઢેશ્વર નામે ઓળખાય છે. આ મંદિરનો અનેરો ઇતિહાસ છે તે મુજબ ઝાલાવાડના રાજા શ્રી રાણીગદેવના પુત્ર જેમને કોંઢનો ગરાસ મળ્યો હતો, તેવા મહારાણા શ્રી વરસંઘદેવજી (વરસાજી)ના પુત્ર ભીમદેવજી તથા તેમના રાણી કાશ્મીરાદેવી દ્વારા વિક્રમ સવંત 1663 ના વર્ષમાં વૈશાખ સુદ પૂનમ ને શુક્રવારના દિવસે પૂર્વજોના પ્રિત્યાર્થે કોંઢેશ્વર મહાદેવના પ્રાસાદ (મંદિર)નું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું. એમના પુત્ર મહારાણા શ્રી કલ્યાણસંગજીના રાજ્યકાળે તે પરિપૂર્ણ થયું.

આ બાબતનો શિલાલેખ કોંઢેશ્વર મહાદેવ મંદિરના ગર્ભગૃહમાં આજે પણ મોજુદ છે. આજે પણ પૂર્વજોની ચાલી આવતી પરંપરા મુજબ કોંઢ ગામમાં વૈશાખ સુદ પૂનમની ગામમાં પાંખી રાખવામાં આવે છે, તેમજ શ્રાવણી અમાવસ્યાના દિવસે પરંપરા મુજબ કોંઢ ગામના તિલાટ બાપુના યજમાનપદે સમસ્ત કોંઢ ગ્રામજનોની સુખ-સમૃદ્ધિ તથા આરોગ્ય પ્રદાન અર્થે હવનનું આયોજન કરવામાં આવે છે, તેમજ કોઢની પાંચ પાટી દ્વારા મંદિર ઉપર ધ્વજારોહણ કરવામાં આવે છે. મહાદેવના પટાંગણમાં પરંપરાગત રાસમંડળીનું આયોજન કરવામાં આવે છે તથા લોકમેળાનું આયોજન કરવામાં આવે છે.

મહાશિવરાત્રીના દિવસે વિપ્ર વર્ગના મંત્રોચ્ચારથી અલૌકિક માહોલ ઊભો થાય છે જે જોવું એક લહાવો છે. તેજ દિવસે શ્રી મહાદેવજીની ચાંદીમાથી બનાવેલી પાલખીમાં ગ્રામયાત્રા ધામધૂમથી કાઢવામાં આવે છે. મંદિરનાં ગર્ભગૃહમા આવેલા 22 લીટીનો પ્રાચીન શિલાલેખ આવેલ છે. મંદિરનો પરિચય શિલાલેખ ગુજરાતી રૂપાંતર સાથે મંદિર પરિસરમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે,જેમાં મંદિર સ્થાપના અંગે વિગતવાર માહિતી છે. આમ 420 વર્ષના પ્રાચીન મંદિરનો આ વિસ્તારમાં અનેરો મહિમા છે .

## • શ્રી ચતુર્ભુજરાયજી મંદિર, મેથાણ



વિક્રમ સંવત 982માં મધ્યભારતમાં યવનોના હુમલા થવાથી મુશ્કેલીમાં મુકાઇ જતાં આહીર લોકોના વસવાટો અને ટોળાંઓ પોતાની તેમજ તેમનાં પશુઓની સલામતી માટે ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા. તેમાંના એક વસાહતીએ ઝાલાવાડમાં મેથાણ આજુબાજુ પડાવ નાંખ્યો અને ધીમે ધીમે સ્થાયી થયા પછી ગામ બાંધ્યું. ગામ બાંધનાર મૂળ પુરૂષનું નામ મયો આહિર. તળાવનું નામ મયાસર તળાવ. તેની પાસે મહાદેવ સ્થાપ્યા, ભગવાન મેણેશ્વર. મયા આહિરના નામ ઉપરથી મયાસ્થાન. અપભ્રંશ (મેથાણ)ને તે વર્તમાન ગામ છે.

ત્યારપછી સંવત 1001માં શ્રી વિષ્ણુનું શિખરબંધ મંદિર આહિર લોકોએ બાંધ્યું અને ચતુર્ભુજની મૂર્તિ પધરાવી. આશરે 340 વર્ષ બાદ દિલ્હીનો બાદશાહ અલાઉદ્દીન ગુજરાતના પાટનગર પાટણ ઉપર ચડી આવ્યો. પાટણના મહારાણા વાઘેલા કરણની હાર થઇ અને યવન બાદશાહની ફોજ વિક્રમ સંવત 1340માં મેથાણ આવી. શ્રી





ચતુર્ભુજજીની મૂર્તિ ભાંગી નાંખી. યવનો સામે હિન્દુ લોકોએ ખૂબ લડત આપી. યવનોની ફોજ થાકીને દિલ્હી રવાના થઇ ગયા બાદ ગામ લોકોએ નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરી. દરમિયાન તપોધન પૂજારી સવારમાં મંગળા આરતી કરવા આવે અને મૂર્તિ પડી ગયેલી સ્થિતમાં જોવામાં આવે. એટલે ગામના કણબી પટેલે મંદિરમાં જઈને ભગવાનને ખૂબ પ્રાર્થના કરી અને દેવની શું ઇચ્છા છે તે જાણવા ઉપવાસ આરંભ્યા. જેથી મુખી પટેલને રાત્રે ભગવાને દર્શન દઇ કહ્યું કે, મારી પુરાણી મૂર્તિ ગામના કૂવામાં છે તેને ફરી મંદિરમાં સ્થાપો. મારૂ શરીર બાહ્ય ખંડિત છે, તેથી વહેમ રાખશો નહિ અને હું ગામની આબાદી કરીશ. જે આજે પણ ખંડિત મૂર્તિ પૂજાય છે.

આ મૂર્તિની પ્રથમ સ્થાપના વિ.સં. 1001ના માગશર વદ-7ને બુધવારને દિવસે થઇ હતી. જે શિલાલેખ હાલ મોજૂદ છે. ત્યારબાદ શ્રી સહજાનંદ સ્વામી અહીં વિ.સં. 1862માં ભુજનગરથી ઝાલાવાડમાં પધારતા. અહીંના દરબાર કાકાભાઈ તથા પુંજાજીભાઇને ત્યાં પધાર્યા હતા અને ચતુર્ભુજજીને બાથમાં ઘાલી ખૂબ પ્રેમથી મળ્યા હતા. અને મૂર્તિમાં ખૂબ દૈવત મૂક્યું હતું.

શ્રીજીએ ચતુર્ભૂજના મંદિરનો જીર્ણોદ્ધાર છ મહિના મેથાણમાં રહીને કરાવેલ. હાલ પણ મેથાણ દ્વારિકા સમાન ગણાય છે. આ સ્થળના દર્શન કરવાથી કલ્યાણ થાય છે. વળી, મેથાણના સિમાડાની અંદર યમનું તેડુ નહિ આવે તેવું શ્રીજી મહારાજે વરદાન આપેલ છે.

આ મેથાણ ગામના સરોવરમાં પંપાસરના આરે શ્રીજી મહારાજે ઘણી વખત સંતો સહિત પધારી સ્નાન અને જલક્રિડાઓ કરેલી છે. ગામમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય હરિભક્તોને ત્યાં પધારી તેમના ઘરે થાળ જમી, ભક્તજનોની ભાવનાને પૂર્ણ કરેલ ને મેથાલ ગામના સઘળી બજાર અને સીમ ગોકુળ સમાન રમણ સ્થળ કરેલ છે.

## • શ્રી દેસળ ભગતની જગ્યા, ધ્રાંગધ્રા



ધ્રાંગધ્રાથી સુરેન્દ્રનગર જવાના રસ્તે મિલેટરી કેમ્પની આગળ રોડ નજીક દેસળ ભગતની જગ્યા આવેલી છે. સંતશ્રી દેસળ ભગત વિકાસ સમિતિ, ધ્રાંગધ્રા દ્વારા મંદિર અને ગૌ શાળાનું સંચાલન કરવામાં આવે છે. ગૌ-શાળામાં આશરે 250 ગાયો અને વાછરડા છે.

આ સ્થળના ઇતિહાસ વિશે જોઈએ તો

દેસળ ભગતનો જન્મ ઈ.સ. 1875 માં હળવદ રાયસંગપરમાં થયો હતો. તેમના પિતા દેવાભા અને માતા હરિબા હતા. ધ્રાંગધ્રા રાજ્યના પોલીસ વિભાગમાં નોકરી લેતા તેમને ધ્રાંગધ્રા રહેઠાણ બનાવ્યું. બાળવયથી સત્સંગ અને ભજન-કીર્તનમાં રસ હોવાથી, ઘણી વખત રાત્રે પહેરો ભરવાની જગ્યાએ ભજન કરવા જતા રહેતા હતા. એક લોકશ્રુતિ પ્રમાણે દેસળ ભગત પહેરો ભરવાની જગ્યાએ ભજન કરવા જતા રહે છે, તેવી વાતની જાણ ધ્રાંગધ્રા રાજવી સુધી પહોંચી. ધ્રાંગધ્રા રાજવી એક દિવસે ખુદ તપાસ માટે નીકળ્યા. દેસળ ભગત પહેરા પર હાજર હતા, હાજરી રજીસ્ટરમાં ધ્રાંગધ્રા રાજવીએ સહી કરી, પરંતુ તે સમયે ભગત અન્ય જગ્યાએ ભજન કરતા હતા. ખુદ ભગવાને ભગતનું રૂપ ધારણ કરી પહેરો ભર્યો હતો. ઉપરોક્ત પ્રસંગ બાદ દેસળ ભગતે નોકરી છોડી નાગાબાવાની વાવના મહંત નર્મદાગીરીને ગુરૂ બનાવી સેવા શરૂ કરી. ધ્રાંગધ્રા રાજવી ઘનશ્યામસિંહજીએ કાપેલી ધાર પાસે જમીન આપી. ત્યાં વર્તમાનમાં દેસળ ભગતની જગ્યા છે. ધૂણો કરી સેવા શરૂ કરી. ઈ.સ. 1928 માં તેઓ અનંત માર્ગે ગયા. તેમના અનુયાયીઓ એ ધૂણા પાસે તેમની સમાધિ બનાવી. તેમના બાદ તેમના પુત્ર લાલજી મહારાજે સેવા ચાલુ રાખી અને અત્યાર સુધી ચાલુ છે. દર વર્ષે દેસળ ભગત અને લાલજી મહારાજના સમાધિ દિને ભજન અને ભોજનનું આયોજન કરવામાં આવે છે.

## • શ્રી લાલજી મહારાજની જગ્યા, રાજસીતાપુર



સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં આવેલું રાજસીતાપુર ગામ એક સમૃદ્ધ ધાર્મિક અને ભક્તિમય ઈતિહાસ ધરાવે છે. અહીં સ્થિત શ્રી લાલજી મહારાજની જગ્યા સમગ્ર વિસ્તારમાં શ્રદ્ધા, અન્નક્ષેત્ર અને સાધુ-સંતોની નિઃસ્વાર્થ સેવા માટે અનોખું સ્થાન ધરાવે છે.

પૂજ્ય લાલજી મહારાજ જ્યારે આ વિસ્તારમાંથી પસાર થતા હતા, ત્યારે ગામના આગેવાનો, વડીલો અને પટેલ સમાજે ભેગા થઈને મહારાજશ્રીને અહીં રોકાઈને અન્નક્ષેત્ર શરૂ કરવા વિનંતી કરી હતી. 'આજે હું અહીં નહીં રોકાઉં, પરંતુ એક દિવસ આ સ્થળે લાલજી મહારાજની ધર્મધ્વજા ફરકશે અને આ જગ્યા ધામ બનશે.' મહારાજશ્રીનું આ વચન સમય જતાં અક્ષરસઃ સત્ય સાબિત થયું અને રાજસીતાપુરમાં આ પવિત્ર જગ્યાનું ભવ્ય નિર્માણ થયું.





શ્રી લાલજી મહારાજની શિષ્ય પરંપરામાં ખીમદાજી મહારાજ (જેઓ સાયલાના મહંત હતા) અને ભગવાનલાલ મહારાજે આ જગ્યાનો પાયો નાખ્યો હતો. આ સ્થળની ફાળવણી ધ્રાંગધ્રા રાજ્યના તત્કાલીન રાજા અજિતસિંહજીને સપનું આવ્યા બાદ તેમણે લાલજી મહારાજના વચનને માન આપી પાછળના ગઢથી સામેના ગઢ સુધીની જમીન આ જગ્યા માટે દસ્તાવેજ કરી આપી હતી. ખીમદાજી મહારાજે પાયો નાખ્યા બાદ, ઈશ્વરદાસજી મહારાજે મંદિરનું નિર્માણ કાર્ય આગળ ધપાવ્યું અને તેને પૂર્ણ કર્યું. આ પવિત્ર જગ્યાની સ્થાપનાને આજે આશરે 125 (સવા સો) વર્ષ જેટલો સમય થઈ ચૂક્યો છે. આ પવિત્ર જગ્યા સાથે જોડાયેલા અને સેવા આપનાર સંતોની ગુરૂ પરંપરામાં પૂજ્ય લાલજી મહારાજ (ગુરૂ વચનદાતા), પૂજ્ય ભગવાનલાલ મહારાજ, પૂજ્ય ખીમદાજી મહારાજ, પૂજ્ય ઈશ્વરદાસજી મહારાજ, મહંત શ્રી અંબારામદાસજી હાલની સેવા-સંભાળ કરી રહ્યા છે.

રાજસીતાપુરની આ જગ્યા તેની અતિથિસેવા અને સદાવ્રત માટે સમગ્ર વિસ્તારમાં વિશેષ જાણીતી છે. અહીં આવતા કોઈપણ યાત્રાળુ, સાધુ-સંત કે ભાવિક માટે ચોવીસે કલાક ભોજન-પ્રસાદની ઉત્તમ વ્યવસ્થા રહે છે બપોરે કે રાત્રે ગમે તે સમયે આવનાર અતિથિને આદરપૂર્વક ભોજન કરાવવામાં આવે છે. આ જગ્યામાં ગાયોની સેવા અને સંભાળ માટે ગૌશાળા પણ નિભાવવામાં આવે છે. અહીં દરરોજ મોટી સંખ્યામાં સાધુ-સંતો અને ગ્રામજનો અહીં પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવે છે.

## • શ્રી નર્મદાગીરી મહારાજ (નાગાબાવા)ની જગ્યા, ધ્રાંગધ્રા



આ દર્શનીય સ્થળ ધ્રાંગધ્રાથી અમદાવાદ જવાના રોડની જમણી બાજુએ આશરે 3 કિ.મી.ના અંતરે આવેલ છે. આ જગ્યા 'નાગાબાવાની વાવ' નામે વધારે પ્રસિદ્ધ છે. અહીં આશરે 200 વર્ષ પૂર્વે આ વાવનું નિર્માણ થયું તેમ માનવામાં આવે છે. નિર્માણ સમયે આ વાવ 'સદાબાની વાવ' તરીકે ઓળખાતી. મુખ્ય સ્થળોમાં શ્રી નર્મદાગીરી મહારાજની સમાધિ, તેમનો ધૂણો, વાવ તથા શિવાલય આવેલ છે. પંચદશનામી અખાડાના

નાગાબાવા શ્રી નર્મદાગીરીએ અહીં ધૂણો કર્યો.

તેમની સાથે તેમના શિષ્ય રામગીરી પણ હતા. દેસળ ભગતે નોકરી છોડ્યા બાદ સંન્યાસ ગ્રહણ કરતા નર્મદાગીરીને ગુરૂ બનાવ્યા બાદ ચાર વર્ષ સુધી અહીં રોકાણ કરેલ. શ્રી નર્મદાગીરીએ ઈ.સ. 1929 થી 10 વર્ષ સુધી ભોંયરામાં રહી ગુરૂ દત્તાત્રેયની સાધના કરી, મૂર્તિ પ્રતિષ્ઠા અને મંદિરનું નિર્માણ કર્યું અને ભંડારાનું આયોજન કર્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં આસપાસના લોકો ગામભક્તો તથા વિવિધ જગ્યાના મહંતો પણ પધાર્યા હતા. એક લોકશ્રુતિ પ્રમાણે શ્રી નર્મદાગીરી પાસે ખર્ચ કરવા માટે માત્ર સવા પાંચ રૂપિયા હતા છતાં ભવ્ય ભંડારો કર્યો હતો. ઘી ખૂટી જતા વાવમાંથી ઘી કાઢ્યું હતું. 100 વર્ષની ઉંમરે શ્રી નર્મદાગીરીએ સમાધિ લીધી.

## • શ્રી શીતળા માતાજીનું મંદિર - ધ્રાંગધ્રા




ધ્રાંગધ્રાની ઉત્તર દિશાએ ફલકુ નદીના સામા કિનારે 3 કિ.મી.ના અંતરે 'શીતળા માતાનું મંદિર' આવેલું છે. આ મંદિરનું નિર્માણ ઈ.સ. 1827 માં થયું હતું. આ મંદિરમાં શીતળા માતા અને બળિયાદેવની મૂર્તિઓ પાસે પાસે જોવા મળે છે દર વર્ષે અહીં શીતળા સાતમનો મોટો મેળો ભરાય છે.

### • શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ, ધ્રાંગધ્રા



આધ્યાત્મ અને શિક્ષણનો સમન્વય એટલે શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ધામ ગુરૂકુળ-ધ્રાંગધ્રા. ધ્રાંગધ્રાથી હળવદ તરફ જતા હાઇવે પર આશરે 4 કિ.મી.ના અંતરે આવેલ છે. આ ગુરૂકુળની સ્થાપના 10 જૂન 2001 ના રોજ પરમ પૂજ્ય સદગુરૂ શાસ્ત્રીશ્રી રામકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે થઈ હતી. આ જમીનના દાતાશ્રી બાબુભાઈ (બાબુબાપા) હતા. જ્યારે સ્વામીજીએ ગુરૂકુળ માટે જમીનની વાત બાબુભાઈ સમક્ષ રજુ કરી ત્યારે નિઃસ્વાર્થ ભાવે અને તેમને બે શરતો મૂકી હતી, તેમનું કે તેમના પરિવારનું





નામ દાતા તરીકે લખવું નહીં, સભામાં તેમનું સન્માન કરવું નહીં. આ બે શરતો મૂકી ગુરૂકુળ માટે જમીન દાનમાં આપી હતી.

ગુરૂકુળ સ્થાપના માટે મુખ્ય હેતુ શિક્ષણને 'દીક્ષિત' કરવાનો છે. શિક્ષણની સાથે બાળકનું નૈતિક અને આધ્યાત્મિક સિંચન કરવું. આધુનિક શિક્ષણ પદ્ધતિની સાથે સાથે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ, માતા-પિતા અને વડીલો પ્રત્યે આદરભાવ વિકસાવવા, ગરીબો અને દિન-દુખિયાને મદદરૂપ થવું તથા ભગવાન પ્રત્યે શ્રદ્ધા અને જીવનમાં નૈતિક મૂલ્યોનું પાલન કરીને એક આદર્શ ચરિત્રનું નિર્માણ કરવું.

- તબીબી સેવાઓ સામાન્ય લોકોને રાહત દરે મળી રહે તેના માટે સંસ્કારધામ દ્વારા મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ ચલાવવામાં આવે છે.
- વૈદિક મંત્રોચ્ચાર, યજ્ઞો અને આધ્યાત્મિક કથાઓ થાય તે માટે પ્રાર્થના મંદિર અને યજ્ઞશાળા છે.
- ગાયોની સેવા કરવા માટે સંકુલમાં વિશાળ ગૌ-શાળા છે, જે શ્રી ઘનશ્યામ ગૌશાળા તરીકે ઓળખાય છે.
- ઇતિહાસ, વિજ્ઞાન અને હિન્દુ સંસ્કૃતિ જેવા વિષયો સંદર્ભે સાંસ્કૃતિક પ્રદર્શનનું આયોજન વર્ષ દરમ્યાન કરવામાં આવે છે.
- શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ - ધ્રાંગધ્રા જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સીલન્સ

## • ભગવતધામ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, ધ્રાંગધ્રા

સને 1992/93માં સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં શ્રીહરિના ચરણરજથી પવિત્ર થયેલી ભૂમિમાં શિક્ષણ તીર્થ બનાવવું એવું નક્કી કર્યું. ગુરૂકુલ ધ્રાંગધ્રા શહેરથી આશરે દોઢ કિલોમીટર દૂર હળવદ, માળીયા-કચ્છ હાઈવે રોડ પર આવેલું છે. આ તીર્થ સંકુલ 40 વીઘા જેટલી જમીનમાં પથરાયેલું છે. ધ્રાંગધ્રાની ભૂમિ પર આવી ધાર્મિક અને સામાજિક સંસ્થા ઊભી કરવાની પ્રેરણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનાં વઢવાણ સંસ્થાના આચાર્ય પ.પૂ.ધ.ધૂ. 1008 આચાર્ય શ્રી વિરેન્દ્રપ્રસાદજી મહારાજે કરી હતી. પ.પૂ. સંત શિરોમણી ભગવતસ્વરૂપસ્વામીની આજ્ઞા અને આર્શીવાદથી ઊભી થયેલી આ સંસ્થાનું ખાતમૂર્હત પણ તેમના વરદ હસ્તે જ થયું હતું.



જ્યાં ગુરૂકુલ કેન્દ્રસ્થાને છે, એવા આ તીર્થ સંકુલમાં ધોરણ બાલવાટીકા થી 12 સુધીનું શિક્ષણ આપવા માટે ઝાલાવાડ તરીકે ઓળખાતા આ પંથકના બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામીએ સંસ્થાની શરૂઆતના ભાગરૂપે સ્કૂલનું ખાતમૂર્હત સને 1992માં પ.પૂ.ધ.ધૂ. 1008 આચાર્યશ્રી વિરેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્હસ્તે કરાવી શિક્ષણના પાયા નાખ્યા હતા. ધોરણ 5 થી 12ના 700 વિદ્યાર્થીઓને રહેવા માટેનું વિશાળ અને આધુનિક છાત્રાલય છે. એક રૂમમાં 10થી 12 વિદ્યાર્થીઓ રહી શકે તેવા 56 રૂમો છે. તેમજ ધોરણ 10/12 વિદ્યાર્થીઓને રહેવા માટે અલગ અતિ આધુનિક અને સગવડતા ભરેલાં છાત્રલયની પણ સુંદર વ્યવસ્થા છે.

## • શ્રી ત્રિમંદિર - ધ્રાંગધ્રા



ધ્રાંગધ્રાથી હળવદ રોડ તરફ જતા આ મંદિર આવેલ છે. જૈન-શૈવ-વૈષ્ણવ ધર્મના દેવી-દેવતાઓને એક જ મંચ પર સ્થાન અપાયેલું અદ્ભુત અને બિન-સાંપ્રદાયિક મંદિર છે. શ્રી દાદા ભગવાન ફાઉન્ડેશન પ્રેરિત અને શ્રીરામ જનસેવા ટ્રસ્ટ સંચાલિત છે. 22 જૂન 2021ના રોજ અડાલજ ત્રિમંદિરના સંચાલક તથા જ્ઞાની પુરૂષ પૂ. શ્રી દીપકભાઈ દેસાઈના હસ્તે ખાત-મુહૂર્ત થયું હતું. વર્તમાન સંકુલના કોર્ડિનેટર તરીકે સંજયભાઈ હર્ષદભાઈ સોમાણી સેવા આપી રહ્યા છે. સમગ્ર સંકુલ આશરે 12 વિઘા ક્ષેત્રફળમાં ફેલાયેલ છે.

મંદિરના ગર્ભગૃહમાં ભગવાન શ્રી સીમંધર સ્વામીની 72 ફૂટ ઊંચી ભવ્ય સફેદ આરસ મૂર્તિ બિરાજમાન છે. મૂર્તિની ડાબી બાજુ શિવલિંગ, ગણેશજી, હનુમાનજી અને પાર્વતી માતાની મૂર્તિ સ્થાપિત છે. જ્યારે જમણી બાજુ તિરૂપતિ બાલાજી, યોગેશ્વર ભગવાન અને શ્રીનાથજી ભગવાન બિરાજમાન છે. મંદિરની મધ્યમાં મહાવીર સ્વામી, પાર્શ્વનાથ, ઋષભદેવ, અજિતનાથ





અને પદ્મનાથ બિરાજમાન છે. અઠવાડિયામાં એકવાર સત્સંગનું આયોજન થાય છે. દર્શનાર્થીઓ માટે શાંત વાતાવરણ, મંદિરની પાછળ સાત્વિક ભોજન (લસણ-ડુંગળી વિના) તથા પ્રસાદની સુંદર વ્યવસ્થા છે. મોટા અને વયોવૃદ્ધ શાંતિથી હરી-ફરી શકે તે માટે સુંદર બગીચો અને બાળકો માટે ક્રીડા સાધનો સહિત ક્રીડાંગણ સંકુલમાં છે.

## • શ્રી તારંગાધામ - ચુલી



મહેસાણા જિલ્લામાં આવેલ જૈનધર્મનું તારંગાધામની પ્રતિકૃતિ સમાન સ્થળ એટલે તારંગાધામ, ચુલી. ધ્રાંગધ્રાથી હળવદ તરફ જતા ચુલી આશરે 13 કિ.મી.ના અંતરે આ સ્થળ આવેલ છે. આ જૈનતીર્થ શ્રી શ્રમણ સેવા ધાર્મિક ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે. તારંગાધામ એક અત્યંત ભવ્ય, કલાત્મક અને નૂતન જૈનતીર્થ છે. આ જિનાલયના નિર્માણની પ્રેરણા જૈન આચાર્ય શ્રીમદ્ વિજયકલાપૂર્ણ સુરીશ્વરજી મહારાજ અહિયાં પધારેલા. તેમની પ્રેરણા અને આચાર્ય ભગવંતશ્રી વિજય તીર્થભદ્ર સુરીશ્વરજી મહારાજના માર્ગદર્શન હેઠળ આ જિનાલયનું નિર્માણ થયું. આ જિનાલયના ગર્ભગૃહમાં શ્રી અજિતનાથ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. આ જિનાલય ખાસ વિશેષતા એ છે ભગવાન અજિતનાથના દર્શન ચારેય દિશાઓથી થાય છે. જિનાલય અને તેની આજુબાજુ કંડારેલી મૂર્તિઓ સોલંકીકાલીન શિલ્પ-સ્થાપત્યની યાદ અપાવે છે. ઇનકેઝ્ડ કાર્વિંગ શૈલીથી જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેના માટે રાજસ્થાનના શિરોહીથી પારંગત કારીગરોને બોલાવવામાં આવ્યા હતા.

જિનાલયનું અન્ય આકર્ષણ ગુરૂ મંદિર અને મ્યુઝિયમ છે. પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજને અર્પત ગુરૂ મંદિર આવેલું છે તથા વિશેષ સાધના કુટીર અને ગુરૂદેવના જીવનના મુખ્ય પ્રસંગોનું નિરૂપણ કરતું ફોટો મ્યુઝિયમ આ સંકુલમાં આવેલ છે. જિનાલયની ભવ્યતામાં વૃદ્ધિ કરે તેવી આધુનિક ઓટો - સેન્સિંગ લાઇટ્સની ગોઠવણી કરવામાં આવી છે. રાત્રે લાઇટિંગથી જિનાલય અદ્ભુત દેખાય છે. યાત્રિકો માટે અહિં ધર્મશાળા અને ભોજનાલયની સુવિધા ઉપલબ્ધ છે.

**– ચેતનભાઈ આર ચાવડા**

(સી.આર.સી. માલવણ)

## દેવશંકર મહેતા



**જન્મ : ૧૬ ફેબ્રુઆરી, ૧૯૧૬ ● સ્વર્ગવાસ : ૩૦ ઓક્ટોબર, ૧૯૮૪**

**જન્મ સ્થળ : ગુજરવદી તા. ધ્રાંગધ્રા (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

દેવશંકર મહેતા ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક, શિક્ષક અને સમાજસેવક હતા. તેમના પિતા ધ્રાંગધ્રા રાજ્યના રાજ ગવૈયા હતા. માત્ર 7 ધોરણ સુધી અભ્યાસ કર્યા હોવા છતાં, તેમણે કલકત્તામાં પ્રેસમાં નોકરી દરમિયાન હિન્દી, બંગાળી અને અંગ્રેજી ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું. તેઓ શામળદાસ ગાંધી, ઝવેરચંદ મેઘાણી અને ઉછરંગરાય ઢેબર જેવા મહાનુભાવોના સંપર્કમાં રહ્યા હતા. તેમણે ગ્રામોદ્ધાર અને ગ્રામસંસ્કૃતિના માર્ગદર્શક તરીકે મહત્વનું પ્રદાન આપ્યું છે.

**સાહિત્ય સર્જન (પ્રકાશિત પુસ્તકો) :**

તેમણે 38 વર્ષની સર્જનયાત્રામાં કુલ 63 નવલકથાઓ અને 66 નવલિકાઓ આપી છે:

✦ મુખ્ય નવલકથાઓ:
21 સામાજિક નવલકથાઓ, 25 ઐતિહાસિક નવલકથાઓ, 17 દરિયાઈ નવલકથાઓ

✦ જાણીતી કૃતિઓ: 'ભસ્મકંકણ', 'પારસમણિ', 'એળે ગયો અવતાર', 'દરીયાને ખોળે', 'મીઠી વીરડી'.

✦ વિચરતી જાતિ વિશેની નવલકથાઓ:

| | |
|---|---|
| 1. લાડલી વણઝારી | 2. કમનીય કાંગસીવાળી |
| 3. દિલેર ડફેરા | 4. અલબેલી આકોડીયાણી |
| 5. કામણગારી કંજરી | 6. મતવાલી વાદણ |

**એવોર્ડ અને વિશેષ સિદ્ધિઓ :**

✦ જનતાનો પુરસ્કાર : એક વ્યક્તિને ફાંસીની સજા થઈ ત્યારે તેની અંતિમ ઈચ્છા પોતાના પ્રિય લેખક દેવશંકર મહેતા સાથે આખો દિવસ વિતાવવાની હતી. આ તેમના માટે સાહિત્ય જગતનો સર્વશ્રેષ્ઠ 'જનતા પુરસ્કાર' ગણાય છે.

✦ સાંસ્કૃતિક પ્રભાવ : પૂ. મોરારીબાપુ પણ તેમની વાર્તાઓને વ્યાસપીઠ પરથી અવારનવાર યાદ કરે છે.

✦ માર્ગદર્શન : ફિલ્મ અભિનેતા બલરાજ સહાનીથી માંડીને રશિયાના પ્રધાન ગોર્બાચોવ સુધીના તેમની પાસે ગ્રામ્ય પરિવેશ વિશે માર્ગદર્શન મેળવવા આવતા હતા.

**સંશોધન :**

તેમના દોહિત્ર ડૉ. જગદીશ ત્રિવેદીએ તેમની નવલકથાઓ પર પી.એચડી. કર્યું છે.





## ડૉ. રમણીકલાલ છગનલાલ મારૂ



**જન્મ : ૦૨ નવેમ્બર, ૧૯૩૭**

**સ્વર્ગવાસ : ૦૮ ડિસેમ્બર, ૧૯૨૨**

**જન્મ સ્થળ : વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

ગુજરાતી ભાષા સાહિત્ય, ચારણી-ડિંગળી સાહિત્ય, લોકસાહિત્ય અને સંતસાહિત્યના ઊંડેરા અભ્યાસી અને તેજસ્વી અધ્યાપક. ચારણ કવિ સાંયાજી ઝૂલા અને તેમના સાહિત્ય ઉપર પ્રા.પુષ્કર ચંદરવાકર ઉપર લોકસાહિત્યમાં Ph.D. કર્યું. મદદનીશ શિક્ષક, વ્યાખ્યાતા, પ્રોફેસર અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકેની કામગીરી કરી છે. Ph.D.ના માર્ગદર્શક, પ્રકાશપુંજ (માસિક)ના તંત્રી, જાગૃતિ (બાળ વિભાગ)ના સંપાદક, વિરાટ ભારત (સાપ્તાહિક)ના સંપાદક અને અનુભાવન (દ્વિમાસિક સાહિત્ય માસિક)ના સહતંત્રી તરીકે કામગીરી કરી છે.

**સાહિત્યસર્જન :**

છંદોવિમર્શ (1985), છંદો વિચાર (1987), છંદોની દુનિયામાં (1988), ડિંગળનું પિંગળ (1989), છંદમીમાંસા (1991), કાવ્યતત્ત્વપ્રકાશ, કવિજન કુંડળિયો (2001), ચારણી ભાષાનું પિંગળશાસ્ત્ર (2011) જેવાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે. સંતવાણી વિમર્શ-1 (2007), સંતવાણી વિમર્શ-2 (2009) અને 'ગિરા નદીને તીર'નું સંપાદન કરેલ છે. અવબોધ (1999), ભાવપ્રકાશ (2002) અને શબ્દ વિમર્શ (2006) પુસ્તકોના વિવેચન કરેલાં છે. માનવધર્મ (1987) અને મુક્તિના ચાર દ્વારપાળ (1996)ના અનુવાદ અને તેમનો ગઝલસંગ્રહ 'હું મને મળવા મથું' (1998) પ્રકાશિત થયેલ છે.

**પુરસ્કાર-સન્માન :**

✦ ચારણ સાહિત્ય ઉત્કર્ષ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા 1980માં સન્માન.

✦ અજમેર (રાજસ્થાન)ની ચારણ સાહિત્ય શોધ સંસ્થાન દ્વારા 1990માં સન્માન.

✦ ડૉ. આર.સી.મારૂ અમતૃ મહોત્સવ સમિતિ-ધ્રાંગધ્રા 'અમતૃ મહોત્સવ-2012' સન્માન.

## ભૂપતરાય ઠાકર 'ઉપાસક'



**જન્મ : ૧૩ જુલાઈ, ૧૯૪૩ • સ્વર્ગવાસ : ૨૪ મે, ૨૦૨૪**
**જન્મ સ્થળ : રાજસીતાપુર (સુરેન્દ્રનગર)**

**પરિચય :**

સાહિત્યકાર અને સંસ્કૃતિના ઉપાસક શ્રી ભૂપતરાય મોહનલાલ ઠાકર 'ઉપાસક'નો પરિચય નીચે મુજબ છે. ભૂપતરાય ઠાકરનો જન્મ 13 જુલાઈ, 1943 ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના રાજસીતાપુર ગામે થયો હતો. તેમનું વતન હળવદ છે. તેમણે ગુજરાત વિદ્યાપીઠમાંથી 1969માં બી.એ., બી.એડ્. (ગુજરાતી-હિન્દી)ની પદવી મેળવી હતી. આ ઉપરાંત તેમણે સંસ્કૃતમાં 'વિશારદ' અને હિન્દીમાં 'કોવિદ', 'સેવક' તથા 'વિનીત' જેવી ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી. તેઓ નવી શિક્ષણ નીતિના તજજ્ઞ તરીકે પણ જાણીતા છે.

**સાહિત્યિક પ્રદાન :**

તેમણે ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત સામયિકો જેવા કે 'પરબ', 'શબ્દસૃષ્ટિ', 'નવનીત સમર્પણ' અને મુખ્ય દૈનિકોમાં વિપુલ લેખન કર્યું છે. 'જય હિન્દ' દૈનિકમાં તેમની લોકપ્રિય કોલમ 'જીવનની સુખમય ક્ષણો' સાપ્તાહિક ધોરણે પ્રકાશિત થાય છે.

**મુખ્ય પુસ્તકો :**

તેમણે 21થી વધુ પુસ્તકો આપ્યા છે, જેમાં મુખ્ય છે:

- ✦ 'આલબમનાં પાના' (1985) - જેનું બ્રેઈલ લિપિમાં પણ રૂપાંતર થયું છે.
- ✦ 'અનુભૂતિની ઓળખ' (1987), 'લોક સંસ્કૃતિના લાડકવાયા' (1989).
- ✦ 'એક ખોબો આકાશ' (1999), 'સૌરાષ્ટ્રની સંપદા' (2004).
- ✦ 'ધ્રાંગધ્રાની નગરયાત્રા' અને 'જય દેવ' (2013).

**સાંસ્કૃતિક અને કલા પ્રદાન :**

તેઓ આકાશવાણી રાજકોટ અને દૂરદર્શન સાથે જોડાયેલા રહ્યા છે. રંગમંચ પર તેમણે 18 જેટલા એકાંકીઓમાં અભિનય કર્યો છે અને 14 જેટલા ભવાઈના પ્રયોગો દ્વારા 'રંગલા'નું બિરૂદ મેળવ્યું છે. તેઓ મહાત્મા ગાંધી અને ગઢવી જેવી હૂબહૂ પ્રતિકૃતિઓ રજૂ કરવા માટે પણ જાણીતા છે.

**સન્માન :**

તેમને કચ્છ-સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજ દ્વારા 'રજતચંદ્રક'થી સન્માનિત કરવામાં આવ્યા છે. વળી, દિલ્હી ખાતે માનવ સંસાધન વિકાસ મંત્રાલયમાં રાષ્ટ્રીય પ્રશાસનિક શબ્દાવલી પર કાર્ય કરવા માટે પણ તેમની પસંદગી થઈ હતી.





## લોકસાહિત્યકાર, વક્તા અને ડાયરાના સંચાલક મનુભાઈ ગઢવી

ગુજરાતના લોકસાહિત્યનું જાણીતું અને પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ એટલે મનુભાઈ ગઢવી. ધ્રાંગધ્રા તાલુકાના રાજસીતાપુરના તેઓ વતની હતાં. મનુભાઈ ગઢવી ગુજરાતના પરંપરાગત લોકસાહિત્ય, લોકકથાઓ અને હાસ્યરસના પ્રચાર-પ્રસાર માટે ખૂબ જ જાણીતા હતા. તેઓ એક ઉત્તમ વક્તા, ઓજસ્વી વક્તા અને પ્રેરણાદાયી વાર્તાકાર હતા. જેઓ પોતાની અંદાજ શૈલીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા હતા. તેમની લોકસાહિત્યની વાતો અને ઓડિયો આલ્બમ્સ જેમ કે 'લોકસાહિત્ય અને હાસ્યરસ' અને 'સાહિત્યની રસધારા' ખૂબ લોકપ્રિય છે. તેમની કલાનો આસ્વાદ Spotify પર લઈ શકો છો અથવા Gujarati ચેનલ પર તેમની પ્રેરણાદાયી વાર્તાઓ સાંભળી છો.

જીવનના ઉત્તરાર્ધમાં તેઓએ 'સોનાવાટકડી' પુસ્તક લખ્યું હતું. જે પુસ્તક તેઓએ રાજસીતાપુર ગામની એક દાંતણ વેચતી બાજુડી મહિલાને અર્પણ કર્યું હતું. તેઓ ડાયરાનું સંચાલન બખૂબ રીતે કરતાં. કલાકારોને રજૂ કરવાની શૈલી તેઓની અદ્‌ભુત હતી. લોકસાહિત્યકાર મનુભાઇ ગઢવીનું મુંબઇ જુહૂ ખાતે આવેલા પોતાના નિવાસસ્થાને બ્રેઈન હેમરેજના કારણે નિધન થયું હતું.

- **ફિલ્મ નિર્માતા સંજય મનુભાઈ ગઢવી**

સંજયભાઈ ગઢવીનો જન્મ ધ્રાંગધ્રા તાલુકાના રાજસીતાપુર ગામના વતની અને સાહિત્યકાર મનુભાઈ ગઢવીના ઘરે તારીખ 22 નવેમ્બર 1965ના રોજ મુંબઈમાં થયો હતો.

બોલિવૂડના એક જાણીતા ભારતીય ફિલ્મ દિગ્દર્શક (Director) અને લેખક હતા. તેઓ મુખ્યત્વે યશરાજ ફિલ્મ્સની સુપરહિટ એક્શન ફ્રેન્ચાઈઝી 'ધૂમ' (2004) અને 'ધૂમ-2' (2006)ના નિર્દેશન માટે દેશભરમાં લોકપ્રિય બન્યા હતા. ગઢવીની કારકિર્દીની શરૂઆત અનંત બલાની સાથે 'તું હી બતા' ફિલ્મમાં સહાયક તરીકે કામ કરવાથી થઈ હતી, જેમાં અર્જુન રામપાલ અને રવીના ટંડન મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મ ક્યારેય રિલીઝ થઈ ન હતી. તેમણે 'તેરે લિયે' (2000) ફિલ્મથી નિર્દેશક તરીકેની શરૂઆત કરી હતી, જેનું પ્રદર્શન નબળું રહ્યું હતું. યશરાજ ફિલ્મ્સ સાથેની તેમની પ્રથમ ફિલ્મ 'મેરે યાર કી શાદી હૈ' (2002) હતી. જેને મધ્યમ સફળતા મળી હતી. 2004માં એક્શન થ્રિલર ફિલ્મ 'ધૂમ'ના નિર્દેશનથી તેઓ સૌપ્રથમ ચર્ચામાં આવ્યા હતા અને ત્યારબાદ તેની સિક્વલ 'ધૂમ-2'નું નિર્દેશન કર્યું હતું. આ ફિલ્મોમાં અભિષેક બચ્ચન, ઉદય ચોપરા અને રિમી સેન મુખ્ય ભૂમિકામાં હતા, જ્યારે સિક્વલમાં હૃતિક રોશન, ઐશ્વર્યા રાય અને બિપાશા બસુ પણ કલાકારોની યાદીમાં જોડાયા હતા.

તેઓએ તેરે લિયે (2001), મેરે યાર કી શાદી હૈ (2002), ધૂમ (2004), ધૂમ-2 (2006), કિડનેપ (2008), અજબ ગજબ લવ (2012) તથા ઓપરેશન પરિંદે (2020) ફિલ્મ નિર્દર્શન કરેલ હતી. તેઓએ 'ધૂમ-2' (2006) માટે 2007ના સ્ટારડસ્ટ એવોર્ડ્સમાં 'હોટેસ્ટ યંગ ફિલ્મ મેકર'નો ખિતાબ જીત્યો હતો.

તેમના પિતા મનુભાઈ ગઢવી જાણીતા ગુજરાતી લોક કલાકાર હતા. જ્યારે પ્રખ્યાત ગઝલ ગાયક પંકજ ઉધાસ અને મનહર ઉધાસ તેમના મામા થતા હતા. 19 નવેમ્બર 2023ના રોજ 57 વર્ષની વયે હાર્ટએટેકના કારણે તેમનું મુંબઈમાં અવસાન થયું હતું.

## દીવાન માનસિંહજી...



પરમ શિવભક્ત રાણાશ્રી સુરજસિંહજીને ત્યાં માતા કૃષ્ણકુંવરબાની કુંખે સંવત 1934 શ્રાવણ સુદ 4 ના રોજ માનસિંહજીનો જન્મ થયો હતો. માનસિંહજીના પિતાએ રાજસાહેબની ભલામણ ધ્યાનમાં લઈને પ્રાથમિક કેળવણી કોંઢ માં પુરી કરાવ્યા બાદ અંગ્રેજીના અભ્યાસ માટે તેમણે ધ્રાંગધ્રામા 'એંગ્લો વર્નાકયુલર' સ્કૂલમાં દાખલ કર્યા અને ત્યાંનું શિક્ષણ પૂરું થયા બાદ વધારે અભ્યાસ માટે કાઠિયાવાડ હાઈસ્કૂલ-રાજકોટ મુકવામાં આવ્યા. જ્યાં તેમણે મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા સન 1898માં પ્રથમ વર્ગમાં પાસ કરી. યુવરાજ સાહેબનો રાજકોટ કોલેજનો 4 વર્ષનો અભ્યાસ પુરો થયા બાદ તેમને રાજસાહેબે વિશેષ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ મોકલ્યા ત્યારે પણ માનસિંહજી ટ્યુટર કંમ્પેનિયન તરીકે સાથે ગયેલ હતા. ઈંગ્લેન્ડમાં યુવરાજ સાહેબના ગાર્ડીયન તરીકે કાઠિયાવાડમાં પોલિટિકલ એજન્ટ તરીકે રહી ગયેલા સર ચાર્લ્સ ઓલીવન્ટને મુકરર કરેલ હતા. ઈંગ્લેન્ડથી ભારત આવ્યા પછી ઘનશ્યામસિંહજી ગાદીએ આવ્યા બાદ માનસિંહજીની કાર્યદક્ષતા અને કુશળતા જોઈને ધ્રાંગધ્રા રાજ્યના દીવાન તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આ અરસામાં જયપુરના મહારાજા સવાઈ માધવસિંહનું અવસાન થતા, તેમના પુત્ર સગીરવયના હોવાથી જયપુર રાજ્યના હિત માટે વહીવટ કરવા દીવાન માનસિંહજી નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારબાદ ધ્રાંગધ્રા મીઠા ઉદ્યોગના વિકાસ માટે શ્રી શકિત આલ્કલી વર્કસ યોજનાની મશીનરી ખરીદવા કારખાનું બાંધવા નિષ્ણાતો મેળવવા ધ્રાંગધ્રા મહારાજા સાહેબની સંમતિથી ઈંગ્લેન્ડ ગયા અને એશિયાનુ સૌપ્રથમ સોડાએસનું કારખાનું ધ્રાંગધ્રા ખાતે શરું કર્યું. આ ઉપરાંત દીવાન માનસિંહજી ભારતની આઝાદીના પ્રથમ હરોળના પ્રખર લડવૈયા શ્રી સરદારસિંહજી રાણાના પરિચયમાં હતા. સૌરાષ્ટ્રના લીંબડી પાસેના કંથારિયા ગામમાં સરદારસિંહજી રાણાની ગીરાસની જમીન હતી, એના ઉપર બ્રિટિશ સરકારે જપ્તી મુકી હતી તેથી ક્રાંતિકારી સરદારસિંહજી રાણાનું કુટુંબ મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું, ત્યારે દીવાન માનસિંહજી રાણાના પરિવારને મદદરૂપ થયા હતા. દીવાન માનસિંહજી 25 વર્ષ સુધી ધ્રાંગધ્રા રાજ્યની સેવા બજાવીને નિવૃત્ત થયા ત્યારે મહારાજા સાહેબ ઘનશ્યામસિંજીએ તેમણે કરેલ ધ્રાંગધ્રા રાજ્યની સેવા બદલ ગોરી (ઘનશ્યામપુર) ગામ એમને ઈનામમાં આપ્યું હતું. ધ્રાંગધ્રા રાજ્ય તથા ગામોમાં મંદિરોના જીર્ણોદ્ધાર કરાવેલ. તેઓ પશ્ચિમ ભારતના વિચક્ષણ રાજપુરૂષ તરીકે પ્રસિદ્ધિ પામીને વિક્રમ સંવત 1992ને શ્રાવણ વદ 5 ના રોજ અવસાન પામ્યા હતા.



॥ ધિંગી ધરા ઝાલાવાડ ॥ (ધ્રાંગધરા)

## મહારાણ શ્રી રાજ મહારાજશ્રી મયૂરધ્વજસિંહજી...

મહારાણા શ્રીરાજ મહારાજા ઝલ્લેશ્વર શ્રી મયૂરધ્વજસિંહજી ઘનશ્યામસિંહજી ઝાલા સંસ્થાન હળવદ-ધ્રાંગધ્રા સ્ટેટનો જન્મ તા. 3 માર્ચ ઇ.સ. 1923ના રોજ થયો હતો. 4 ફેબ્રુઆરી ઇ.સ. 1942ના રોજ તેઓ ધ્રાંગધ્રા રાજ્યની ગાદી ઉપર 19 વર્ષની યુવાન વયે બેઠા. તેઓએ ક્રિકેટ રમતને પ્રોત્સાહન આપ્યું. બ્રાહ્મણી નદી પર ડેમ બાંધી હરપાલસાગર સિંચાઈ યોજના શરૂ કરી. ધ્રાગધ્રામાં કાપડમિલની સ્થાપના કરી લોકોને રોજગાર આપ્યા. ગુજરાત અને સિંધ વચ્ચે બ્રોડગેજ લાઇન બાંધવાનું મહત્ત્વનું સર્વેક્ષણ કરાવ્યું. તેઓએ અસ્પૃશ્યતા પર પ્રતિબંધ, બાળલગ્ન નાબૂદીના કાયદા ઘડ્યા. ખેડૂતોની આર્થિક જરૂરિયાત પુરી પાડવા કૃષિમંડલની રચના કરી. રાજ્યમાં ફરજિયાત શિક્ષણનો કાયદો કર્યો.

તેઓ ઝાલાવાડના ધામા સ્થિત સુપ્રસિદ્ધ શ્રી શક્તિ મંદિરના પ્રણેતા હતા. ધામાનું ભવ્ય અતિથિભવન તેમની સ્મૃતિમાં છે. 26 માર્ચ 1948ના રોજ પોતાનું રાજ્ય સૌરાષ્ટ્ર સંઘમાં ભેળવી દીધું. બાદ ભારત સરકારમાં 26 માર્ચ 1948 થી 1952 સુધી સૌરાષ્ટ્રના ઉપરાજપ્રમુખ તરીકે રહ્યા. ક્યારેક કાર્યકારી રાજપ્રમુખ અને રાજ્યદળોના વડા રહ્યા. 1945-1947 દરમિયાન ચેમ્બર ઓફ પ્રિન્સેસ અને 1947-1948 દરમિયાન ભારતીય બંધારણ સભાના સ્થાયી સચિવ રહ્યા, 1950 દરમિયાન સૌરાષ્ટ્રના પ્રેસિડેન્ટ ઓફ પ્રિવિલેજીસ અને 1965-1968 દરમિયાન જોધપુર કાઉન્સિલ ઓફ રિજન્સીના પ્રમુખપદે, 1967 દરમિયાન સુરેન્દ્રનગરના ધારાસભ્ય,વિધાનસભામાં અને 1967-1971 દરમિયાન ઝાલાવાડ જિલ્લાના સાંસદ (લોકસભા) તરીકે રહ્યા. 1967-1971 દરમિયાન ભારત માટે ભારતીય રાજ્યોના શાસકોના પરામર્શ માટે પ્રમોટર અને ઇન્ટેન્ડન્ટ જનરલ રહ્યા. 1942-1948 દરમિયાન તાલુકદારી ગિરાસિયા કોલેજ-વઢવાણના આશ્રયદાતા અને 1949 દરમિયાન ભંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પેટ્રોન સભ્ય તરીકે રહ્યા.

પ્રમુખ તરીકે સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, 1966-2001 દરમિયાન રાજકોટની રાજકુમાર કોલેજ (રાજકોટ) ગવર્નિંગ બ્રિડ અને શ્રી રાજારામ એજ્યુકેશનલ ફાઉન્ડેશન, આજીવન સભ્ય તરીકે મિલફિલ્ડ સોસાયટી, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સ 1967, ઇન્ડિયન પાર્લામેન્ટરી ગ્રુપ 1967, કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન 1967, લિંગ્વિસ્ટિક સોસાયટી ઓફ ઇન્ડિયા, ન્યુમિસ્મેટિક સોસાયટી ઓફ ઇન્ડિયા, હેરાલ્ડ્રી સોસાયટી, વર્લ્ડ વાઇલ્ડલાઇફ ફંડ, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ ધ યુનાઇટેડ વર્લ્ડ કોલેજીસ, ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડિયા (બોમ્બે) તથા એફઆરએએસ, એફઆરએઆઈ, એસોસિએશન રોયલ હિસ્ટોરિકલ સોસાયટી વગેરે સાથે જોડાયેલા રહી પોતાની અણમોલ સેવાઓ આપી હતી

પોતાના રાજ્યકાળમાં ઇતિહાસ સંશોધન માટે ધ સ્ટેટ રિસર્ચ બ્રાન્ચ ઊભી કરી ઝાલાવાડના ગામોનો શાસ્ત્રીય ઢબે સંશોધન, દસ્તાવેજીકરણ કરાવ્યું હતું. જે અંગે પોતે પુસ્તકો પણ પ્રકાશિત કર્યા હતા. પોતે બંને હાથે એકજ સમયે જુદી ભાષાઓમાં લખી શકવાની મેઘાવી શક્તિ ધરાવતા હતા. આવા ગુણિયલ રાજવી 1 ઓગસ્ટ ઇ.સ. 2010ના રોજ દેવલોક પામ્યા. તેઓની સ્મૃતિદેરી ફલકું નદીના પટમાં એમની સાદગીની યાદ અપાવતી આજેપણ ઊભી છે.

## શ્રી પ્રહલાદસિંહ 'ગિરનારીબાપુ'



આપણા સમાજમાં સંસ્કૃતિની ઓળખ અને જાળવણી બાબતે અત્યારે સ્પષ્ટ રીતે બે વર્ગો પડી ચૂક્યા છે. એક વર્ગ સંસ્કૃતિની જાળવણી માટે સતત બૂમો પાડતો રહે છે અને સૂત્રો પોકારતો રહે છે. જ્યારે બીજો વર્ગ મૂકસેવક બનીને સંસ્કૃતિની સાચી જાળવણી માટે સતત કાર્યરત રહે છે.

એવા જ સાચા અર્થમાં સંસ્કૃતિના વાહકનો જન્મ આજથી 93 વર્ષ પહેલાં ધ્રાંગધ્રા તાલુકાના કોંઢ ગામે પ્રહલાદસિંહનો જન્મ મુળુભા માલુભા ઝાલાને ત્યાં માતા જીકુંવરબાની કુખે થયો હતો. પ્રહલાદસિંહના પિતા મુળુભા હયાત હતા ત્યારે તેમમે દીકરાને વાત કરેલી. દીકરા જીવનમાં એવું કામ કરજે કે જેથી લોકો યાદ કરે.

તેઓ શ્રી શક્તિ આલ્કલી વર્કસ (DCW)માં કરતા ત્યારે પોરબંદરનો યુવાન ધ્રાંગધ્રા મજૂરી કામ માટે આવેલો. તેના માથા પર ચેનકપ્પો પડવાથી મૃત્યુ પામ્યો હતો. પ્રહલાદસિંહ તથા અન્ય મિત્રોના સહયોગથી મૃતદેહને અગ્નિ સંસ્કાર આપવા લઈ ગયા. આવા લોકોને ઉપયોગી ન થઈએ તો કોને થઈએ. આ જીવનમાં મારા માટે માનવ ધર્મ જ મહત્ત્વનો છે, એ ઉમદા વિચારથી 20-9-1980 માં મંડળ શરૂ કર્યું. જેનું નામ આપવામાં આવ્યું 'જય ગિરનારી સેવા મિત્ર મંડળ-ધ્રાંગધ્રા.'

આ મંડળના નિઃશ્વાર્થ સેવાના કાર્યને જોઈને DCWના કર્મચારીઓએ શબવાહિની ભેટ આપી. જેથી બીનવારસી મૃતદેહોને સરળતાથી લઈ જઈ શકાય. ધ્રાંગધ્રાના શ્રી જડેશ્વર મહાદેવના મંદિરમાં બીનવારસી મૃત્માત્માઓની શાંતિ માટે પ્રહલાદસિંહ બાપુએ લઘુરૂદ્ર યજ્ઞ પણ કરાવેલો. અત્યાર સુધીમાં આ મંડળ દ્વારા 500 થી વધુ બીનવારસી મૃતદેહોની અંતિમવિધિ કરાવેલ છે. આ સત્કાર્ય બદલ પ્રહલાદસિંહ ઝાલા (ગિરનારીબાપુ)ને અલગ અલગ સંસ્થાઓ દ્વારા સન્માનિત પણ કરવામાં આવ્યા છે. આજે આ મંડળમાં બાવન હિન્દુ તથા નવ મુસ્લિમ સભ્યો છે, જે આજેપણ આ સેવાકિય કાર્ય કરી રહ્યા છે.

આમ પ્રહલાદસિંહ ઝાલા (ગિરનારીબાપુ)ના ઉપનામ સાથે સતત 45 વર્ષ સુધી બીનવારસી લાશોની અંતિમવિધિ કરતા કરતા 93 વર્ષની વયે તા. 26-5-2025ના રોજ અવસાન પામ્યા હતા.





## ધ્રાંગધ્રા તાલુકાની સરકારી શાળાઓ...

ધ્રાંગધ્રા તાલુકાના સ્થાનિક ઈતિહાસ અને શૈક્ષણિક વિકાસમાં અહીંની સરકારી શાળાઓનો ફાળો અત્યંત મહત્ત્વનો રહ્યો છે. આ શાળાઓ માત્ર શિક્ષણના મંદિરો જ નહીં પરંતુ અનેક પેઢીઓના ઘડતરનું સાક્ષી બનેલા ઐતિહાસિક સ્મારકો સમાન છે. હાલ 2026ના વર્ષમાં તાલુકાની શૈક્ષણિક સંસ્થાઓની માહિતી નીચે મુજબ છે.

**શાળાઓની વિગત :**

| ક્રમ | શાળાઓની વિગત (પ્રકાર) | ધોરણ | શાળાઓની સંખ્યા |
|---|---|---|---|
| 1 | સરકારી પ્રાથમિક શાળા | (ધો.1 થી 5) | 22 |
| 2 | સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળા | (ધો.6 થી 8) | 6 |
| 3 | સરકારી પ્રાથમિક શાળા | (ધો.1 થી 8) | 81 |
| 4 | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા | (ધો.1 થી 8) | 1 |
| 5 | સરકારી માધ્યમિક શાળા | | 13 |
| 6 | ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ | | 19 |

**વિશિષ્ટ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ :**

| | | | |
|---|---|---|---|
| 1 | આશ્રમ શાળા ( ધો.1 થી 8 ) | 1 | વીરેન્દ્રગઢ ગામે |
| 2 | આદર્શ નિવાસી માધ્યમિક શાળા | 1 | કુડા રોડ,ધ્રાંગધ્રા |
| 3 | મોડેલ સ્કૂલ ધ્રાંગધ્રા (ધો.9 થી 12) | 1 | સોલડી ગામે |
| 4 | કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) | 2 | ખાંભડા અને સોલડી ગામે |
| 5 | જવાહર નવોદય વિદ્યાલય (ધો.6 થી 12) | 1 | ઇસદ્રા રોડ, હરીપર |
| 6 | કેન્દ્રીય વિદ્યાલય (KV ) | 1 | આર્મી કેમ્પસમાં |
| 7. | જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ, સંસ્કારધામ ગુરૂકુળ, | | ધ્રાંગધ્રા |

આમ, ધ્રાંગધ્રા તાલુકાની શાળાઓને ગ્રામ્ય અને શહેરી કક્ષાએ જ્ઞાનનો અખંડ દીપો પ્રગટાવીને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કર્યું છે. આ ઉપરાંત સમગ્ર તાલુકામાં 38 ખાનગી શાળાઓ પણ કાર્યરત છે. ઉચ્ચ અભ્યાસ અર્થે ધ્રાંગધ્રા તાલુકામાં S.S.P. જૈન કોલેજ, ધાંગધ્રા ખાતે આવેલી છે.

હાલની શૈક્ષણિક સ્થિતિને મજબૂત બનાવવા પાછળ ઇતિહાસની જૂની શાળાઓનો અમુલ્ય ફાળો રહેલો છે. જેની સ્થાપના દેશની આઝાદી પૂર્વે થયેલી શાળાઓ પણ તાલુકામાં હાલ કાર્યરત છે. જેમાં શહેરી વિસ્તારમાં 3 પ્રાથમિક શાળા અને 1 હાઈસ્કૂલ કાર્યરત છે. ધ્રાંગધ્રા તાલુકાના જુદા જુદા 14 ગામોમાં પ્રાથમિક શાળાઓ શતાબ્દીથી પોતાની જ્ઞાનગંગા અવિરત વહાવે છે, જેનાથી બાલદેવોનો શૈક્ષણિક વિકાસ થઇ રહ્યો છે.

- **ધ્રાંગધ્રા તાલુકાની શતાબ્દી શાળાઓ :**

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | શાળા સ્થાપના વર્ષ | શાળાને થયેલ વર્ષ |
|---|---|---|---|---|
| 1. | ધ્રાંગધ્રા | શ્રી પ્રાથમિક શાળા નં 1 | 1855 | 171 |
| 2. | કંકાવટી | શ્રી કંકાવટી પ્રા.શાળા | 1856 | 170 |
| 3. | રાજસીતાપુર | શ્રી રાજસીતાપુર પે સેન્ટર શાળા | 1866 | 160 |
| 4. | મેથાણ | શ્રી પે સેન્ટર શાળા, મેથાણ | 1869 | 157 |
| 5. | ધ્રાંગધ્રા | શ્રી પે સેન્ટર શાળા નં. 2, ધ્રાંગધ્રા | 1869 | 157 |
| 6. | ધ્રાંગધ્રા | શ્રી પ્રાથમિક શાળા નં 4, ધ્રાંગધ્રા | 1869 | 157 |
| 7. | ધ્રુમઠ | શ્રી પ્રાથમિક શાળા, ધ્રુમઠ | 1870 | 156 |
| 8. | કોંઢ | શ્રી પે સેન્ટર કુમાર શાળા, કોંઢ | 1870 | 156 |
| 9. | ગુજરવદી | શ્રી પ્રાથમિક શાળા, ગુજરવદી | 1878 | 148 |
| 10. | રાજસીતાપુર | શ્રી રાજસીતાપુર કન્યા પ્રાથમિક શાળા | 1880 | 146 |
| 11. | કુડા | શ્રી પે સેન્ટર શાળા, કુડા | 1880 | 146 |
| 12. | એંજાર | શ્રી પ્રાથમિક શાળા, એંજાર | 1881 | 145 |
| 13. | થળા | શ્રી પ્રાથમિક શાળા, થળા | 1888 | 138 |
| 14. | ધ્રાંગધ્રા | શ્રી સર અજિતસિંહજી હાઈસ્કૂલ | 1905 | 121 |
| 15. | સરવાળ | શ્રી પ્રાથમિક શાળા, સરવાળ | 1908 | 118 |
| 16. | ગાળા | શ્રી પ્રાથમિક શાળા નં 1, ગાળા | 1908 | 118 |
| 17. | દેવચરાડી | શ્રી પ્રાથમિક શાળા, દેવચરાડી | 1908 | 118 |
| 18. | જીવા | શ્રી પ્રાથમિક શાળા, જીવા | 1911 | 115 |
| 19. | રામગઢ | શ્રી પ્રાથમિક શાળા, રામગઢ | 1915 | 111 |
| 20. | જુના ઘ.ગઢ | શ્રી પ્રાથમિક શાળા, જુના ઘનશ્યામગઢ | 1917 | 109 |





## એક પરિચય... મુખપૃષ્ઠ – મલપૃષ્ઠ

પ્રથમ પટમાં જે સાત શિલ્પો મૂકવામાં આવેલ છે તે ક્રમશઃ નીચે મુજબ છે.

1. કંકાવટી સબળેશ્વર મહાદેવના મંદિરમાં કંડારેલ વીરાંગના – સ્ત્રીશક્તિનું પ્રતીક
2. કાંટિયાવરણ જેમ કે ક્ષત્રિય, પટેલ, આહિર વિગેરેના પાળિયાઓનું પ્રતીક છે.
3. પંજો – સતીના પાળિયાનું પ્રતીક.
4. બ્રાહ્મણ, ભાટ, ચારણ સત્યાગ્રહરૂપે ત્રાગું કરતા તેનું પ્રતીક.
5. ભરવાડ સમાજના પાળિયાનું પ્રતીક.
6. અનુસૂચિત જાતિ, દલવાડી, વાળંદ, મોચી, સુથાર, લુહાર, સોની વિગેરે સમાજના પાળિયાનું પ્રતીક.
7. કંકાવટી સબળેશ્વર મહાદેવના મંદિરમાં કંડારેલ બે વીરાંગનાઓનું શિલ્પ. જે શૌર્ય અને ભક્તિનો સમન્વય સૂચવે છે.

બીજા પટમાં ।। ઝાલાવાડ ।। શબ્દ ધ્રાંગધરાથી સુરેન્દ્રનગર તરફ જતા માર્ગનું નામકરણ મહારાણા શ્રીરાજ મેઘરાજજી-3 એ ઝાલાવાડ પ્રાંત માર્ગ કરેલ તેના અક્ષરોમાંથી લેવામાં આવેલ છે.

ત્રીજા પટમાં જે દરવાજો છે તે દિલ્હી દરવાજો છે. જે કલાત્મક અને શહેરની આન-બાન-શાન છે. જેમાં ઉપરની બાજુએ વચ્ચેના ઝરૂખામાં માઁ ચામુંડાનું મહિષાસુરમર્દિની સ્વરૂપ છે. જે ઝાલાવાડના મોટાભાગના સમાજના કુળદેવી છે. ડાબી બાજુના ઝરૂખામાં નારીચાણિયા હનુમાનજીની પ્રતીમા છે અને જમણી બાજુના ઝરૂખામાં ખાંભડિયા નાગદેવ બિરાજમાન છે. દરવાજાની અંદર ઝાલાવાડના આદ્યસ્થાપક શ્રી હરપાલદેવ મખવાનની મૂર્તિ બિરાજમાન છે. મૂર્તિની પાછળના ભાગે ધ્રાંગધરાનું શક્તિ મંદિર છે. દરવાજાના કલાત્મક સ્થંભમાં ડાબી બાજુ મહારાણશ્રી માનસિંહજી-2 તથા જમણી બાજુ સંતશ્રી સવૈયાનાથજીનું ચિત્ર મૂકવામાં આવેલ છે. દરવાજાની જમણી બાજુએ મહેરાબનું શિલ્પ દશ્યમાન થાય છે.

ચોથા પટમાં જે સાત ફોટોગ્રાફસ મૂકવામાં આવેલ છે તે પૈકી ડાબી બાજુથી કંકાવટીની માત્રી વાવ, જેગડવાની રાણશ્રી રણવીરજીના પટરાણી બાઈશ્રી રમાદેની વાવ, હામપરની વાવ, કંકાવટીનું પ્રવેશદ્વાર, રાજમાતા સદાબાની વાવ (નાગાજીબાવાની વાવ), શકતિયો કૂવો અને ચંદ્રાસરનું કલાત્મક તળાવ.

**મલપૃષ્ઠ :**

મલપૃષ્ઠમાં નવ ફોટોગ્રાફ છે. જેમાં ડાબી બાજુએ શ્રી કોંઢેશ્વર મહાદેવ મંદિર, તેની બાજુમાં શ્રી તારંગા ધામ, તેની નીચે ભારતીય સૈન્યએ જીતેલી પાકિસ્તાની ટેન્ક, તેની બાજુમાં આર્મી કેમ્પનું સ્ટેચ્યુ મૂકવામાં આવેલ છે. ટેન્કની નીચે ડી.સી.ડબલ્યુ કંપનીનો ફોટો તથા તેની બાજુમાં જવાહર નવોદય વિદ્યાલયનો પ્રવેશદ્વાર મુકવામાં આવેલ છે. ડી.સી.ડબલ્યુની નીચે ધ્રાંગધરાના પથ્થરની કલાકૃતિઓ મૂકવામાં આવેલ છે.

સૌથી નીચે મહારાણશ્રી અજીતસિંહજી દ્વારા બાંધવામાં આવેલ રાજમહેલ 'અજીતવિલાસ પેલેસ'નો ફોટો મૂકવામાં આવેલ છે.

**માહિતી સ્ત્રોત : –**

- ✦ આપણો જિલ્લો સુરેન્દ્રનગર, ડાયેટ–સુરેન્દ્રનગર
- ✦ ધન્ય ધરા ઝાલાવાડ, ડાયેટ–સુરેન્દ્રનગર
- ✦ સુરેન્દ્રનગર જિલ્લાનો કેળવણીનો ઇતિહાસ, ડાયેટ–સુરેન્દ્રનગર
- ✦ શ્રી રાજધામ, ધ્રાંગધ્રા
- ✦ ગુજરાતી વિશ્વકોશ
- ✦ સૌરાષ્ટ્રનો ઇતિહાસ, શંભુપ્રસાદ ર. દેસાઈ
- ✦ સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ, ડૉ. ઇન્દ્રવદન નટવરલાલ આચાર્ય
- ✦ ઝાલાવાડના અભિલેખો, ગોપાલભાઈ બારોટ
- ✦ ધ્રાંગધ્રાના ધર્મધામ – લેખક : શ્રી સૂર્યકાન્ત સી. દવે (2016)
- ✦ ઝાલા વંશના આદ્ય બારોટ માનસિંહ હરિસિંહની પ્રાચીન વહીની હસ્તપ્રતોમાંથી
- ✦ બારોટશ્રી કનુભાઈ પરસોત્તમભાઈ–અમદાવાદ, બારોટશ્રી હર્ષદભાઈ છનાભાઈ–વીસનગર, બારોટશ્રી હર્ષદભાઈ નટવરભાઈ–સિદ્ધપુર
- ✦ સંસ્થાન હળવદ ધાંગધ્રાના 47 માં જલ્લેશ્વર મહારાણ શ્રીરાજ જયસિંહ સંસ્થાન હળવદ
- ✦ ધાંગધ્રાના 47માં જલ્લેશ્વર મહારાણા શ્રીરાજ જયસિંહજીના પ્રતિનિધિ સંજયસિંહ (અનિંદ્રા) એ કરેલા સંશોધન મુજબ
- ✦ જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષાની પુસ્તિકા, વર્ષ 2026–27
- ✦ નવોદય અભિલાષા, વર્ષ 2025–2026
- ✦ ધ્રાંગધ્રા નગરયાત્રા – ભૂપતરાય ઠાકર
- ✦ દિવ્ય મંદિર મારા દેવનાં રે – જોરાવરસિંહ જાદવ
- ✦ સંસ્કારધામ પરિચય
- ✦ પંચદર્શનમ (ભાગવત ધામ)
- ✦ કાઠીયાવાડ સર્વસંગ્રહ – ડૉ. પ્રદ્યુમન બી. ખાચર
- ✦ સાધુ નિર્ગુણસ્વરૂપદાસજી (સંસ્કારધામ – ધ્રાંગધ્રા) સાથે મુલાકાત
- ✦ સાધુ દિવ્યદર્શન સ્વામીજી (ભગવતધામ – ધ્રાંગધ્રા) સાથે મુલાકાત
- ✦ સંજયભાઈ હર્ષદભાઈ સોમાણી (ત્રિમંદિર – ધ્રાંગધ્રા) સાથે મુલાકાત
- ✦ દિવ્ય ભાસ્કર
- ✦ સંદેશ
- ✦ જનયુગ





**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા આયોજિત 'પલાશ' વિશેષાંક અંતર્ગત ''ધિંગી ધરા ઝાલાવાડ'' (ધ્રાંગધ્રા) સાહિત્યનિર્માણ કાર્યશિબિર**

**સ્થાનઃ શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુળ, ધ્રાંગધ્રા (તારીખઃ 12મી સપ્ટેમ્બર 2026)**

## ધીંગી ધરા ઝાલાવાડ(ધ્રાંગધ્રા) વિશેષાંક માટે બેઠક યોજાઈ




સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા પલાશ વિશેષાંક તૈયાર કરાય છે. જેમાં આગામી અંક ધીંગી ધરા ઝાલાવાડ(ધ્રાંગધ્રા)ના સાહીત્ય નીર્માણ માટેની કાર્યશીબીર સ્વામીનારાયણ સંસ્કારધામ, ધ્રાંગધ્રાખાતે યોજાઈ હતી. જેમાં ડાયેટના પ્રાચાર્ય ડો. સી.ટી.ટુંડીયા, સ્વામી નીર્ગુંણદાસજી, લોક સાહીત્યકાર ગોપાલભાઈ બારોટ, બીઆરસી જીજ્ઞેશભાઈ પટેલ, ઈતીહાસવિદ્ સંજયસિંહ ઝાલા સહિતનાઓ ઉપસ્થીત રહ્યા હતા. આ અંકમાં રાજાશાહીનો ઈતીહાસ, રક્ષીત સ્મારકો, દર્શનીય સ્થાનો, આર્મ કેમ્પ, ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ, જવાહર નવોદય વિદ્યાલય, વન્યજીવન સૃષ્ટી, ઘુડખર અભિયારણ્ય વિશેની બાબતોનો સમાવેશ કરાશે. સમગ્ર ટીમ દ્વારા ધ્રાંગધ્રાના અજીતવીલાસ પેલેસની મુલાકાત કરાઈ હતી. આ અંક ધ્રાંગધ્રા તાલુકાની તમામ પ્રાથમીક શાળાઓમાં અપાશે. જે ધો. ૬ થી ૮ના બાળકોને સામાજીક વિજ્ઞાન વિષયના પુરક સાહીત્ય તરીકે ભણાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પલાશના માધ્યમથી અગાઉ વઢવાણ તાલુકા માટે વઢવાણની પરક્કમા, ચોટીલા, થાન, મુળી અને સાયલા માટે પડ જુઓ પાંચાળ, લીંબડી-ચુડા માટે નળ નદી ને ભાલ, લખતર માટે મોતીસર અને દસાડા માટે ખારો-પાટ મીઠાસનો મલક અંક પ્રગટ થઈ ચૂકયા છે.

## ડાયેટ સુરેન્દ્રનગર દ્વારા "ધિંગી ધરા ઝાલાવાડ" (ધ્રાંગધ્રા) લેખન કાર્યશિબિર



જનયુગ દૈનિક, સુરેન્દ્રનગર:- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર દ્વારા ડાયેટ-સુરેન્દ્રનગરનું મુખપત્ર 'પલાશ'ના માધ્યમથી NEP ૨૦૨૦ અંતર્ગત સેક્શન-જમાં સૂચિત કરવામાં આવેલ ભલામણો અન્વયે સાહિત્યનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં વઢવાણની પરકમ્મા (વઢવાણ), પડ જુઓ પાંચાળ (ભાગ-૧ ચોટીલા અને થાનગઢ), પડ જુઓ પાંચાળ (ભાગ-૨ મૂળી), પડ જુઓ પાંચાળ (ભાગ-૩ સાયલા), નળ નદી ને ભાલ (લીંબડી-ચુડા), ખારો-પાટ મીઠા'શનો મલક દસાડા (પાટડી),



મોતીસર (લખતર) પ્રગટ કરવામાં આવી રહ્યાં છે. જે શૃંખલામાં ધ્રાંગધ્રા તાલુકાના ''ધિંગી ધરા ઝાલાવાડ'' પુસ્તક લેખન માટે કાર્યશિબિર શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ, ધ્રાંગધ્રા સ્થળે યોજવામાં આવી હતી.જેમાં ધ્રાંગધ્રા તાલુકાના સ્ટેટનો ઇતિહાસ, ધ્રાંગ...ધરા દર્શન, રક્ષિત સ્મારકો, દર્શનીય સ્થાનો, Army Camp, DCW, પ્રાકૃતિક સ્થાનો, ચિંકારા અભ્યારણ્ય, JNV, વ્યક્તિ વિશેષ, સ્વાતંત્ર્યસેનાની, શતાબ્દી શાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વન્યજીવનસૃષ્ટિ, ખેતી અને રણની વિશેષતાઓ તથા સ્ટોન આર્ટિકલ પાર્ક ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ (SAPT) જેવી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવનાર છે.

આ લેખન કાર્યશિબિરમાં ડાયેટના પ્રાચાર્ય ડૉ.સી.ટી.ટૂંડિયા, સ્વામી નિર્ગુણદાસજી, લોકસાહિત્યકાર ગોપાલભાઈ બારોટ, બીઆરસી જીજ્ઞેશ પટેલ, ઇતિહાસવિદ્ સંજયસિંહ ઝાલા તથા ધ્રાંગધ્રા તાલુકાના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ દિવસે સમગ્ર સંપાદક ટીમ દ્વારા ધ્રાંગધ્રા રાજમહેલ ''શ્રી અજિત નિવાસ પેલેસ''ની મુલાકાત કરવામાં આવી હતી. જ્યાં શ્રી સંજયસિંહ ઝાલા દ્વારા અદકેરું સ્વાગત કરવામાં આવ્યું.